નવ આવે ઘેર, પરીવાર કેહે કરો એ પેર; સમશાન લલીતાએ, અગ્નિદાધ એને દીજીએ; હો કહે રાંકને આવ્યું ધન, તો કયમ જીવે એનો તન; રતન રાંકને છાજે સાચુ ન કોહેતો મારા સમ, કો કહે એતો ભોળો બ્રહ્મ; કો કહે એનાં કુડાં કરમ, રાજા ના આપત એવડું ધન, તો એતો નવ મરતો તન. જો ભુવન નાવત ભુપાળ, તો જીવત બ્રાહ્મણને બાળ; તેડયો રાય બ્રાહ્મણ હારીયો, વિક્રમે વિપ્ર મારીયો;એહ બાપડો બ્રાહ્મણ રાંક;એવડો વિક્રમનો છે વાંક; ઉંડળમાં કયમ આવે આમ, વેળુમાં કયમ ચાલે નામ અગ્નિમાં કેમ ભાથ ભરાય; સાગરને કયમ નરથી તરાય. મેરૂ માંથે કયમ ઉપાડે, અપગો કયમ આકાશે ચડે,અહિ કયમ લેવાએમણી એ અલખત પામ્યો અતી ઘણી;રાંક હાથ રતન કેમ રહે,કુડા લોક તે કુડુ કહે;હાલે જીભ તે પીંપળ પાન, તે રાજા સાંભળે છે કાન.એ અકરમી બ્રાહ્મણ આપ,બ્રહ્મહત્યા રાજાને થાપ, એમ બોલના વાગે બાણ,છાંના છાંની વદે છે વાણ. કો કહે એ સતવાદી ભુપ, રામચંદ્ર સરીખુ રૂપ; એતો હત્યા આપે આપિ, પાપી બ્રાહ્મણ કેરૂ પાપ; શું મુખ લેઇ રાજા ઘેર જશે, કો કહે કાંઈ અનરથ થશે; બહુ મુખે વાતો સાંભળી પુર્પંત રહયો પરજળી; શોક મનથી છોડીયો, સબ કોઇએ બાંધવા માંડીયો. વિક્રમશેને વીચારયું મન, તજ્યું આપ નિંદ્રા જળ અન્ન; ધીક્ક ધીક્ક એ મહારો અવતાર, ધીક્ક ધીક્ક સુત ભંડાર. ધીક્ક ધીક્ક જીવિત ધીક્ક એ રાજ, હવે પ્રાણ રાખું કુણ કાજ; પરદુઃખભંજન નામજ ગયું હવે મુજ દઈવિત શું રહયું, બાળકને સજીવન કરૂ નહીતર હું સાથે મરૂ; હીમત ન મુકુ ઘાલું હાણ, ઇશ્વર કરે જો મારૂ કામ;રાજાએ જોડયા બે હાથ; બોલ્યો તેના સજ્જન સાથ.પુત્ર સુંપો મને રૂડી પેર,સુખે બેસો તમારે ઘેર વચન પ્રમાણ માહરૂ કીજીએ, હું કહું તે કરવા દીજીએ; કોઇ બોલ્યો રૂડો રૂખી.મહારાજ કાં થાઓ દુઃખી;તે તો આપી રૂડી જાગ, અમ અપરાધિનું અભાગ્ય; તેં તો વાળ્યો આડો આંક. કરમ અમારા કેરો વાંક, મહારાજા મોહોટા દાતાર એમ લખ્યુ કરમે કીરતાર; તમે જાઓ ઉજેણી દેશ કાં દુઃખ પામો છો નરેશ. રાજા દુખ કરો એ તાજ, રામવત ચલાવો રાજ હવે અમો રહીશું નહીં બાહાર; પ્રાણ તજીશું નરને નાર સાચો પુત્ર તણો છે શોક, બીજુ મેહેણુ દે છે લોક, ધારણ આપી ધીર, બોલ્યો રાજા વિક્રમવીર, તમો મનના તજો ઉચાટ, વરશ એકની જુવો વાટ; પેટ ચીરી કસ્તુરી ભરી મલરવજીત શુભ કીયા કરી કાષ્ઠ પેટીમાં રૂની જાળ તેમાં તે પોઢાડયો બાળ; દીધું તાળું જતને કરી, ઉપર મોહોર પોતાનિ ધરી,એક સહસ્ત્ર મુકયા રખવાળ, સાચવજો પેટી એ બાળ, એક વરશમાં ન આવું અમો, ત્યારે પેટીછોડજો તમો; પછે હોય જે કુળનો ધર્મ; તમો તમારૂ કરજો કર્મ. પોતાના પંડીત પ્રધાન, ઘેર વળાવ્યા દેઈ માન; રાજ ચલાવજો રામજ તણું, પ્રજા સુખ

પામે જેમ ઘણું; એક વરશે અમે આવશું મંત્ર સજીવનનો લાવશું, આસોપાલવ જુગતે ઝાડ, પેટી બાંધી તેહની ડાળ; વળાવ્યા સહોદર સર્વ,તે વાતે મનથીમેલ્યો ગર્વ.સદાવ્રતનું કરયું ત્યાં કામ, બાંધી ધજા તે ઠામ દોહરા—જીવાડુ જાચોતાહરો, મુર્છા છે એની દેહ, સજીવન થાશે સવછરે જેમ દુધે વુઠે મેહ હરશીધી પ્રતાપથી થાસે પુરણ કામ;મહાકાળેશ્વર મહાદેવજી કરશે રૂડા કામ.ચોપાઇ—રાજા પુર્વપંથે જાય, જ્યાં છે જાંહાંનવી ગંગાય; તરણ તારણ ત્રીલોકજ તણી.ત્યાં ચાલ્યોઉજેણી ધણી. કામ થસે તો દુધે મેહ, નહીતર ત્યાં જઈ પાડુ દેહ. સદગતી મુક્તી મારગ સુખ, ના કહેવી પડશે નહી મુખ; એમ કહી ચાલ્યો રાજન, હઇડે હરશીધ કેરૂ ધ્યાન; ફરતે ફરતે દીન બહુ થયા, અંધાર વનમાં રાજા ગયા, ઉષ્ણકાળ અગનીની ઝાળ થાય ખરા મધ્યાનજ કાળ; અણવણુ પાગ તરપાતુર નીર; કોમળ કાયાશુદ્ધ શરીર. એક વડ મોટા ગંભીર, ત્યાંહાં જઇ બેઠો વીકરમવીર; તે વડ હેઠળ મોટા રાફ; ત્યાંથી નીહળ્યો મણીધર સાપ;તે રાજાએ દીઠો દ્રષ્ટ, ત્યારે મનમાં પામ્યો કષ્ટ; આ વીખધર ડસે તેન આપ, પરકે પ્રાણ ન જાય પાપ. એમ કહી ચાલ્યો જેટલે,કઉતક એક થયું તેટલે; તેહ સર્પ ન વાચા થઈ, વીકરમ આગળ વાણી કહી;ભાઇપંથી તું ઉભો રહે, સુખ દુખ કેરી વાતો કહે, ઇશ્વર આણુ ડસુ નહી અમો, સુખે પાસ બેસોજી તમો; દુઃખની વાત કહેવા આવીયો, ત્યારે તું પંથે ચાલીયો.મેંતો કપરા ખાધા સમ, માહારી પાસે ન બેશો કયમ,સુણ્યું વચન તે સર્પજ તણું રાજા અચરત પામ્યો ઘણું; દુખ સાંભળીને ઉભો રહયો, એક બોલ અધિપતે કહયો. કેહેરે ભાઈ તાહારે શું દુખ, ઇશ્વર તાહારી ભાગે ભુખ; શું તાહારે દળીદ્ર ઘણું,પલ્લુકરવું પુત્રજ તણું;શાસરવાસ્તા કરવા દીકરી,કે લીધું કોણે ધન હરી. કે ડુબ્યાંતાહરાં વહાણ, કે દેશપતી માગે છે દાણ; કે માથે લેવી છે મોટ, કે વેહેપારમાં આવીખોટ ઉતાવળો થઈ દુખ કહે મને; જગત માત સુખ કરસે તુને, કહે નાગ મારાકરમના ભોગ, મહારા દેહમાં પ્રગટ્યો રોગ અગ્નિ ઝાળ ઉઠે છે અંગ, રહેવું ન ગમે, કોને સંગ, લક્ષ વીછીની વેદના જેમ; રાત દીવસ અગ્નિ છે તેમ; મહા રોગ પ્રગટ્યો છે આપ; પુર્વ જન્મનાં પ્રગટ્યાં પાપ. પાપે રોગ પેદા થાય છે,પુન્યે સઘળાં દુખજાય છે, તેહ તાહારી હું ભાગું ભ્રાંત, એક ઘડી બેસો એકાંત, દાવાનળ સરખું છે દુખ મારે સુજનેકર તું સુખ વડા માણસ દીસે વિવેક. તુજને પ્રશ્ન પુછું છું એક, દુખ ભંજન છે સાહસ ધીર, કાને સાંભળ્યું વિકરમવીર, ઉજેણી નગરીનું રાજ નીત પ્રતે કરે છે કાજ; કહે તે સાચું છે કે જુઠ,બેસ ગમે તો કે ઉઠ, એહ સંદેહ પુછુછું તુને, જાણો તેવું કહેજો શુંતે; વિકરમનાં સહુ કરે વખાણ, તે સાચુ કે જુઠું જાણ, માહારૂ દુઃખ ભાગે કહેવાય, વખાણ સાચાં કેવાં થાય, દુખભંજન ખોટો કે ખરો જેવું જાણો તેવુ ઉચ્ચરો. દોહરો—વાત સુણી વીસ્મે થયો, પોતે વીકરમ રાય દુઃખ

ભાગ્યા વીણુ નાગનુ, માર્ગ કેમ જવાય, કહે પંથી તુ નાગ સુણ, તાહરા દેહમાં દુખ, તે વીક્રમથી કયમ થશે, સેહેજ વાતમાં સુખ. સુખ શું વછહુ વીકરમ કરે, કે શું ઓષડ પાય, જંત્ર મંત્ર અઉષધી, તેથી કયમ સુખ થાય, નાગ કહે પંથી સુણો, વીકરમમાં વીધા હોય, નોળી કર્મ નરપત લહે, કળી શકે નહી કોય, બોહોતેર કોડા નવ નાડીઓ. અમરૂત વીખના જેહ, મહીમા તે મહિપત લહે, તુજને કહુ છું તેહ બીરહ રાખે જો બોલનો પ્રીતે રાખે પાસ, સુખ થાશે સંક્ષેપમાં, આપે ઉદરે વાસ, પ્રીતે રાખે પેટમાં અમરત કોડા જ્યાંહ, તો સુખ થાય શરીરમાં, એકઅરધ ક્ષણ માંહ. રોગ વધે તે રાયને આખર પામે મરત્ય. માહારો રોગ તે નીસરે, તે વેળાએ તરત,મળવા ઉપર મનકરે શરીર માંહે સાપ;એવો કુણ અભાગીઓ,અતી દુઃખ પામે આપ. ઉંઘ વેચી ઉજાગરો;કુણકરે એ કામપરદુઃખભંજન લોક કહે વિક્રરમનરનું નામ ભુખ્યો તરશો કો ભાટજન કે કોઇ ભીક્ષુક જન;અન્ન અપાવે તેહને, મેળવ મનાવે મન કોડ પુરે કવીયો તણા,તે ગુણ ગાથા ગાય;કીરતી લહેર સમુદ્રની;હહો હશાએ જાય ભાગે દુખ કયમ ભુપતી માગી કયમ લે મોત, ગરજુ ઘેલો જાણવો, જેવો બાળે બોત. દુહ વાલો મહા મુને રણમાં વસુછું રાંક અને કયમ અળખામણો, વખત આડો આંક. ચોપાઇ–રાજા બોલ્યો કહે મુજ કામ, નરપતી વીકરમ મારૂ નામ, દુઃખભંજન દાતા તે;અમો,જે ગમે તે માગો તમો; રહયો નાગ એહવું સાંભળી વીપ્રીત વાત કુડી મનકળી; કહુ તુજને કેટલું એ કથી, હું વિકરમને ઓળખતો નથી; પ્રગટપારખું તેહનું સુખે, ના અક્ષર બોલે નહી મુખે. અહંકાર ઉપર નહિહેત,ના અક્ષર ભણી નહી નેટ ઠીકઠાગ કરે છે તું દીલમાં જાણું છું હું મહારા મનની પુરે હામ,મહારે મન તે વિકરમ નામ; વીકરમ હોય તે પુરે આશ, આપે ઉદર મધે વાસ. વચન સાંભળી રાજા રહ્યો, અદકો ઉલટ મનમાં થયો, મહિપતં વીકાસ્યું મુખ,પેશ ભાઇ જો થાયે સુખ, તહારે મન રૂડું ભાવશે,કાયા શા કામે આવશે,પંચમાભુત મળમુતર ભાર,અસ્થિર ઉપર શો અહંકાર, એ બે મનમાં હરખ્યા આપ; વીકરમ ઉદરે પેઠો સાપ; દેવાંશીની અમરૂત દેહ; રહયો નાગ સુખ પામી તેહ; સર્પતણો તો સોકજ ટળ્યો.રાજા પુર્વ પંથે પળ્યો;દીન ઊપર દિન વાહિ ગયો, રાજા ઉદરે રોગજ થયો. વીખનું રૂપ ને વીખની જાળ, કાયામાં જઈ બેઠો કાળ; અંગે બ્યાધી, બ્યાધી ઘણી,દુખ પામ્યો ઊજેણિ ધણી, દેહનાં ચૈતન સર્વ ટળ્યાં; વધ્યું ઊદરને અસતજ ગળ્યાં; ગયું વાન તેજ રૂપને રંગ,કષ્ટ થયો કાયાનો અંગ મહાભયાનક રૂખાણી દેહ,નયણે ચાલે જળ જેમ મેહ, ન પચે અંન ન ભાવે નીર, સ્થિર થયું તે શીત શરીર. વેહના તે લક્ષ વીંછી તણી, તેથી બ્યાધી રાજાને ઘણી; તોયે રાજા પંથે જાય, આવ્યો સહાક્રાંતિ નામી માંય પડયો વાટમાં અંગ બેવડું,થયું ઊદર ગોળી જેવડું;ચઊટા વચ્ચે પડયો

છે ધર્ણુ, મીચ્યા નેત્ર હલાવે ચર્ણું નગ્રવાસી મળીયા લોક.દેખી રાયને પામ્યા શોક, તે નગ્રીનો કો એક ભુપ,મહેંદ્રવછ તે નામ સ્વરૂપ,સદાવ્રતિનું રાજ તે કરેત્યાંઆણુ વિકરમની ફરે;સેવકે જઇને કીધું જાણુ,મહેંદ્રવશ શું બોલ્યા વાણુ; કો એક પંથી આવીઅડયો,દેહ રોગમાં છે ત પડયો. અંગ બધું તે પીળું થયું, ચૈતનજ્ઞાનદેહમાંથી ગયું; પડયો આવરદા પુરો કરે,મુઓ હશે કે વાણુ મરે.તેવું રાજા સાંભળી રહયો, પ્રતિઊતર પાછો નવ કહયો; તે રાજાને બે દીકરી, કુંવારી નથી તે વરી; નવ સત વરશ નાની સાર, મોટીને થયાં છે બાર; નથી પુત્રી રાજાનિ દેહ. લાડકવાઈ બેટી બેય;નાની અતિ સુંદર રૂપ. જીવ થકી વ્હાલી છે ભુપ. સુણી વાત પંથીની જેટલે કુંવરી બે તેડી તેટલે;બેહુ તણા ને ઝાલ્યો હાથ.પીતાકહે પુત્રીને વાત,બસો ઊછરંગે સાચુ કહો. જેવું જેના મનમાં લહો;સાચી વાતનો દંડજ માફ, કહો આપકે કરમી બાપ. આપ કરમી કુંવરી હોય જેહ,મારી પાસે બસો તેહ;બાપ કરમી જેહોય રંગ, તે આવી બેસો ઉછંગ.મોટી કન્યા કહેછે આજ,હુતો બાપ કરમીમહારાજબાપને કરમે રાજજ કરૂં નવનવા શણગારજ ધરૂં.જે જોઇએ તે તમે આપશો,રૂડે ઠામે પ-રણાવશો;હુંતો એવી જાણું વાત,મારે કર્મ તે માહરો તાત. વડી કન્યાએ વાણી જે કહી.હેત કરી ઊછરંગે રહી,લક્ષ કરોડ વરાં કહુ આપ; મારે કર્મ તે મારો બાપ.

દોહરા—બોલી ન્હાની બેટડી,સાંભળ ઘેલા બાપ,તાહરૂં કર્મ તે તુજ કને માહારૂ કર્મ તે આપ. સહુને કરમે કરી, વશ વરને છે લોક; સુખ દુઃખ પામે છે કર્મથી, ડહાપણ હરખને શોક, મન અહંકાર મુરખ કરે; મુજથી સઘળું થાય; તેતો જુઠું જાણજે;આપ કર્મથી ખાય,પિતા અલખ મુકે ધણિ,કર્મહીણ હોય પુત્ર;ધનવીનાના તે રહે, ભીખ માગતા પુત્ર. પીતા હોય અભાગીઓ,તાલેવંત હોય તન; હાથી ઘોડે તે ચડે આપે સદાવ્રત અંન.ચોપાઇ—કરમ રંક રીધ પામે રાજ, કરમે,દુઃખહારીદ્રતા જ; ચઢીરાય સાભળતાં રીશ, પગની જ્વાળા લાગી શીશ વનીતા બોલી જેહ વ-ચન ચડી રીશ ખીજ્યો રાજન; વળી પુછું બચારજ વાર, તેનો તે ઊતર એ ઠાર. બોલ સાંભળ્યો બેટી તણો, કરોધે રાજા ભરાણો; તેડયા સેવક કહે રાય; પંથી પડીયો ચઊટા માંય. તેને લાવો વેગે કરી,પરણાવો નહાની દીકરી,જોઉ કર્મ એશું ભોગવે. રાજરીધી કેવી ભોગવે,મારી બેઠા લોપે આણ;પ્રાજે કરૂં હું તેના પ્રાણ;બ-જાર સેવક આવિયા, પંથી તેડી લાવીયા. રોગીપંથી પડયો તો જેહ. રાજસભાએ આણ્યોતેહ,ઊદર મોહોટું વિકરાળ સ્વરૂપ;તેદેખીને હરખ્યો ભુપ.વીપ્ર તેડીને આજ્ઞા દીધ. ગુરૂજી કામ કરો તે સીધ; કંઠે આરોપા વરમાળ,રોગીને પરણાવી બાળ.ઊ-જડ આપ્યો રહેવા ઠામ. આમાં કર્મ શું કરશે કામ;કહે કુંવરી સાંભરે તાત, કર્મ તણિ નવવાત,મે પરણ્યોતે ઇશ્વર એહ, શેવા કરૂ મન આણિ નેહ; વડિ એક [illegible] બેણો લાવ, હું નાર એ નરપત નાવ મારાં કર્મ જો રૂડાં હશે, રોગિ મટીને [illegible]

થશે; એવું કહી આવી નીજ ઘેર,પીયુનાં શેવા માંડી પેર. મહિપત ક્રાયનો ન હોય મિત્ર પક્ષી કાગ તો નોહે પવિત્ર, વિક્રમને નહિ શુદ્ધ કે સાન; નહી દેહમાં ચૈતન કે જ્ઞાન; પાત્ર ઉષણોદકથી ભરયું, કંથ શરીરે મરદન કર્યું; કરી શુધ કાયા તે તણી, સુખ પામ્યા ધણીયાણી ધણી;નિંદ્રા આવી નઇણે વહી,એટલે જામ નીશા એક ગઇ અળો દીપક તેણે ઠાર,સન્મુખઆવી બેઠી નાર; મનુષ્ય નાનુ બીજું નહીં કોય,એટલે એક ત્યાં કૌતક હોય.વિકરમ મુખ વિકાશી આપ,નીકળ્યો પેટ થકી તે સાપ;અરધો મુખમાં અરધો બહાર, તે નીરખ્યો રાજાની નાર, સ્ત્રી અચરત પામી જેટલે. બીજો સર્પ દીઠો તેટલે;વરહરમાંથી આવ્યો એક,બીજો ઉદરેનાગવિવેક;પરસ પેરેબેહુની-રખીયા,પનંગહેડામાંહરખીયા;વાતો કરવા માંડી મન, બાલ્યા નાગ ઘરનો અનુમાન

દોહરા—ઘરનો સાપજ બોલીયો,ઉદરની પ્રત્યે વાણ; વિકરમને દુઃખ દે ઘણું, મુરખછે તું અજાણ. રાજા વિકરમરત્નએ, પરદુઃખભંજન હાર; મારી નાંખે શેહેજમાં; ફટ ઘેલા ગુમાર. કરોડ બ્રહ્મહત્યા થકી,કરેછે કુડુકાજ;પરદુઃખભંજન ગુણકર્મ વીકરમસેન મહારાજ. તું જીવીને શું કરીશ. પાપ કરીશ તું પુર; એ સત્યવાદી સોહામણો, નારાયણનું નુર. નિકળ ઉદરએના થકી;જો માનેમુજ વાત; રાજા દુઃખ પામે ઘણું.એતો માહાઉતપાત.બીજો બોલ્યો દીસશું,ઉદર તણાજે નાગ;જામારગતું તાહરે;નથી.વઢવાનોલાગ,ચડયોબોલેમુખમાહરે,મેંવરત્યું તારૂં મનતું નથીએબોલતો બોલે તાહરૂ ધન.લક્ષ્મી તુજ હેઠળ ઘણી;જ્યાં રહે છે દરવાસ,તે છાંડી જા દર વિશે; તારે શાની આશ;ધન દેતો નથી કાઢવા.રેહેઉદર નીશ દિશ;મળે તાહરો ભોમીયો, તોડી નાંખે શીશ. આણી તેલ ઉનું કરે, રેડે તુજ દર માંહી; છો ધન અનગળ નિકળે, જે છે તુજ દર માંહી;કોઈ પાસે હોય તો શીખવું, અને રેડાવું તલ માંહેથી લક્ષ્મી નીકળે, મળે એ રૂડો મેલ; ઘરનો સર્પજ બોલીયો; આણી મનમાં દાઝ,નથી વૈદ તુજને મળ્યો, ત્યાંહાં સુધી તું ગાજ; આણે કડવિ કોછશ, તક સંગાથે પાય, કટકા થઈ તું નિસરે, ભવની ભાવટ જાય. કામ તે ઘડી એકનું તક કોચકી તરત, પાય તો પાજે કરે, પીધેથી પામે મર્ત. જાય જાતે એવડે પ્રગટ કરેછે છીદ્ર, તે તો દુખ પામે ઘણું; ભાગ્યનિધી જે ભદ્ર.

ચોપઇ–માંહે માંહે વઢીયા નાગ,તે તોસ્ત્રી એ જોયો લાગ,એકનાહારી તે દરમાં ગયો,એક ઊદ્રરે ઠેકાણે થયો,એમકરતે થયો પ્રભાત,સ્ત્રીએ વીચારીવાત, ઓળખ્યો રાજા રૂડીપેર, ઓષડ બેનાં કાઢયાં ઘેર, શ્રવણે સુણ્યું તું જેટલું. સ્ત્રીએ તરત કર્યું તેટલું; રેડયું તેલ તાતુ તે તણું; કહાડયું ધન અનગળ ઘણું, પછે કર્યું જે આષડ નેટ, રેચ લાગ્યો પુરહંર પેટ;રાજાનો તો રોગજ ગયો, સહજ વાતમાં સુખીઓ થયો શુધ કરયું તે ને શરીર, વીશ્રામ પામ્યો વીક્રમવિર;કટકે કટકેનીકળ્યો સાપ.અધિક સુખ તે પામ્યો આપ,નેત્ર ઊઘાડી જોયું દ્રષ્ટ, ક્યાથી સરવે ગયું કષ્ટ; પાસે બેઠી

દીઠી નાર, જોબનવંતીરૂપ અપાર કર મીંડળ ચુડાવરમાળ. કંકર દોરો હાથે ભાળ, સદાવ્રતભંગ કરૂં માહરૂં; હુમુખનવ જોઉ તાહરૂં; તું તો સ્રી તે કોણુજ તણી,પુછે એમ નગ્રનોધણી; કંથ તાહરાનું કહે તું નામ, મુજ સાથે શું તાહરે કામ; એકાંત સેજ્યા બેઠી કયમ. સાચું ન કહે તો મહારા સમ.

દોહરા—નારી બોલી તેહશું જોડીને બે હાથ. માંડીને પુર્વ કથા કહી, સ્વામી ને સાથ,મહેન્દ્રવછની દીકરી, પુછો પિતાએ મર્મ; કોડવારને લક્ષવશા, મેં વખાણ્યું કર્મ,કર્મ વખાણુ કર્યા થકી.દિધું કન્યાદાન;સેવાકારણુસજ થઇ,દાજી મુજને માન. રાયજી સનમુખ હું હતી, પોહોડયાતા તમેરાય; નાગનીજ ઉદરથકી, વળી ઘરથી નીકળ્યો એક,માંહામાંહે તે વઢયા, વચન તણોવીવેક;કહ્યું એક એકનું મેં કરયું તુરતજ રેડયું તેલ. ધન આગળ કહાડીયું, મહાલક્ષ્મી વત મેલ કડવી આણી કોચલી, પાઇ તક્રસ પ્રિત. રનંગ તો કટકા થયો,રૂડીએતો રીત,નાગ નામ ઓળખાવિયું, ધર્મ ઘોરંધર વિર;મારે કરમે હું વરી, વટહથ વિક્રમ વિર. એ હકીકત માહરી, દીન રાવળીદાસ; દો આજ્ઞા મસ્તક ધરૂં, ખરે ખરી એ વાત.

ચોપાઇ—ફટફટરે નમેરિ નાર, કીધો અન્યાય તેં અપરંપાર:ઘરમાંનો હતો જે સાપ દુખ સાપનું જાણિ આપ, તેને શા માટે મારીયો. હું જીતિ બાજી હારીયો, બીજાયે ઉદરે રાખીયો, નારી તેં મારી નાંખીયો. પરદુઃખ ભંજન મારૂં નામ; તે મિથ્યા કરૂં એ કામ. કામ વણુસાડયું તેં માહરૂં, મુખ નવ જોવું હું તાહરૂં. નાગ તણા કટકા ધર્યું, પાણી પખાળીને શુદ્ધ કર્યા; બીજો તેમથી બાન્યો તેહ, તેને કંડીયે ગાલ્યો જેહ, બે રહે તુંનો વાંશીએ;હું કાવડ લેઇ જાઉં કાશીએ નાગને જઇ પધરાવું ગંગ, પછે સમરપુ મારૂ અંગ, એમ કહી નીકળીયા રાય, કરગરી કામની કેડે થાય, પરદુખભંજન છો મહારાજ મુજરંકની રાખો લાજ, મુલ ખરીદ દાસી તાહરી, તમારી ગત તેવી માહારિ;માહરે બીજી શીછે આથ,દેહ સમરપુ સ્વામી સાથ.કાંઇકિ પ્રતાપે કહી માહરાજ રાજ વિક્રમને વરી પરલોકોની પુરો છો આશ મુજને તે કેમ કરો નારાજ.મુકી જાશોપંથ પ્રમાણુ. તો નિસ્ચે છાંડું હું પ્રાણ,તેહત્યાં બેસે તમ શીશ,દુભાસે ઉમીયાપતઇશ ગંગા માંહે પાડશું દેહ,નો તે દુધે ઉઠયા મેહ. જન્મ મરણ જોખમ દાખીએ, મુક્તિપદાર્થ તો પામીએ, હીન બોલકામનીએ કહ્યા દેવ રૂપને આ વિદયા.દોહરા–કાવડગ્રહીને કામની,કોંડગ્રહીનેકંથ, પોહોરરાત રહી પાછલી,પળીયાં પ્રોઢે પંથ એટલે એક આવિનાગણિ, ગાય માટેરે ભાગ.બીહીશનહી તું બાળકી, બેશી કરી આ ઠામ, પંથી પુછુ તુજને, માહારે તાહરૂં કામ. તુજ સખો તુજ જેવડો, તાહરિ શોભા સુત્ર; વિક્રમ નામ તેણે કહ્યું, પેઠ ઊતારે પુત્ર. પેઠ ઊતારો પુત્ર પેટ રોગ તે પુત્રને, અગ્નિ ઊડતો અંગ; તેડી ગયો સુખ કરી રાખ્યો સંગ હું તો તેની માવડી તે તો મારો તન; એવા પંથી છો તમો, ફરી-

પત રૂઠે. મન. તે સુખીઓ કે દુખીઓ, કે મ્રત જીવત હોય; પંથી બીજે કે તમો, મળી ન શકે કોય. સાચું ન કહો મુજને,બ્રહ્મહત્યાદિક પાપએહ સમમાહારે શીરે, જોશું ફરીને સાપ.

દોહરા—ગુણપત લાગ્યો તેહને પાગ,જઈ બેઠો જોડી તે જાગ; જે હકીતથઇતી જથા,કહી માંડી તે કર્મજ કથા.હું તો મારૂં સતહારીયો,તાહરો પુત્ર અમો મારીયો; નાગણ કહે નારી તારો વાંક,એમ લખ્યો વિધાતા આંક.તમથી થાય તો કરો એક વસ્ત, એક કટકો જડે જો અસ્ત; અસ્ત તણી આપે કરડી, તો શુદ્ધ જીવાડુ આ ઘડી. અંજન સજીત્રન છે મુજ પાસ, જડે તો પોહોંચે આશ;કેહે વિકરમ સાંભળરે વાત,માંડીને કેહેમુજને વાત, એતો મુજને અચરત અડયું,અંજન સજીવન કયાંથી જડયું; કેટલાક જણ જીવે તમ હાથ. સાચું બોલો માહારી માત. દોહરા—નાગ કહે નરપત સુણો, પીયેર મારૂ પાતાળ માતાને મળવા ગઇ, કોઇક સંભવ કાળ; ત્રણ માસ હું ત્યાંહાં રહિ પીતા બોલ્યો તુજ પેર;પ્રથવીથી પાતાળમાં,નાવિશામારે ઘેર. ભરતખંડની ભુમીમાં, આવે બેસે પાસ; નાગ લોકના નરપતિ, સદા આવે છે વાસ.માત માગુ મુજ માવડી કહી પીતાને વાત; પુત્રી મુજને કયાંહાં મળે એ તો વિપરીત વાત કુશળખેમ કેમજાણિયે.કયારં જોઉ મુખ એમકહિને આંસુભર્યાં, દેહમાં પામ્યા દુઃખ ।પતા માહા પ્રસન થયો, સાસવાસો સાથ; ત્રણ જણ જીવે તેટલું અમર આપ્યું હાર. ધણીધણીયાણિ,દીકરો, સુખે સજીવન.થાઓ, ।મરત તણી ચીંતા નહીં, મંદિર મલપતા જાઓ. અંજનની એક દાબડી, પરઠી રૂડી પેર,માત પિતાને હું મળી, વળગીઆવી ઘેર. એ પ્રકારે સંચર્યું,કરવા રૂડુ કાજ અસ્ત પામું જો કકડો સુત જીવાડુઆજ. ચોપાઇ–વિનતા બોલ મન માંહે વસ્યો, હેત ઘણેથી રાજા હસ્યો; તું મોટો બોલી માત, સાંભળ માહારા દુખની વાત શિકાર કારણ હુંતો ગયો,વિપ્ર મંદીરમાં વાસો રહયો;તેને ઘેર આવ્યો તો તન;દીઠી વિધાતા મેં તે દન.પુછી પાર મેં લીધો તરત,જાણ્યું મેં બાળકનું મર્ત. ઉપાય કીધા મેંતો કરોડ.પાડી હરણા સાથે હોડ.માહારો શ્રમતે મિથ્યા થયો, જીવ તે બ્રહ્માણનો ગયો, મમતા કરી બાંધ્યો બારણે, નિકળ્યો છું હું તેને કારણે.જાતોતો હું ગંગાતીરસમ પર્વનો યાંહાં શરીર.એટલે હું આવ્યો વડ હેઠ, તાહારો પુત્ર મેં રાખ્યો પેટ. ઉદર વાધ્યો ને રણમાં પડયો,આ ચતુરાન હાથે ચડયો;કામની કામ કરયું છે જેહ,મેંતો માડીને કહયું તેહ. જે કાંઇ તમને સુજે માત તે રૂડી કહો મુજને વાત;કેહે નાગણ સાંભળ નરપતી,તાહારી રૂડી રેખા રતિ.આઅમ્રત અંજન માહારૂં,જેમકામથાયે તાહરૂ તમે પ્રમાર્થ દહાડી કરો,વણુમોતેશામાટેમરો.નાગપુત્રીનીથઇછેહાણ.મહારેતો ત જવાછેપ્રાણ,અમ્રતરાખી હુંશું કરૂં,પુત્ર વિજોગે નિશચેમરૂં.સોપ્યું અમ્રતરાયનેહાથ. સ્નેહ કર્યોરાજાને સાથ.ત્યારે રાજાહરખ્યામન,જીવાડયોનાગણીનોતન;માતાપુત્રદીઠા

જ્યાહરે, આનંદ અતી પામી તાહરે. રાજાને દીધી આશીશ,પ્રસન હજો ઉમીયાને ઈશ,રાજા કહે દુખ હોયે દેહ,પેશ પેટમાં આણી નેહ. અમ્રતથી સજીવન થયો,રોગ ભોગ હતો તે ગયો; જુહાર કરીને ચાલ્યો રાય; સદાવ્રતી નગ્રીનો રાય. હેત પ્રીતને ઉલટભેર, આવ્યો ધન કહાડયું તે ઘેર;ધન પાછું ધરણીમાં ધરયું,જેમ પહેલું હતું તેમ કરયું; તેલ થકી પામ્યો તો મરત; તે સજીવન કીધો તરત. કોડાએ ન રાખી પાસ, સંતોખ્યો બીજે તે સાપ અરદ નામ તાગું રાખીયું, તે દુનીયા મધે દાખીયું, તેની આશીશ લઇને વહયો,મહીપત પહોંહે પંથે પડયો; વિપ્ર પેટી બાંધી છે જ્યાંય, પોતે રાય પધાર્યા ત્યાંહ. રાણી પરણી પોતાની સાથ; અમ્રત જેર હેતે છે હાથ,રાત સમે એક કૌતક હોય,તેનો અન્ય નજાણે કોય; ગામ લોકમાં જાણજ થયું,દેશ અધ્યાનું દુખજ ગયું.રાણાને તેડીને આવીયો ભુપ સોને મન ભાવીયો; પુન્યકાળે પ્રૌઢે પ્રભાત,વીશ્વ બધામાં ચાલી વાત પેટી બાંધી ગયોતો જેહ.મહારાજ રાજ આવ્યા છે તેહ. સજીવન વિદ્યા પાસે હશે;બાળક બ્રાહ્મણ ના જીવશે.ઘેરઘેરને ઠામોઠામ, જેવા આવ્યું બધું ગામ; વધામણી આવીને અંડ, નીશાન ગાજેને ગડગડે જેજેકાર જગતમાંથયો;કલ્પવ્રક્ષ કવીઓએકહયો;મોટાનાંમાનજ મોડીયો;પેટીસહીતબાળક છોડિયો; ભુપતીએ નવ ભાગી ભરાંત, શીશ સનીધ ગયા એકાંત; અરૂત અંજન નિર્મળ મળી, મૃત્યુઘાતની મુર્છા વળી;ત્રીલોકનાથ તેને ત્રુઠીયો, આળસમરડી ઉઠીયો.પુરપતિ કેરા પ્રણમ્યા પાગ,ઓલવી અરૂત કેરી આગ,શીવપ્રતાપ સજીવનકીધ, લાખેણા જશ એને લીધ.દોહરા—માત પીતા તે વીપ્રનાં,દીધીતે આશીશ;તેજ વધો ત્રીલોકમાં,જેમઉતરાયન દીશ.સતગામ લખી આપીયા ત્રાંબા કેરેપત્ર;એ ગામનોતુ અધીપતિ, શીર સોહાવ્યું છત્ર. રાણીજે રાજા તણી. ને રાણીનો તન; ભાટ ચારણ કવિએ કહીએ કહી,વિખાણી વિક્રમવાત. તમો પુછયું તું પુત્રીને,ધજ બાંધીનેધર્મ; તેણે વિખાણ્યું હતું જે પોતા કેરૂં કર્મ,માઠું લાગ્યું તે તુને,જુઠો કીધો જોગ; તે પરણાવી પુરૂષન;ગઉરવ જેને રોગ, તે મહારાજ રાજેશ્વરી,ધરમ ધોર ધર ધીર;ઇંદ્રઅધીકો થયા વિક્રમજી વટવિર હરખ સમુદ્ર ઉલટયો;રાણી રહીત તે રાય પગલે પાયે લાગતાં,જમાન મળવા જાય;સમુદ્ર વછેમહીમા લહયો. માંડયો માંડયો સઘળો મર્મ. તે કુંવરિ અસતાર,ભુપ હજે ભ્રતખંડનો દેવાંશિ દાતાર.વર પામિ વિક્રમ;પ્રગટ થયું પોહોડું પુન્ય ઇકોનેર પરિયા; ન રહિ એકે નુન્ય. ધન ગોત્રજ ગુણનિધી, ધન પરિવારભરપુર;ધન વિકરમવરનેવરિ;નારાયણનું નુર.પાળેપગલેપરવરયો બાંધી પોતે હોય; દાંતે તરણુ લેઇને. સસરા શ્રીમુખ સાથ,કાલાવાલા કોટિધા પ્રણામ કરિબહુ પેર;જમાત્ર જોડે કન્યા તેડિ લાવો ઘેર દુંદભી વાગ્યાં દેવનાંહેતુ જનને હરખ,રોઝિ પડયો તે વાટમાં, તે વિકરમજી વરખ રિતભાત પ્રતે કરિ પુરણ મન પ્રસન.દેશ બધામાં દાખીયું,દેવતાઇ દર્શન; સજ્જન સાથ સંતોખીયાં, ભોજન કિધું ગામ;

હસ્તી ઘોડા પાલખી,દશ કોટીદીધા દામ,જેમ જેવો હર્ષ અમને થયો,તેવો તમનેહોય; શાખ લખાવો શાસ્ત્રમાં. ગાંજી ન શકે કોય. ભુપ મળ્યા ભરતખંડના,કર્યા અધીપતી આપ; તિલક કરયું ત્યાં ત્રિવિધે,છત્રપતિની છાપ.કોટી કલ્યાણ તાહરૂથજો એવી દે આશીશ પુરપતી પ્રસન્ન હજો, આદ્ય ઉમાપત ઇશ, રાણી તેડી રાજવી, આવ્યા ઉજેણી આપ;જેજેકાર જુગમાં થયો,તે પુન્ય તણો પ્રતાપ,પ્રધાન આદેપુર સહુ, ઝાઝા કરી જતન; વેહેપારીએ વધાવીયા.રૂડા પુષ્પ રતન.પ્રૌઢુ પ્રમાર્થ જાણજો પ્રૌઢે સઉથી પુન્ય પુન્યવાત જેને વશી, તેને શાની નુન્ય.વાસો રહયાતે વીપ્ર ઘેર, એક રાત એક જામ; તેટલા માટે એટલું, કરયું નવખંડ કામ; પુત્ર જીવાડયો વીપ્રનો,ઉદરમાં લીધો સાપ; રોગ ટાળ્યો તે પનંગ તણો, એવો બળીઓઆપ.નીતનીત એ નવનવાં, સત સહસ્ત્રધા લાખ;પુરાણુ લખ્યા પંડીતે;શાસ્ત્રપુરેશાખ;થયો નથી ને થાય નહિ:વિક્રમ કેરી જોટ; અહરણઅવની કરી;હોંશી જીત્યોહોય,કાંઉંચ કાં નીચ જન, કાં રાજા રંક: કરો પુન્ય પરમારથી;એહ આલોકફી આંડ. પુન્યેજશ વાધ્યો ઘણા. પુન્યે પુત્રપરીવાર; પુન્યે હોય પ્રાક્રમી, અલખત અપ્રમપાર ખેડ કરો લક્ષ કોટીધા. સીંચો પાણી બહુ રીજ;તેણે અર્થ સરે નહી.જેવાવે જહીં બીજ સંસ્કૃતમાંથી શોધિયું, પ્રાક્ત કીધું પુર; ભોજ પ્રબંધ ભરતખંડમાં નારાયણનું નુર. કહે પુતળી ભોજ સુણુ,રૂડા છો તમે રાય. એવાં એ પ્રાક્રમ કરો. ધરો સિહાસન પાય. વાચા જે ચુકે નહીં,બોલ્યા પાળે બોલ તેવા થાઓ તો પગ ધરો, તોળી જુઓ મન તોલ, ગુજરદેશ ગરૂધા ઘણા, વેગનપુરમાં વાશ,શ્રી ગોડ માળવી વીપ્ર શુભ, કહે કવી સામળદાસ સેવક શ્રીસારદા તણો, બ્રાહ્મણ કેરો ભક્ત, કીંકણુ સહુ કવીઓ તણો,જશ વખાણે જક્ત,પુરણ કહું પરમારથી સારદા દાખી બુધ;અનીગત એનો લહે, સાચ જુઠ કે શુધ; એમ કહીને પુતળી,આપ ગઇ આકાશ;શ્રોતા વક્તા સમજતા કહે કવીતા કરજોડ; સામળભટ કહે બોલજો જયજય શ્રી રણછોડ.

વારતા ૩ જી કમળની.

ધન્યદા નામની ત્રીજી પુતળી બોલે છે તે વારતા રાજા ભોજ સાંભળેછે.

ચોપાઇ—શ્રી મુખ સેવું સારદા એકલદયણ તું અરબદા;અમરતકેરીતું ખાણ મુજને આપો રૂડી વાણ. દોહરો–સીંહાસન બત્રીશની, કહું કથા કરજોડ શ્રોતાવક્તા સમજજો;કોઇ ન દેસો ખોડ.ચોપાઇ–દુંદાળો દુઃખભંજન દેવ સુરસનકાદીકરેનીત શેવ. દોહરો—કમળ તનયા કરગ્રહયો, કમળમુખ કરૂણા કીધ, કમળની વાતકોડે કહું, જો દૈવ વરદાનજ દીધ;શ્રાવકની શોભા ઘણી. ત્રણલોકનું તત્વ,મહીમામોટો મેશરી, સકળ ધર્મનું સત્વ, જેનાં વેદાંતની, કોટીક છુટે કર્મ; ભવસાગર સેજે તરે, ધારણ એવો ધર્મ, ધર્મ અર્થને મોક્ષપદ. ન્યાટવટક શાવટ નેકતરણ તારણત્રીલો

કહ્યું વારતા માંહે વીવેક મન વીમાસ્યું મહીપતી, ભોજરાયછડધીર, ગંગોદક આણાવીયા, નીરમળ રૂડાં નીર; શુભ સિહાસન શુધ કર્યું, લાખેણા ચંદન લીધ; પંચ પ્રદક્ષણા કરી, મન બેસાવાકીધ. દાન દીધાં બહુ દેવને, માગણ પામ્યા માન; ભોજન નત્ત કરાવીયું;પ્રીતે વહેંચ્યા પાન.મુહુત મુળે અર્કનું. લીધો લાખેણો લાગ. આજ્ઞા માગી ઇશની, પરઠવા માંડયો પાગ. પાય મ ધરેરે પુરપતી, બેઠે સુખ નહી થાય; એ આસનછે ઇંદ્રનું બેસે વિક્રમરાય,દાયક દાનમાં સકળ વાત સમેત; બેસે એ આસને હેંટે હરીશુ હેત. પ્રાણ આપ પર કારણે. પરદુખથી દાઝે દેહ;વીપ્રનેગો વારે ચડે નારાયણપરનેહ. વપુ વહાલુ તે નવ કરે, ન કરે એ ધરસુત્ર; શુભપરમાર થ સરવન,પેટ તણો જેમ પુત્ર ભોજ કહે ભલું કહયું,સહેજ ચડાવ્યું શીશ મહીમા વિકરમ રાયનો,કહોતો આરાધુ ઇશ; કેવાં એણે પુન્ય કરયાં કેવાં દીધાં દાન;પ્રાક્રમ પરમાર્થ કરયાં, માગણ પામ્યાં માન,ધન્યદા કહે.છે ધન્ય તુ;ધન્ય એ સર્વ સભાય વીખાણ કરૂ વીકરમ તણાં,વાણી વદે વંચાય:થયો નહીં થાએ નહીં રંજીત રૂડો રાય મહીમા એનો કહું,પછે પરઠ તું પાય.ચોપાઇ–ધન્યદાકહે છે રાજા ધન્ય,પુરવજન્મ નું પ્રગટયું પુન્ય;ગુરૂવા પુરૂષતણા ગુણ ગાઊ,ઘરમાં બેઠા ગંગા નાઊ,ધન્યદાધન્ય મારગ ઉચરે ધરણીપત હઇડામાં ધરે નગ્ર ઉજેણી અતી અનુપ,ભારે વિકરમસરખો ભુપ,ગુણસાગર ગુણવંતો ઘણો,સહોદર પરનારી તણો.એક સમે મોટા મહારાજ,ગયા આપ મરગયાને કાજ.સત્ય સેના પોતાનિ સાગ.આયુધ્ય અનુપમ લીધાં હાથ.દીધી વરાહ ઉપર દોટ,ચાતમા ચાહે કરવા ચોટ:ઘણાક કાળથી નાહાશી ગયો, મહીપત તેની કેડ થયો વનમાંહેથી સેનાપતિ મળ્યા મહીપતને કોઈ નવ મળ્યા;વાઘ સિંહ ભયાનક વન;એકલો પોતે રાજન,વાઘવરૂદીસે વિકરાળ;જોજન એક વનકેરા ઝાડ. તરૂવર દીસે બહુ જોડલે,હીંડી શકાયું ન ઘોડલે;એવ તે ઠેકાણેન રહયો;ભુપતવનમાં ભલો થયો; ટાઢ તડકોને ભુંડી ભુખ, દેવાંશી પામ્યો બહુ દુખ;કોએક કારમો દીઠો કુપ, ભાવ થકી ત્યાં બેઠા ભુપ. હાથ પગ ધોયા છે ટળી; દીનદયામણો દીઠો વળી દેહે દુરબળછે જેહ, બેઠી જુવેછે,તેહઘણાદિવસથી કુવે અટયો, તે વિક્રમની દ્રષ્ટે પડયો પાસેના કુપમાં છે નીર, વીકરમસેન આવ્યા ત્યાંહાં વીર;દેખું કો માનવદેવ, શુભ પ્રકારે કરૂ હું સર્વ; પુછીને લઇ એના પાર, વળતો એનો કરૂ વીચાર. ભલે જક્ષ કીનર કે ભુત, અધીક જોગી કે અબધુત, સાચા કે જુઠા છો સીલ,રાજા પ્રજા કે રાખો રીદ્ધ; રાજ રઇયત કે રંક ઉત્તર આપો આડે અંક,સહેજ મારગ બેઠાછો સુખી. રામણા દિસોછો દુઃખ; શા માટે અહીં બેશી રહ્યા, શા માટે દુરબળ દેહ થયા; નીરમળતમારૂ શું કહી નામ, ઠરી રહ્યા છો આણે ઠામ છો ભીક્ષુક કે આપે ભુપ,કયમ લાંઘોછો ઉંડ કુપ;વસ્તિ છાંડી વનમાં વશ્યા,કષ્ટ ઘણાં કાયામાં કસ્યાં ટાહાડ તાપ વિમાસણ ઘણી, ધન પુછે નગરીનોધણી; ખરી વાતથી મન બોલીએ, માહારા સમ સાચુ બોલીએ.

દોહરા—વચન સાંભળી રાયનાં, ચઢી ઘણેરી રીસ; જ્વાળા પ્રગટી પગથકી, જઇને ભેદી શીશ; દીલની વાત જે દુખ તણી. રીશ ન કરીએ રાય; અધીક ભાર જાય આપણો ગાંઠ ન છોડે કોય. બળહીણ કરીએ બાપડા,રંક થઇ કહે વાત;દુખ કોથી ભાગે નહી,એનો મહા ઉતપાત.તું જા મારગ તાહરે,અંતર નહી ઉચાટ;કામે આવ્યા તે કરો; જાઓ તમારી વાટ,ચોપાઈ—દેખે તેનો પુછે કામ, મોહોટામુર્ખ તેનુ નામ; લુટાયા દેખી જાએ વાટ,શાણો તે કહીએ શા માટ; દુરબળ દેખી પુછે દુખ, અપવાશીને પુછે ભુખ; મરતગને ઘેર પુછે શોક, તેનું નામ ડાહ્યો તે ટોક; કોટી જનને પુછે પાપ; પુત્ર ગુણકાને પુછે બાપ, ગાંડા આગળ કરે પારશી અંધ આગળ ધરે આરસીબેહેરા આગળ વાજાં વાય, મુગાને કેહે ગાણુ ગાય, અમીર આગળ ગાયે ગીત ધાતિ સાથે કરજે પ્રીત, અહાતાની કીરતી કર. દેખા દેખી જળમાં તરે; તસ્કર સાથ કરે વેહેપાર અસુરને પુછે આચાર: પંડીત આગળ કરે પાખંડ., દીવાનના દેવા જાય હંડ. સામ સંગાથે હેતે હશે, ઉજડ ખેડામાં જઇ વસે. બોલે સ્ત્રીઓ સાથે સાચ; રાઢ તંગા જે સેહેલ તાજ; વ્યભીચારીનો આણે વિશ્વાસ,રાખે વેહેર જ્યાં વશે વાગ. કાયણને દેખાડે હામ;આળસુને પુછે જેમ કામ;ડસે નાગને પુછે ઝેર, પીતા હણનારને પુછે વેહેર.ખઇ રોગીને પુછે દુઃખ, સાધુને પુછે જે સુખ હડકવા હાલે ઓપડ કરે, તેનો અર્થ એકે ના સરે;ગઈ વાત વીમાશણુ કરશે.જળ પીતાં જે હડહડ હસસે; મારગ જાતાં ખાણું ખાય, હથીયાર વને જે ધાડે જાય;રાંક ઉપર રાખે જે રીશ:શતરૂને જે નામે શીશ; કરે પટલાઇને ભોળો થાય;શેઠાઈ વિપ્રની કરવા જાયે; વીદ્યા ભણી આણે અહંકાર. પ્રથા શીર માંથે લે ભાર; લાભ વિના માથે લે દાપ. દહાડી ઉઠી પુછે જોશ. મોટા માણસની સાથે વેહેર. પારકી રાઢ લઇ આવે ઘેર,વાત કરત પણ તેડેયા જાય,બોલાવે નહી ને ડાહ્યો થાય.અન્યાની અકલ આડીયા, ચતુરાઇ કરે ચાડીયા. મુનિનિ વધારે વાત, જુવે સન્યાશી કેરી જાત, નહે જે પોતાની જાત, વીખાણ કરે પોતાની વાત, અનુરવા હિને પુછે ગર્થ, વિશ્વાશીનો ન શરે અર્થ. ગુરૂવિના ન ભાંગે વિદ્યાગ, નીરમળ જનની કરે નીંદાય ચોર સાથે મળે જે ચીત. વાવરે જુગટા માંહે વિત્ત દેવર્થા ખરચે જે દામ;ફરી વળા ન ભજે રામ પ્રતાપ કરેને ન પુન્ય. શાણપણું તેનું તે શુન્ય; વિવાહ કરી પુછે વર, પાણી પીને પુછે ઘર,લુટાયાકેડે પુછે ડર. ખરા એટલા નો જાણ્યા ખર.પરનારી શું કરે જે પ્રીત, ચાલ ચાલે રાંડની રીત. કરે વગર વીચાર્યો કામ, બુડને ધીરે જે દામ, આપી વસ્ત સાંભળે આપ,વણ વાંકે જે ખાય શ્રાપ;વણ જાણ્યો રાખે વીશ્વાસ સહુમાને સોનીના સાચ,અહીં સાધે કરે જે આળ,આગળથી સજે દેવાળ.ધારાળાની રાખે ધીર, વાવરે જે કો અનગળ નીર.કોફીવજની જાણે સાચ. એટલા પંથ અજાણ્યો જાય રાજાનો આણું આશંક,વૈરના છીદ્રનો કેહે જે અંક,પ્રમાજે કરે જે પંચ

જતણું, આગ વીખાણ કરે જે ઘણું, ટાઢીનું ન રાખે તોલ, બોલે સભામાં ખરડક બોલ;જે કો હુવે કવીતા કવી.ભુંડી રીત કાઢે નીત્ય નવી;શત્રુની પ્રસંસા;કરેપું જી જે પરદેશે ઘરેઃ બ્રાહ્મણ સાથે જીતે જેર, ઘણું તેમાં અંધારૂં ઘેર, મુકે શુખ પામો જે ઠામ, મોટો મુરખ તેનું નામ.

દોહરા—જે કોદુઃખ ભાગી શકે.હોયેસમર્થ સર્મ,તેને કહીએ કરગરી,મન મેલીને મર્મ, સુખ મરેડ દુખ સાંભળી, પાયો ઉપગાંતો થાય; બોલી કરે બધચની માર્ગ ચાલ્યો જાય. તું જા મારગ તાહારે વધતો હોય જે વાટ;પ્રીત પરઠવા આવ્યો, અધરી ઉચાટ. સુખીયા દુખીયા સૌ રળે; માટે શો વીચાર;દુખભંજન થઇ દાખવે; વેદરૂપ દાતાર. જાણે વીકરમસન જણ્યો. કે વીકરમનો બાપ;વડુઆ હોય વીકરમ તણો, કે તે વિકરમ આપ, હોંશ કરે વિક્રમ તણી, પરદુખભંજન નામ; અરથ સરે નહી તાહરો કર તું તારૂં કાસ વાણિ સાંભળી વીકરમે વદીયો વદહથ વીર, આશ દ્રિથી અદકી ઘણી દીધી ધારણધીર આસનાવાસના અદકી કરી. મુસ્તક મુકયો હાથ,પાસે બેહા પ્રીતથી.સ્નેહ કર્યાં તેહ સાથ.તજો રીશ કારણ કહો,મટાડોમનનો શોક દુઃખ ન ભાગુ તાહરૂં,તિર્થવ્રત મુજ ફોક.હેતે દુખી હડહડ હસ્યો,માન્યોતારો મર્મ; પાસ બેસાડ્યો પ્રીતશુ હાથ અડાડ્યો કર્મ, દુખભંજન દુનીયા વીશે, ગુણ ઉજેણી ગામ, તું કયાંથી પેદા થયો,કેહેરે તાહારૂં નામ,નર કોઇએ સરજ્યો નથી, વીક્રમ કેરી જોડ;તે તમથી થાશે નહી શીદ કરો મન કોડ.ચંદ્ર સુરજ અજુઆળડા તે તુજથી કયમ હોય, કામ કરયાં જે જે વિકરમે; ન કરે બીજો કોય.ચોપાઇ—હાથ હુશ મુર્ખને ઘણી, થાવું શાસ્ત્ર છ એના ધણી; નીરધન મન થાયે મગન,કરૂં રાજ સોહીજગના રંક જાણે જે રાજજ કરૂં, પંગો જાણે જે પર્વત ચડું; વાંઝીયો મન વીચારે વાત સુપત પુત આવે ઘેર સાત;પાપી જાણે પાવન થાઉં,દુર્બળ કહે અમરત હુ ખાઉં;વાંણો દરીદ્ર કહે ઘોડે ચડુ.કાયર કેહે સુરાસુ વઢું અંધો જાણે દેખું આંખ, પંગો જાણે પામું પાંખ;વૈતરો જાણે કરૂંવહેપાર;તેને કર્મ લખ્યો છે ભાર;શોમજાણે દાતારજ થઊં,મુગો જાણે ગાણું ગાઉં:પાપી જાણે ધારણ ધરૂં,અભાગી જાણે હસ્તી ચડુ,કીકર જાણે પેહેરે કડું;હોંશ વણેરી સઊને થાય તેતો આળ પંપાળે જાય,નીર ધનના મનોરથ જેમ, કુવાની છાંય કુવામાં તેમ મોહોટા પુરૂશતણાં જે કામ, હોંશ કરે નવ પહોંચે હામ,તમારૂ મન એવું થાય, રામ દુખભંજન કહેવાય. તેતો હોંશ રહે મન હેર,જેમ આવ્યા તેમ જાઓ ઘેર. કહુ તેનો તુજને ઉપાય, જાણે દીધું તેતો ખાય,લખ્યા પ્રમાણે પામે લોક, મનના મનોરથ કરવા ફોક. એશું મન તાહરૂ પુન્ય પાસ, તે માટે મુજને શાબાશ, તું જાણે ભાગુ પરદુઃખ ધનધન તાહારી માની કુખ નોતે કાયા કસે; તે નર સોટે મંદીર વશે.બાળે ગામ ઘર ખુંચી લહે, તે વગડે વનચર થઇ રહે; ગામ જગાડે પોખે પ્રીત, ગ્રહસ્થ રાજ સદગુણની રીત,

આપ્યું ધન જે પાછુહરે.ભીખ માંગતાંભુખે મરે.વ્રત વીવેક આચાર,અવતરે દેવાંશી દાતાર, અભક્ષાભક્ષ જે ભક્ષણ કરે,શ્વાનયોનીમાંતેઅવતરે;તીર્થ કરતાંકાયાપડેહસ્તી ઘોડેસુખપાલેચડે;દેછેસંતસાધુનેમાર,ગરધવ્રથઈઉપાડે,ભાર;જેઆપેઠગલાટોપીઓ, ભંડાર ભર્યો આપે કોઠીયો;જે બ્રહ્મ નીંદામાં રહે ગર્ક.તેનિચ્ચચંડાળવેઠે નર્ક;દે છે દેવ ઋષીને દુખ;તે ભુંડી વેઠે છે ભુખ જ્ઞાન ગોપીતે શાસ્ત્રજ સૂણે, પઠે વેદ તેચારે ભણે;પુસ્તક ન દે બાળે પુરાણ,તે નર મુર્ખ પ્રઉઢા પહાણ;કન્યાદાન જુગતે જોગવે તે પદ્મની નારી ભોગવે;લુટે શણગાર સોહાસણના;વ્રણાત સ્વામી શંખણીયોતણા વેવિશાળમાં વઘરો કરે, તે જન્મજન્મ કુવારા મરે; દાશી દાન કરે જે કોડ,તેસતિ શીરોમણેની જોડ; જેણે પુજ્યા વિપ્રના ચરણ,મોટા તીર્થમાં પામે મરણ.ધાડોપાડ જે ઉપજ કરે, અન પાણી વીના તે મરે; સકળ લોક પર સ્ત્રીને પેર,સુપત તો તેને ઘેર; વ્રણાક સાધુને ગાંજીયા, નારી સરજે વાંઝીયા ક્રોધ સહોદર ઉપર કરે, તે વાંઝીયો અપુત્રે મરે વીપ્રધેનું ધાયે ણરવા તેનું કોઈ નવ રહે સારવા, ગોવિંદગુણ નીત્યે ગાય જે, ગયા શ્રદ્ધને તેનાં થાય છે,વેવીશાળ ભંગાવે ધણિ. તે પરણે નારી શંખણી હુતાશન હોમમાં હોમવી,તેની કીરતી કરે છે કવી:દાતારી દીલ છે જેહના કવિ વખાણ કરે તેહના,પર થાપણ પરનારો હરે. નીંદા લોક તેની કરે;આપીદાન જે અંન ખાય છે તેની કુખ મુક્તિ જાય છે; ભણે ભણાવે ગાયે ગીત. તેના પ્રૌઢ પંડીત પ્રીત; ઇશ્વરને નથી જાણુતા, છે રોગી મચક માણુતા, પરનારી પરપુરૂષ શું ભળે, તે તો કંથ સંગાથે ગળે વ્યભીચાર અદકી થાય છે, તે નારયો નીસરી જાય છે; વડ પીપળા વઢાવે જેહ,ખોટા ટુંકા વલ્લા તેહ; વવરાવે વ્રક્ષ જ ઘણાં, સદાવ્રત ચાલે તે તણાં; પારકુ સુખ દેખી જે બળે, તેતો અઘોર પંથે પળે. પરદુઃખે દાઝે છે દેહ, નર ઉપર સહુને નેહ ભુખ્યા તરશ્યાની વારે ધાય છે, અમરત મેવા તે ખાય છે, ગામ જમાડતાં જે કરે ભંગ ખઈરોગી તેના દેહ અંગ તપ જપ ગુણ તે ઇશ્વરના ગણે,તેને બારાગે ઘોડા હણહણે ભુંડી વાતમાં ભાવે ભળે,તેતો કણકીવશકા દળે; કરોડ વાર કહું શું કથી, અધીક ઓછું ઇશ્વર નથી; જે કરે તે ભોગવે સહી, આપે તેવું પામે આહિં;ખણે ભોમ્ય તેતો જઇ પંડ.હાણ વરધ ચટાવી ચડે જે કો જેવાં કારજ કરે, તેવે દામે તે અવતરે, હોંશ ઘણેરી સહુને થાય તેતો આલ પંપાળ જાય, નીરધનના મનોરથ,જેમ કુંવાની છાંય કુવામાં તેમ, મોહોટા પુરૂષ તણાંજે કામ, દુશ્મન થકી નવ પોહોચે હામ, તાહારૂં મન પણ એવું થાય, નામ દુખભંજન કહેવાયે, તે હુંશ રહેશે ઠેરની ઠેર, જેમ આવ્યા તેમ જાઓ ઘેર. કરો હુંશ તે સર્વે વ્યર્થ. એથી ન સરે તાહરો અર્થ, માહારી ભાગતી હોયે ભુખ, તો તો કહુ તમ આગળ દુઃખ હવડાની કહુ એક વાત, સાંભળ વાતને થશે ઉચ્ચાટ માટે તુજને શાની ચંત, જાને ભાઈતું તારે પંથ;તેણે મન મુકીને મામ,પ્રકાશકર-

યું પોતાનું નામ વીરજીત વિક્રમ તે અમો, સુખ દુખ મનથી કહો તમો, ભાગ્યું દુખ મનાવ્યું મન, ત્યાર પછી લેવું જળ અન;માગ્યા ન કરૂ મહારી વાણ,આદ્ય-શક્તની તે વાતે આણ;તહારૂં કામ મુજથી નવ થાય,તો મહારે નર ધરવી કાય; ધારણ તેને દીધી ધીર, ઓળખ્યો સાચે વિક્રમવીર; ઓળખ્યા અંગ તણાં એંધાણ સાચો એ વિક્રમ મુજાણ;સાચું બોલું છું સર્વથા,મહારા કર્મ કેરે કહું કથા;તારાપુર પાટણના રાય, જશવંતદેહ તે મુજ પીતાય; અજીત દેહ તે મ્હારૂં નામ કરૂ કુંવર પદીનું કામ બ્રાંહ્મણ એક નીત્યે આવતો,નોતમવાત કથા લાવતો;કથા એક હિવ-ષ્નની સુણીએં મારા દીલમાં ઘણી;પૃથ્વીની પ્રદક્ષણા કરે,જનુની જઠરે નવઅવતરે, અડસઠ તીરથ જેથી વળે,રઘુપતજી તેને મળે;જો પૃથ્વીની પ્રદક્ષણા હોય જમ ઝાં-ચકનાકંર નહિ કોપ;એવું પવિત્રવીપરે વાંચીયું;સાચું મારે હઇ સાંચીયું;વપુમાંઉ-પન્યાંનો વેરાગ,તેથી વૈભવ કીધોત્યાગ,ભોળાનાથ રૂદીયામાં ભજી.પંથ પળાયો અસ્વે સજી;માત પીતાને ના કહી વાત,છાનો નીકળ્યોમાઝમરાત,પ્રથવી પ્રદક્ષણા કારણે, બાળપણે નિકળ્યો બારણે;આઠર નીશાએ સમરૂઇશ,અહીંઆવ્યો થયાદીન ત્રીસ; માસ દીવસને એકજ દન,તે દહાડે આ દીઠું વન;લાગી ત્રષાને નેહથી નીર,આવ્યો આ કુવાની તીર;મન વલવલતું પાણી માટ. ઘણે દુખે દીઠા આ ઘાટ.દોહરા–દીઠો કુપજ કારમો,ફરતો વીપ્રજ વામ દીઠી વડછાયા ભલી ઠરી બેઠો આ ઠામ;તે દહાડે હુતી આષ્ટમી.દિવસ ચઢ્યો ઘડીચાર કમળ ખીલ્યુ એક કારમું.અદભુત રૂપ અપાર; ઉંચુહાથએક કુપથી.ડાંડીતો જળમાંયકોટી જીભ્યાયેશું કહુશોભાન કહેવાય;સહસ્ર કમળની પાંખડી દીઠ્ઠા કનકવત દેહ રંગઅનોપમ જુજુવા શી કહું શોભાતેન પ્રેમલ ખારી જાતીનો ડાંડી નવલીભાત,વરણમાં આવે નહિ, એવી અમુલક જાત;કહ્યા થ-કી કહેવાય નહી,દિઠ તેમ મનાય;દિઠેસઉ સુખ ઉપજે,નાનુ દીઠ દુખ થાય;દેવતાને દુર્લભ ઘણું લક્ષ્મી લીલા લહેર;સર્વ માંહિ હશે નહી,લે નહી કોઇ તેની હેર સહસ્ત્ર કમળની પાંખડી,સહુના નુજવારંગ;ત્રીલોકની શોભા ન.બીએ,નાપહોંચેઆસંગ; કમળ દીઠું તે કારમું,જન્મ્યા હું સાથ;ઇચ્છા થઈ એવી મુંને જેઆવે મારેહાથ;દુ-ર્લભ દર્શનદેવને, કરૂ હાથ કીરતાર;સરગ મરત્યું પાતળનું સુખ સાગરનું સાર,તે દેખી રીઝયો ઘણું જાણું જે લઉ આજ. અડસઠ તિરથ સઉ ફળ્યા, સરયું અમારૂ કાજ, સ્વર્ગ તણું સુખ શું કહું,શું કરૂં ઘણેરા ગરથ; કમળ આવે જો કર વીષે, તો સરે અમારા અરથ;ધરમ કામ જે અરથ મોક્ષ,પામે પદારથ ચાર;કમળ જો આવે હાથમાં તો પડીયો પોબાર; કર લેવા આદ્ય કરયો, તેમ તેમ પાછું જાય, ખાલી હાથ મારા રહ્યા મળક થયુ જળમાંહ, ઈંદુ પેસે જેમ આભમાં,બીંદુ ઝબકી જાય; કમળ એમ કુવા વીશે;તરત અલોપજ થાય.ચોપાઇ–ખાંત લાગી પુરણ મન ખરી. મેં તો મન પ્રતીજ્ઞા કરી;એ કમળ હું લેઉ આમ, ન લઉ તો બ્રહ્મહત્યા પાપ; સો-

એમ સમ કીધા મનસાથ,એ કમળ નવ આવ્યું હાથ;મન જાણે કુવેપડી મરૂં,કયાં જાઉં હવે શું કરૂં પ્રતીજ્ઞાની પીડે પડયો,આ ઠામ હું આવી ચડયો રાત સમે તો ઝાડે ચડું. ઉદેકાળે અહીં આવી અડુ;હુતો તીર્થવરઘ હારીયો વૈરાગ તો વાધે મારીઓ;વનફળહું મુખમાં નવધરૂં.કાળખેપની કષ્ટે કરૂં મા;માહરૂ કમળમાં વળ્યુમન, તજ્યુ સુખ નિદ્રા જળ અન;કાયા એમ ઘણિ કષ્ટમી,એટલે આવિ બીજી અષ્ટમી; તારે અંબુજ પેદા થયું,તે દેખી દુખ મહારૂ ગયું,કર લાંબો કરયો જેટલ, અંબજ ગર્ક થયું તેટલે, તે દહાડેથી બેશી રહ્યા ઘણા દીવસ એમ કરતાં ગયા; પંદરમે દિવસે જોઉછું, ભુખ તરશ સઘળું ખોઉછું વિજોગ થકી હું ચુકી જાઉં, અંબુજથી નવ પલવ થાઉં,દેવ થકી મને વહાલુ રાજ,તેહ તજ્યું તીરથને કાજ; તેહ તીરથને ગયું વીસરી, બુદ્ધ આવી અંબુજમાં ઠરી,તે આવે તો પહોચે આશ. નહિતર દેહનો થાશે નાશ,ટીટી જાત રજપુતની ઘણી, ટેક ન મુકે પોતા તણી, અન વસ્ત્ર ન હોય ઓરડી તો આંબળો ન થાયે દોરડી;વેઠે સાત હીવસની ભુખ. તોએ મુછ મરડે એ મુખ; દુખ ન કહે કો આગળ પ્રીત,એનો રજપુતાંની રીત;ખાંતે ખોખારા અમલજ કરે;ઘરના છોકરાં ભુખે મરે.ન કરે કોની મીથ્યા શેવ વાઘ ક્ષત્રીની એકજ ટેવ, ડંક્ષ ન મુકે મનથી મામ, કરે મનમાં ચિતવ્યાં કામ.દેહ જાય પણ ડંખ ન જાય, જાય જીવ નિચો ન થાય. વમૂ નાક માંહે બહુ રીસ ચઢયું રાખે પોતાનું શીશ.મુકાતી નથી મેં મામ બેઠો રહુછું આગે ઠામ. કહી વાત તે સાંભળી કરણ,આઢમાં ઓછા દિવસ ત્રણ; રાજાને મન લાગી રઢ, તે અંબુજ મુજને દેખાડ, વીક્રમ બેઠા સરવે તજી,ભારે કમળ હઇડામાં ભજી.જોઉકેવું કેવાં વાંન કેવાં પત્ર પાંખંડીનેપાન. દોહરો—આવ્યોદીનઅષ્ટમી તણો હઇડા માંહી હેજ,અંબુજ દિઠું અવનવું તરૂણિ તેવું તેજ પાંચ રંગ એક પત્રમાં પાંખડી શહસ્રજ પાન, ન દિઠું સાંભળ્યું, વારૂ કમળનું વાન. કમળ દેખી રીઝયો ઘણું, નરપતિનીરમળ નામ, આ રચના કો કારમી; કોઇક દેવનાં કામ સ્વરગ મરત્યુ પાતાળની, શોભા એમાં હોય, બ્રહ્મા વિષ્નુ વરૂણ કળી ન શકે કોય. રાજ રીધ નવ નિધ રીધ, પુત્ર મીત્ર રીધરંગ, એ રચના જો તળીએ; તોય ન આવે પારંગ ગણું દુખીયો મુર્ખ છે, બેઠો કમળને કાજ, એવું તેમાં શું હશે, ગમાવી બેઠા રાજ,એ દુખીયો બહુ દાઝલો એ પણ ચતુર સુજાણ, કમળનિ શોભા નિરખતાં, મારો પરવશ પ્રાણ, વૈરાગ્ય બાંધ્યો વરખડે સમરી હરસીધ્ધ માત. રક્ષા કરજો માતરી ઘોડાનિ ન કરોવાત. વરખંડ ચોકી વિરનિ ઠરી રહ્યા તે ઠામ. વરૂ વાઘ ને વનચરા લેઇ ન શકે કો નામ. ભીડયો કાછડો ભુપતી, સમર્યો ઇષ્ટ વઇતાળ. વરૂણ દેવ વારે ચંપા તુરત પરવરૂ પાતાળ, અંતર આવરહા લહે. વેગે પુન્યન વરત. વિશ્વાસ ખરો વિપુ વિખે, માંથે નવ મરત. આયુષ ખુટ્યા વિણુ ન મરે,પલકમાં પાછી થાય.જવતલ ભાર ન વધે મટે લખ્યા લેખ

લેવાય, માથે ઇષ્ટ જોરાવરી, હરસીદ્ધ હાજરા હજુર. આખર પુન્ય પોતે તરે, નરપતનું અહુ નુર મોત થકી જે નવ ડરે, જ્યાંહાં ધારે ત્યાંહાં જાય, વાઘસીંહકે રાક્ષસો, ગણે ન લેખા માંય. ચાચર દેઠ્યા ગામની હતુ દ્રષ્ટ હરસીધ. માહાકાળેશ્વર માહાસતિ, તેની વાચા સીધ, નીસ્ચે મન નરપતી તણું, વિવેક વીચારયું વરત; આયુષ પુરૂ થયા વીના, મેળે ન આવે મરત; એમ લખ્યું હોય કર્મમાં તેતો એમજ થાય; નાઠે કો છુટે નહી કાળ અચાનક ખાય;ન ગાડતાં ધરાણી હુશે, કવચ પેહેરતાં કાળ; વ્યભીચારી નારી હશે જેમ કંદ ખેલાવત બાળ; મલકોરીને પેસતાં, મેળ ન મુકે મોત; આયુષ પુરો ફંડા જશે, ગોફણ ગોળા હોત, કરણ યુધિષ્ટર રીધીપતી દીવ્ય દશરથ નર શ્રી રામ;મુવા નથી છે જીવતા, જુગમાં રહયાં છે નામ, જશવાળા જે નર મુવા જુગ જુગ જીવ્યાપરાણ; અપજશી જે જીવ્યા અધીક, તે મુવા નીરવાણ હાથી ઘોડા ગામ ધન નીર્ગુણ ચકવે રાજ;જંપાવું માહા જળ વીષે, છે પરદુઃખ ભંજન કાજ એને વાહાલુ કોઈ નથી, રાજ રિધ ધર સુત્ર;વાહાલુ એક પ્રમારથી, જેમ પેટ પોતાનો પુત્ર; હાંહાંહાં દુખીએ કહયું,માંમા ભારે ભુપ; પલવટવાળી પૃથ્વીપતી; પડ્યો કરમી તે કુપ; ગ્રહ હોય જેના પાધરા, જેને માથે ઈશ; પુન્ય વહાલુ હોય જેહનું, તે પાસે જુગદીશ, પરદુખ દેખી દુખ ધરે, પરસુખથી સુખ થાય;સાચી વાત તણો સ-ગો, તેને શીર રઘુરાય. અવળુ કરે જો આપથી, શેહેજે સવળુ થાય;અમ્રત થઇ તેને પચે, ઝેર ભયાનક ખાય. ધીરે દામ દેવળને દહાડા પેર; વ્યાજ સહીત વાળી કરિ, આપવા આવે ઘેર ઇશ્વર સન્મુખ જેહને, પુન્ય ઉપર વિશ્વાસ, દુર દુખ તેનાં રહે સુખ સમીપે વાસ.

ચોપાઇ—નરપત પડીયો નીરમાં જઇ, ગરજના પતાળે ગઇ; અભય અજીત એ આસન ધીર, નરપત પડ્યો સુઇ ઉંડે નિર, અગ્ની ન બાળે કામ ન ખાય, ભેદયો ભુપ તણો નવ જાય; સીધ સંગ તણી શુભ શેવ, માથે જેનેછે મહાદેવ હજાર હાથનો માથે ધણી તેને પીડા કયમ બણિ; ત્રાશે હરણ જેમ દેખી વાચ, તેમ આપ્યો પાણીએ માગ. રાખ્યાં ભાળ બલાડી તણાં ટીટોડીનાં ઈંડાં ઘણા કુંજર રાખ્યો નીરમળ નીર, જેનં સાહક સ્યામ શરીર, સુધનવાને તેલે તળ્યો, કરયું શીતોદક તે નવ બળ્યો; મોરૂધ્વજની વેહેરીતિ દેહ, તરત કરીતી સાજી તેહ. પ્રલ્હાદે મેળવ્યો તો ભુપ, ત્યાં ધરયું નરહરનું રૂપ, ચંદ્રહાસ્યપર ધ્યાન જ ધરી, વીખ ફોડીને વિખીયાકરી;લાખાગ્રહે પાંડવ બળીયા, વિખ મોહિકથી પ્રતિ પાળીયા, સગર તણો ચેલીયો બાળ રાંધ્યો ખીચડો જીવ્યો તતકાળ. અખીલ પુંઠે ફીરપા કરી મુકયું ચક્ર છે પાછું ફરી; પંચાળીના પુરયાં ચીર. ભરી સભામાં રાખ્યું નીર. એવા લક્ષધા ભગત અનેક; વધાર્યે જશ તે વડો વિવેક, જેને ઇશ્વર અતી રૂદે દુઃખ નવ પામે રતી, તેર કુપનો લીધો પાર, સઘળી શોભા તેમાં સાર; ગુફા કુ-

પમાં મોહોટો મહેલ, તે આગળ ઈંદ્રાસન સેહેલ; તે ઉઘાડી પેઠો માંહ. નવતમ શોભા દીઠી ત્યાંહ; ફળવાડી ફુલને ફળી, ભાર અઢાર રહ્યા છે મળી, સુંદર એક સરોવર સાર. કમળ ખીલ્યાં છે અપરમપાર; માન સરોવર સરખું વાર, કમળ કાળમા લાખ હજાર વાજાં દેવતાઇ વાજંત, ગોષ્ય શબ્દ ઘણા ગાજંત, છુટે બેહેક કસ્તુરી તણા; શોભા ઇંદ્રાસનની ન મણા બોલે મધુરા હંસ ચકોર, મેના પોપટ મધુરા મોર; ચકવા ચકવિ કલોલ કરંત.હોંશી જનના મન હરંત;છએ રૂતુની શોભાજેહએકરતે ખીલી રહી તેહ જોયું કારમું છે કૈલાંશ, એવું સર્વ શોભે અવાસ;દેખી દુખ રાજાનું ગયું, જીવતર સફળ પોતાનું થયું, શોભા જોતો આઘો જાય, ભય કોનો ન ગણે મનમાંય; કેતકી ચંપક ને જુઈ જાય માલતી મરૂઓ લીંબ લતાય; આસોપાલવ આંબાના વૃક્ષ, વડ પીંપળ દાઢમ ન દ્રાક્ષ; ખારેક ખજુર અખોડ અનાર, શેતુરશીતાફળ અપાર, રાયણ જાંબુ કદળી વન, તે ન્યાળી હરખે વદન મીઠા મેવા મંડપ દ્રાક્ષ તડચુબ શોભીત શાખ: આંબલી પીપળી તળસી વન ત્રપ્ત થયું રાજાનું મન માંહી બેઠી મોહકમ માનની ભરજોબન ભારે ભામની; જેવી શર્દનીશાની રાત જુવતિ દીઠી જોબન જાત.હસે રમે ગાયે ગુણ ગીત, પરસ્પરે તાલી લે પ્રીત;તે માંહ એક આપે મખી, બીજી સત સહસ્રધા સખી. વનીતા દીઠી રૂપે વડી વિધાતાને હાથે ઘડી;પરનારી સહોદર એહ, નારીસાથ કરે નહીનેહ. સ્નેહ કરે પુત્રી કે બેહેન,એવા છે સતવાદી ચેન પૃથ્વીમાંહે જુવતિ જાત. નાહાની બહેન ને મોહોટી માત;એને કામ છે કમળજ તણું, જોઇને હરખ્યો છે ઘણું. જીવથી વહાલો જાચીક જન, મહિમા પુન્ય ઉપર બહુ મન;સહજ સરોવર પાળે ગયો. ભામનીને ભારેભય થયો. પાડીબુમ પડયો પોકાર,ધાઓરે ચોકી કરનાર જોર કરી ધાયા સહુ જોધ, કર આયુદ્ધ ધરયો મહા ક્રોધ, પ્રૌઢ તસ્કર કોણ પેદા થયો,લંપટ લુંટી હરામી લહયો; મારમાર કરતા સહુ ધાય. મહીપતે સમરી હરશીદ માય.પ્રત રીત તેણે છાંડીયો.મોહોકમ માર દેવા માંડયો;ધાયો વીર મન રાખી ધિર વિક્રમે સમર્યા વિર પવનવેગથી સુદ્ધા સાથ; તીર તીરકશ હથીયારો હામ, લાગી રિસ રઢીયાળી રાઢ, કો કેની ન માને આડ. મચ્યુ જુધ રચીયો રણજંગ શામદ રહી શકયા નહી સંગ લઘુ લાઘવી વિદ્યા કરે, ફરે ચક્કર તેમ પુંઠે ફરે,દેવિ તર રણમાં ઘણા ઘાવ કો કોને નવ પામે દાન. મેરૂસંગે મેહજ પડે, એને અગન આયુદ્ધ અડે; કઈને ઢાળી પાડયા ધરણ, કોઇને પકડી ઝાલ્યા ચરણ અદ્રષ્ટ વિદ્યાએ આપે રમે, ગુપત વિદ્યાએ વનમાં ભમે; ખેંચર વિદ્યાએ કરો જાણ, સકળ જુધ માંહે સુજાણ વૈતાળ સરિખો જીત્યો જાત બીજા બળીઆ એ કુણ માત્ર; છત્રીશ આયુધના જાણે ભેદ ક્ષત્રી માંહી નહી ખેદ. જેને માટે શક્તિ સ્વરૂપ, તે કેમ ભેદયો જાએ ભુપ. દારૂણ રાઢ તે હામે થઇ, તિથી પંચ કરતાં ગઇ, હોંસીલા હોડે હારીઆ. સામા થયા તે મારીઆ. નાઠા

નું નવ લીધું નામ,અત્યંત જુધ થયું તે ઠામ. રામ રાવણનીજ રાઢજ ઘણી તેવી રાઢ થઇ તે તણી, જાણે થયું ભારે ભારથ. સંગ્રામે રાજા સમરથ, શીકારવિદ્યા સ્નેહે કરે, દેખી દુશ્મનથી નવ ડરે;કાયર નાઠા જે હારીયા,સનમુખ થાય તેને મારીયા પાડી ભુમ ગયા સહુ ત્યાંહ. બેઠા ખેલે ચામુંડા જ્યાંહ.આયુદ્ધ નાંખી સર્વે નમ્યો દેખી દુશ્મન તેને દમ્યો; વારૂ જુધ કરે વિધવિધ, દીસે છે કો સાચો સિદ્ધ, માહા રૂપાળો છે માનવી,નથી જણાતો દેવ દાનવી,અવનવો દિસે છે ઇંદ્ર,જેવું તેજ કો સુરજ ચંદ્ર. સેવકની વાણી સાંભળી,માતા મનમાં પોતે રળી, આયુધ કરમાં લીધો દંડ, તેહ ચતુરા ચામુંડ,ભાંદે ઝાપુસ દીઠા ભુપ, રાજ તે રઢીયાળુ રૂપ મુકી ખારને પરઠી પ્રીત, પુછી વાત રૂડી રીત. સાંભળરે તું વરદહથ વીર તજતે કેમ ન બોળે નીર કેણ જીવતો આવ્યો અહીં; મારી વાડીના વનમાંહીં.

દોહરા—દેવ દાનવ આવે નહી. અવર ન લોપે આણ; તે ન જાયે જીવતો, પ રહે પોતે પ્રાણ. શુકન કે અપશુકન હુવા, કે ગ્રહ વાંકા તુજ, આયુષ તુજ આવી રહ્યું મનશા શીધ કહે મુજ;દેવરૂપ છે દીસતો, માટે પુંછું વાત, નીકર વણ પુછે ગણુ, કરૂ તમારી ઘાત, વીક્રમ કહે વીનતા સુણો અક્કલ તારિ આજ, તાહારે માથે શીંગડુ. જે લોપે નહી લાજ. માથા વીશ હશે તાહરે, હાથ હશે હજાર, તાહારી લાજ લોપે નહિ, એવડો સો છે ભાર. એવું તે પ્રાક્રમ કરયુ, છે તો જુવતિ જાત, અજીત કહાવે છે એકલી, કહો વાણી વીખ્યાત. માનનિ કહે મહીમા કહુ. મોહોટાં ઉમયા માત, ધરણીપત જેનો ધણી, હીમાચળ તેનો તાત, વિશ્વ બાધે વ્યાપી રહ્યા, અકળ સ્વરૂપ અનુપ; કરતા હરતા કરૂણાનીધી, ભેદે નહિ ભ્રમ ભુપ, ચોશઠ રૂપ ચોખુંટમાં, નીરમળ રૂડાં નામ. સેવકના સંકટ ભાગવા; થીરકરીથાપ્યા ઠામ તારા ત્રીપુરાને તોતળા, વિવિધ માનવરાઇ; બાળા બહુચરાબાળીકા,અખીલ તેજ અજાઇ શારદા શીધવા; રૂટી રામા. રૂખમાઈ, કુન્તા કલ્યાણીક કાળીકા, મહાદેવી મહામાઇ, બુદ્ધિ શીધી બહુનીધી હીંગળાજ હરસીધ, આરાસુરી અનપુરણ વેદી વખાણુ, વિધભ્રમાણી પ્રમેશ્વરી. ગીરતાતરેશ્વરીગોધ;કાત્યાયનીકાક રેલરી. મારતંડરૂંડેરોખ, રાધા રૂકમણી રોહીણી, રંનાદેરોખ; રૂપ એક એકપેઆગળી; ભમે ખોળતા ભુપ, જગદંબા જ્વાળામુખી, નંદા આનંદ નામ; ભદ્રા ભામા ભુદરા. સ્થીરતા ઠામોઠામ જયંતા મંગળા પીંગળા, ક્ષ્ના કાવેરી કહેણ, દુરગાદેવી દાખણી, વદે કવીશ્વર વેણ, ભ્રૂરજીત પાવક સીંહણી, કર્તા હર્તા આપ, અમેરાશીછું તેહની, છતે શાસ્ત્રનિ છાપ; નામ ચામડા મહારૂ ઉમીયાજી શીરહાથ પારવતીની સહચરી સાચું કહુ તમ સાથ, જયા વીજયા નરાક્રમા, ચામુંડા શુભસાર; કોટાનકોટી છે ઘણી આ ભીંતરએ ચાર; પદપંકજ નીત શેવતા, બાહયા કેટલેજ કાળ;એક દિવસ ઉમીયા કહે, અણીઅદકોવાહાલ, ચારસ્થાળ પોતે રચ્યાં ચારપાંચ એહેશ;

ખાઓ પીઓ ખુશી રહો. સુખ કરો સુવેશ. દેશ દેશ પુર્વ જ્યાં,પશ્ચમ જ્યાંનોકામ હક્ષણમાં તુળજા વસે, ઉત્તર બહુચરી નામ; શોભા વિવિધ પ્રકારની, ખાન પાન ભરભોગ; જરા મરણને દુખ નહી, નહી વ્યાધી નહી રોગ ખટ ઋતુ સદા ફળે, અંબુજાઅહકાંહોય;મહીમા મહાકાળી તણો, ગાંજી ન શકે કોય.ગમતી મોજે માણીએ, વીવીધ પ્રકારે વ્રત; આવે કોઇ કપટે કરી, નીસ્ચે પામે અંત,અચરજસુજ્યે એકછે, જીવતો આવ્યો આપ; ઉતપત કહે તુ તાહરી.કોણ માત કોણ બાપ. જુધ કરતાં કેમ જીતીયો કેમ ઉગરયો આદીશ, ઇશ્વર આણ સાચુ કહો, કોણ ઇષ્ટ તુજ શીશ. ચોપાઇ—ધરણીપત રાખ મન ધીર વચન પ્રકાશ્યું વીક્રમવીર; અંબામન મુકો આંબળો ઊતપત શેવકની સાંભળો;અધસુરનાયકનો અંશ મરતલોકમાનવનો વંશ,માળવ મુખ ઉજેણી ગામ,વીરજીત વીક્રમ મારૂ નામ ઇષ્ટ ઇશ્વર હરશીદ્ધનો હાથ. આગીઓ વીર શોભે મુજ સાથ;મહાકાળેશ્વરને પુજીયે,તેના જોર થકી જુજીએ પંચદંડ જીત્યાછે ઊર;ત્રીપુરારી તેનો છે તોર પુન્યધરમ રહેછે મુજ પાસ, જાચક વિપ્ર તણો હું દાસ,ગૌબ્રાહ્મણ સ્ત્રીની વાહારે ચડુ વાટ દેખિ દુરમનનોધડુ; મમત કર તેને મારીએ;હાથજોડે તેથી હારીએ,તજ્યું રીધ વર સુત્રને રાજ.આવ્યોછુ કરવા પરકાજ, કમળ એક અહીંઆથી લેશ;દુખીઓ બાહાર બેઠા ત્યાંદેશ; મુજને તો નવ બોળે નીર, ભેદી ન શકે પેગંબર પીર, એ હકીકત માહરી ખરી, સુણ માતનું મનધરી;એક કમળકેરે કારણે આવ્યોછું તાહારે બારણે,પરદુખભંજન કહે સઊ નામ;કરવા આવ્યોછું પરકામ આપો કમળ અહીંઆંથી એક,ત્યારે અમારો રહેશે ટેક નીકર જુધ અમારે થશે લાજ ચોકીવાળાનીજશે. દોહરો—વનીતા હરખી વાતથી,ભલે આવ્યો આ ઠામ. વાટ જોઊ કંઈ દીવસથી.મહારે તમારૂ કામ; દેઊ વધાઈ દાન બહુ, મહીપત મળવા કાજ; વેરૂ ફુલ વનિતા કહે, વીક્રમ આવ્યા આજ; મોતીચોક પુરાવિયે, દુધે ઊમર ધોઊ; કુમકુમ છડા દેવરાવીએ, દુખદરીદ્ર ખોઊ બુધ સાગર પછે બોલીયો, રામા એ શી રીત. વાટ જુઓ છો માહરી, કીયા દિવસનિ પ્રિત, શી ઓળખાણછે માહારી,કોણ વસ્યાં તે વાટ;કોણે નામ માહારૂ કહ્યુ, વાટ જુઓ શા માટ; ચામુંડા કહે ચીત ધરો,રોશ ન કરસોરાજ કારણપ્રિત તણુ કહું, મારે તમારૂ કાજ;પુજા કરવા નિત્ય જતાં, પાર્વતીને પાસ એક દિવસ પ્રસન્ન થયાં. અહકી દિધી આશ કહયું દહાડિ નવ આવશો. દુઃખવેઠા છો જાત્ર; વરસએક આઠ દિવસ,જ્યારે હોય નવરાત્ર;તે દહાડે કરજો પુજન માનશે મારૂમન

ચોપાઇ—વચન માતનુ મુસ્તક ધરયું, જેમ કહયું હતું તેમ કરયું નવરાત્રીનો આવ્યો દિન, અમો ગયાં કરવા પુજન. વાટે જતાં આવ્યું મરણ, એકનાર પડિતી ધરણ; મઈ દ્રષ્ટ તે ઊપર તતં, માનવી પામી દિઠિ મરત;ધાવતુતુ એક તેને બાળ, રહ્યાં ઊભીયા જેવા તતકાળ; નજર નાર ઊપર મેં કરી મુઇ માત જીવે દિકરિ,પેટ

ઉપર મરતીતી તેહ. બાળક જોઇને પ્રગટ્યો નેહ; તે કુંવરી ઉછરંગે લીધ,કરૂણાતે ઉપર મેં કીધ, એમ કરતાં ગયા કૈલાસ, બાળકી મુકી પારવતી પાસ; સુભટ એ સાસુ જોયું.જન્મ દુઃખ તેનુ ખોયું;કોટે કુસુમનો વાલ્યો હાર વાધ્યું અહુરૂપ અપરમપાર,મેં કહ્યું એને શું કરૂ કયાં રાખુ કે આગળ ધરૂં.મુજને ઉમીયાએ શીક્ષા દીધ કરૂણા બાળ ઉપર કીધ. વરસ તેરની બાળા થશે,તારે એનું દુખજ જશે; વીક્રમાજીત ધરણીપતધણી તેની કીરતી જુગમાં ઘણી; કોઇ સંભવને કારણે, આવી ચડશે તે બારણે; તે ઓળખ્યાનું એંધાણ, પગે પદમ કમળ પ્રમાણ; હશે ઢીંચણથી હેઠ હાથ, તારે ઓળખજે તે નાથ તે શું પ્રીત ઘણી થાપજે એ કન્યા તેને આપજે તે એંધાણ તમારાં મળ્યાં, દુઃખ હમારાં તેથી ટળ્યાં, આ ઠામે આવી નવ શકે ધીરવીર મહાદાતા પખે; તે પુત્રી છે માહારે ઘેર,તુને પ્રણાવું રૂડી પેર મહીપત કહે સાંભળરેમાત કહું એક સાચી તુને વાત. ઘેર બેઠે વીવા મુજ થાય; રાણી થઈ રહે મોહાલમાંહે;મોહોલમાં બેઠે જે કોઇ થઇ,તેનો સ્થીર થાવર થઇ રહી. બહાર નીકળુ પર કારણે, મળે મોહોલ મુજને બારણે; અર્થ ગર્થ કેનારો ઘણી, સકળ વસ્ત તે દુખીઅ, તણી; નિકળ્યોછું હું કારણ ઘેર,સકળ વસ્તુ તે તેને ઘેર નવ રાખુ નીશાની એક, એવું મારે વરત વીવેક; એવું જોઇને આપજે મુને; આગળથી ચેતાવું તુને.વળતા દેશો મુજને શ્રાપ,તેતો હું નહીં લેઉ પાપ: કહેછે ચામુંડાસાંભળ ભુપ, રૂડુ જે તમારૂ રૂપ.જે તમને ગમે તે કરો માહારા મંદીરમાં પરવરો;એ વાત ન જાણુ અમો, કહે કન્યા તે કરજો તમો.

દોહરા—વીચાર કરી વીક્રમ કહે, હું આવું તમ સાથ;બીજું કામ મુજઉકલે અંબુજ આવે હાથ, ચતુર ચીંતા કાં કરે; ભુપત રાખ તું ભાર;એક કમળ ઇચ્છા તમો, એવાં આપુ હજાર, મંદીર લેઇ ગઇ માનનિ, દીધાં આશન માન; લવિંગ સોપારીએલચી,બીડલેબાસઠપાનચોપાઇ—નાહાવા કારણ મુકયું નીર,ત્યારેબોલ્યા વીક્રમ વીર; જ્યાં સુધી ન કરૂ પર કાજ ત્યાં સુધી તો ભોજન તાજ; એક કમળ દુખીયાને દેશ, અંન જળ મુખમાં ત્યારે લેશ;કમળ દેખતાં ભુખજ થઇ; વચન ફળ્યું ને સાતા થઈ, રંગભેદ વીહાણી પ્રીત થકી ઉડયા પ્રભાત ચંડીએ વિચાર્યું મન;ભુપત નવ કરે ભોજન ખોટી એને નવ કીજીએ કન્યા સમેત કમળ દીજીએ; ત્યારે કન્યા બોલી વાણ, સાંભળ વીક્રમ ચતુર સુજાણ; ભલે પધારયા માહારે ઘેર કહુ મારા પરણ્યાની પેર; ઝાઝી સમરણ છેજીમુને, માંડી વાત સાચી કહુ તુને. પેહેલા જન્મ તણી જે કથા. તમ આગળ પ્રકાસુયથા પરદુઃખ ભંજન તાહારૂ નામ તોતો કર એ મારૂ કામ;પરદુઃખભંજન જાણુ તુને કહુ એ વર પરણાવો મુને;પહેલા ભવ ઉતપત ધણિ તે પરણાવો મારોધણી કરો સર્વથા મારૂ કામ,તો દુઃખભંજન તારૂ નામ.

દોહરો—ભદ્રાવતી નગરી તણો. ભદ્રસેન ભડભુપ;જસ જગતમાં જેહનો રાજ તેજ રિધ નગ્રશેઠ તે નગ્રનો નાલચંદશા નામ સોળે વરશે સલક્ષણો, કરે નીત રૂડા કામ; પ્રાક્રમ પ્રૌઢા તેહના પંચ કરે પ્રમાણ; ભાવ ઘણો ભગવાન પર વારૂ સુણે વખાણ શ્રાવક ધર્મ શીરોમણી તપાગચ્છને ટેક;જીવ દયા પ્રતિપાળ છે, ન્યાવટશાવટનેક. પોસ કરે પખવાડીયાં.મુમતી બાંધે મુખ લખ પચખાણ લીલોતરી. દેહે વેઠે એ દુઃખ પાચમ આઠમ ચૌદશ, કરે વંદે મોહોટા વીર પચુશણ પંથ સાચવે, પીએ નિત ઉનાં નીર ભાગ્તાંબર ભાવે ભણે, પુજે જતીના જોગ;શ્રાવક ધર્મ એ સાચવે નહી મનમાં ભોગવૈરાગ મન તેને વરયો પરણે શું થાય, અલ્પ આયુષને અલ્પ સુખ, કાળ સહુને ખાય ચીરણજીવી કોય નહિ, જીવે શી એ વાણ ફરિ ફરિ અવતરે લખચોરાશી ખાણ,પુજાશ્રી પરીબ્રહ્મનેનીરદોષણ જેનું નામ કાયા પડે કહે કળી પામું રૂડા ઠામ.પીતા દુખ પામ્યો ઘણું,કરી લાંઘણો સાત;પુત્ર આવી પાયે નમ્યો,વળાત પુછી વાત; શા માટે તમે દુખ ધરો, રૂદન કરો તે ફોક તમે કહો તે હું કરૂં,શીદ ધરો છો શોક; પીતા કહે પરણો તમો,સુખ બહુ અમને થાય મોહોડ ઘાલે તુજ માવડી પ્રેમે લાગે પાય;વચન આપ્યું તે દીકરે,બહુ સંતોખ્યો બાપ, માનની મન વીશેમા, હારે, તો પરણું હું આપ શોમાસા એક સેહેરમાં તેજા તેની નાર;તેની કન્યા કુમકુમ વંતિ.શો શોમાશામાહરા તાત, મહાલક્ષમીમંદીર ઘણી અલખક અપરપાર, બત્રીશ લક્ષણિ બેટડી; વર્ષ થયાંતાં બાર;જ્ઞાનવતીને ગુણવંતિ માહરૂપ શ્રાવક ધર્મ સદાવ્રતી અક્કલ અધીક અનુપ.પીતા કહે પ્રણાવિયે મેંતો કહયું મુખ નાય,અલ્પ આયુષ માનવતણું,સ્થીર નહીકોનીશોવિશં શીયળ સદા કરીશું વારૂ વરતસ્વર્ગમા રંગ સુખ ભોગવું,માનીશું જાણે વ્રત. પીતા કહે નહી પુર્વ કુંવરી તાહરૂકામ કલંગ ચડે મુજ કુળ વિષે નીચ કેવાઇશ નામ.મન ગળ્યું પછે માહારૂ પ્રઠી પુરણ પેર;પરણાવિ મને પ્રીતથી નગ્રશેઠને ઘેર બેજણ તેવડ તેવડાં જોવાસરખી જોડ; રતિ કામ સરીખડા,નહી ખાંપણ નહી ખોડ. જેવાં ઇંદ્રાણી ઇંદ્ર છે,જેવિ રોહિણીને ચંદ્રજોડું એવું જુગતથી માળીયામોટા ચંદ્ર ભરજોબનમાં બેજણાં ભામનીને ભરથાર, એક એકને મળ્યા તણો આનંદ અપરમપાર એક એકને દેખી ઠરે અતી હરખ અતી હીત એકજ સેજ સુતા તણો નેહ ઘણેરો નીત ખાવા પીવા રહેવા તાજુ મુખ તંબોળ; રાગ રંગરંજીગ સદાકામની કંથ કલોલ ધરમ પારતાં શ્રાવક તણો,જીવ દયા દીવ્ય દાન; સાસુ બોલતા સર્વથા,ગોવીદના ગુણ ગાન.પોસાળે અમેનીઅ તાં સાંભળતાં સારી વખાણ;અપવાસ કર્તાં આઠમ દીવસ પોસાપંચપ્રમાણ પચુશણનાં પરખાં, ગયા દેવને દેહરે દાખ;ભક્તાંબર ભાવે ભણ્યા જૈની શાસ્ત્રજ પુરે શાખ.છપા જેણે જીત્યો કામ. ભલો મારગ તે ભાળ્યો. જેણે જીત્યા કામ, લખચોરાશી ટાળ્યો જેણે જીત્યો

કામ. શીળવ્રત તેણે સાધ્યાં જેણે જીત્યો કામ. વિશ્વ બધા માંહે વાંધ્યા, કામ જેણે જીતિઓ, ધર્મ સઘળો તેધારીઓ. કામઅંધજેકો થયો. તે જીતી બાજી હારીઓ જીવ દયા પ્રતીપાળ,જન્મ ધરી નવજાણ્યો,પાપીપુરા પ્રમાણુ ભોગવે નર્કની ખાણો જન્મધરીને જોગ, ધન તેણે શું કીધુ, અમરત જીત્યું આપ, ઝેર હળાહળ પીધુ શિળવત સાંધ્યાં નહિ ઘણાક સમજા ઘાટમાં મનુષાદેવ મહા મુલ્ય છે,સામળ કહે નાંખ્યા વાટમાં, શેતરંજો શરવ સમેત શીખરનિ જાત્ર પાર્શ્વનાથ પુન્ય પ્રિત જે છે પ્રાણુ માત્રા.મુમતિબાંધેમુખ,ઊશ્નોદક પીવા આપેમુજને ગ્રહેવુ પ્રાણ,ગુરૂ એ ગુણ પ્રતાપે જૈન ધરમનિ જોજવી ભાર ધણે જે રહે ભર્યા, સાળ કહે શિળવ્રત ધર્મ, નર નારી તે તો તર્યા, દોહરો—પ્રતિજ્ઞા કરી પંડમાં મે વિચાર્યુ મન અંગ પંદર દિવસ પક્ષઅજવાળીયાં,સ્વામિનો નકરોસંગ આજથકી અજવાળીને, વનિતાએ કીધવાત,પરણ્યો જે પતિ માહરો તે માનો જાયે ભ્રાત જેણે પાળીયાંછે શિરવ્રત,તે-તો પામ્યા ભવપાર એવું જાણિ મેં તજ્યો ભાવેશું ભરથાર પ્રતિજ્ઞા કરીને પ્રેમદા, પોતે ગઈ પીતાને ઘેર.પછે દેહેરે પતીગયો,પ્રૌઢિ શિ તેનિ પેરસ્વામિએશાસ્ત્ર સાંભ-ળ્યું,કાંમ તજ્યાના કામ.જેણે તજીજે તારૂણિ,પામ્મા સ્થિરતાઠામ.કંથેકીધીકલ્પના ઇશ્વર આગળ આપ એક પક્ષઅંધારીએ પ્રેમદા નિરખુ પાસ,સંગ કરૂ શાઆતણો, કોદ્ધિ થઊ તે દિશ, કરૂ સંગ જો કામનિ નો સત બ્રહ્મહત્યા શિશ, ધારીને નિરખુ નહિ, પંદર દિવસ પચખાણુ. મહાવિર કેરી આગના પુરણુ શાખ પ્રમાણુ.

દોહરા—કાગળ રતનમંજરી તણો. લેઈને ચાલ્યો પંથ; તેણે વિચાર્યુંઆવતાં થઇ વિમાસણ ચંત; દીઠું વીમલપુર વાટમાં, જુગતે જોતો જાઉં; મળે જો માહારો બંધવો, સેહેજે સુખીયો થાઉં; મળવાનો પરદેશડે; બંધવ કેરે કાજ, તે રહે છે આ ગામમાં,ભાગુ મનની દાજ,એમ કહી વાળીયો ગામમાં મળવા મીત્રજ પેર; બાંધ્યો રહેતે પાંજરે નિલીગુણકાને ઘેર.બાંધ્યુ પાંજરૂબારણે.ગંગારામ છેનામ;એટલેહામોદર આવીયો,બંધવકેરેકામ,દ્રષ્ટેદ્રષ્ટ મળ્યાબેહુ, પહોચ્યામનનાકોડ;ગુંજકરવામાંડીત્યાંહાં બાંધવ જુગતે જોડ.કોહો બંધવ કયમ આવીયા;અશા હતા કુણ દેશ;સુખઃદુખકોહો ભાઇ તમ તણું. કયાં કરવો પ્રવેશ.ઊંજેણિ પત રાજીઓ, પવિત્ર મન પુર પેર;પરણશે ઘાંચણ દીકરી, હું જાઉંછું તેને ઘેર; કાગળ લેઇને નિસરયો ગયો ત્રંબાવટી ગામ; તે રાજાની બેટડી,રતનમંજરીનામ, પરણશે પોતે હર્ષથી.મારા કાગળ માટ; વાહાણુવાતાં આવશે આ ગામની વાટ, શુભ અસ્વારી સાંઢ છે રતન પેટી પ્રચંડ, કન્યા છે પદમણી,અભય આતિદંડ તે પહેલાં હું નિસરયો, ખાઈ વધાઇ વરત;તેદમની મને આપશે. હારઅમુલક તહેત, સુખસાતા છે અતીઘણી ઘણી,આનંદઅદકોચંત મળ્યા ભેટયા હવે શીખ દો.લીજે મારો પંથ. ચોપાઇ—વારૂકહી તે થયો વિદાય,ખેદની કહી કવાય;પેલેપોપટે વચન કહ્યું તે ગુણકાએ સરવે કહ્યું સુણ્યું વચન તે માહારૂં ભાગ્ય, એવો હું પામું કયાંહાં લાગ; પ્રપંચ કરૂં રૂડી પેર, પેટી આણું ઘેર. આવો મનમાં ઘડીયો ઘાટ, જઇ બેઠી રોકીને વાટ; પ્રાતઃકાળ થયો જેટલે. આવી સઅ નિકટ તેટલે;ઊઠાં ઊતરયાં નરને નાર, તેણે મનમાં કરયો વિચાર,ભક્ષભોજન હાદીયાં લીજીએ,પછે પંથ આપણ કીજીએ; ગયા રાત્ર તે ગામજમાંહ,નાર સાંઢણી રહ્યા રણમાંહ; એટલે આવી ગુણકા પાસ. મળી ભેટીને કીધી આશ. મને તુજશું અદકુ હેત; તું તો માહારી સાચી ભાણેજ, તું ભામનીની દીટરી; મારૂ થયુ અદકુ

હેત, તું તો મહારી શગી ભાણેજ; તું સગી ભગનીનિ દિકરી. સારૂં થયું વિક્રમને વરી, વિક્રમ ઉતરયા મારે ઘેર. તેડવા મોકલી તમને આપેર. તેનું કપટ તો નવ જાણીયું જ્ઞાન હૃદેમાં નવ આણીયું મળ્યાં વળગ્યાં બાંહે હાથ ગયાંનારી તે ગુણકા સાથ; રતન પેટીને સાહજ લીધ, કરણુ ગુણકાનું તો સીધ; રત્ન મંજરી ગઇ ઘર-માંહ, ચરચા ભુડી દિઠી ત્યાંહ કયાં ગયો છે ભરથાર;તે મારા હઇડાનો હાર;ને નરપા-ખે દેહ નવ ધરૂં, કરડી જીભને હવડાં મરૂં;તારાકુળમાં વહેવાર, મુજને કયમ લાવી આઠાર, દોહરો—ત્યારે ગુણકા ઉચરયા, આપ સજો શણગાર, જેવો તારે મન ગમે, ભોગવી લ્યો ભરથાર,ગુણકા જાતછે આપણા,મોહોટા જન શું સંગ;નીતદિવાળીઆ પણે, નીતનીત નવલા રંગ પલંગ પાપને હારડા, શુભ સુકોમળ શેજ; નર રૂડા નિત્ય નવા, ભોગવ આણી હેજ રાજાને સ્ત્રી ધણી, સંભવે નહીં સંભોગ; વારો ન આવે સરસમાં, તેતો પુરા ભોગ. નીચ વાત નારે સુણી, અંગે ઉઠી ઝાળ;* કે મારૂ કે હું મરૂં, આણુ મારો કાળ, પરવશ પડી ને શું કરે, ધારણુ રાખી મન, મોહોટાં મંદિર માળીયાં,ભામની રહી ભોવન, સોદો લીધો વિક્રમે, આવ્યો તેતો આપ;વ-નિતા ન દીઠી વાટમાં, તનમાં પ્રગટયો તાપ, વળ્યો ગામમાં વિરતે; ડંડ પોતાને હાથ અહીં કુંચીએ ખોળતો,વિચાર કરે મન સાથ; એમ કરતાં નિશા પડી; દુખ પામી તે નાર, તે નાઠી ઘરમાં થકી, ધુમ મારતાં બહાર મળી બહાર બહુ મેહનીમાં નવ જાતો જાત; તે નગ્રના નરપતી, તેણે જાણીવાત. કેહે, આપ હે તું રહે ફેડીશું દુખતાસી દેહ; વાજેગ પરણ્યા તણો, સાચું કહોને તેહ, કાષ્ટભક્ષીને હું મારૂં, એટલું મહારૂં કામ; બીજાશું બોલું નહી, કાંઇ ન લેશો નામ. કાષ્ટભરાવ્યાં સંકટ,ચાલી સરિતા તિર;એટલે જેવા ત્યાંહાં ગયો પોતે વીક્રકરમ વીર ચોપાઇ—પોતાનો પતી દીઠો દ્રષ્ટ ગયું મન થકી તો કષ્ટ; દિઠી પ્રીત બે જણાની ખરિ. પુછયું ગામ કેરે ધણી; કયાં થી આવ્યા કુણુ કાજ કામ, પ્રકાશ કરો પોતાનું નામ. દેવરૂપ દેવાંશી જેહ, અધિક પ્રથવીપત છે એહ;કરી પ્રતિજ્ઞા સાચી વરત,ઓળખીયો અવની પતિ તરત, તેડયો ઘેર દેઇબહુમાન. ખાનપાન, મેવા પકવાન કંઆળને કરૂણા કીજીએ; કાંઇ હુકમ અમને દિજીએ, તાહારા નગરમાં નીલી નારા. તેને તેડાવો આ ઠાર, અણાવી સાંઢ પેટીને અર્થ. ઘેર બોલાવી સાર્યા અર્થ; શીશ મુંડાવી ખર વાહન કરી. બધા નગર માંહે ફેરવી કરી રહયો ત્યાં વીર સુજાણ, ત્રંબાવટીએ થયું તે જાણ; પગલે પગલે કટકજ ચડયું, પગલું હમલપુર માંહે પડયું; લાગી રાડ આણીને કરોધ, માંહોમાંહે વળગ્યાં જોધ. વહતાં દીન વીત્યા છે ચાર. માંડવરાયે કર્યો વિચાર; આપણાઉપર ત્રંબકવડે,સેવા કેસ ઇન્યાયે ચડે;ગયા આટ નિવારણુ કાજ, વઢો કુણદિવસની દાઝ. તાહરા નગરમાં માહરો ચોર; તેણે કામ કરયું ઘોર, રત્નપેટીને રત્ન દીકરી તેતો ચોર લાવ્યા છેતરી; તેને કહાડી આપો મને વાલો જીવતો મુકુ તને.

દોહરા—રાજા શું જાણે નહી, મન વીચારો જાણ;રત્નમંજરી લાવીયો વીક્રમવીર સુજાણ, સુણતે આનંદ ઉપન્યો; શીતળ થઇને કાય; પ્રદક્ષણા દેઇતે નમ્યો,વીક્રમ કેરે પાય. ધન ધન એ દીકરી. ધન માહરો અવતાર; હેતે આવ્યો નગરમાં; શોભ્યો સહુ સંસાર. કમલપુરનો રાજીયો, માંડણ તેનું નામ;વરો બેટી એક માહરી કરો અમારૂં કામ.ચોપાઇ—એક પરણી તેની કન્યાય પાછા ત્રંબાવટીએ જાય;રીત ભાત પુરણ કરી, બીજીવાર તે કન્યા વરી,હરખે વાગ્યા ઢોલ નિશાન આવ્યો વીક્રમ વીર સુજાણ; કન્યાપેટી ડંડ રત્ન; લાવ્યો ઘેર કરી જતન; આવ્યો ઉતારી મોહોલો પાસ, દેવ દમનીને દિધી આશ; વચન તમારૂં ધરૂં, હવે હુકમ દો તેવું કરૂં, આણ્યાત્રણ ડંડને દિશ, કોહો તે વાત ચઢાવું શીશ,દોહરા—કહે દમની કહું તે કરો આપ નગર ભુપાલ, વિરભટ નામે વિપ્ર છે, તેડી ધન બહુ આલ;બાળ પુત્રીતેહની, તેનું સરસ રૂપ, ચરચા જોજો તેહની, ભોળા થશો નહી ભુપ.

ચોપાઇ—પ્રાતઃકાળ થયો જેટલે, વીરભટ તેડયો તેટલે. માન દીધું રીઝીનેરાય કુમકુમ ચંદન પુજી પાય. રત્નપાળ તે આગળ ધરી; હેત હેમની મોહોરો ભરી માહારાજ હેતે લીજીએ, પતીતને પાવન કીજીએ, લાગ્યું બ્રાહ્મણને અદકુ દુખ રાજા ઉપર મરડયું મુખ; ભાઇ માહરે શો એનો અર્થ, રાજદ્વારમાં જોઇએ ગર્થ માંસ રૂધીરનો ભુંડો આહાર, રાજપતી ગરહે ભારેભાર; દસખાટકી કરે જેટલું દસ ચાકરીને ઘેર તેટલું. દસ ચકિ કરે જે આપ, તેટલું એગુણકાનું પાપ;દસ ગુણકા તણોઅધ જેહ, એક નરપતીને ઘેર તેહ. નીંદા કરીને નાશી ગયો, કોડી એક લેવા નવ રહયો; એમ કરતાં પડીજવરાત,રાયે વીચારયું રૂદયા સાથ; જોઉ ચરચા એના ધરતણી, સમરથ છે એનેવર ઘણી;વાળ્યો કાછડો ફેંટો કશી,ચાલ્યો તે બ્રાહ્મણ ઘેર ધશી;કોઇને વાત ન કહી તે રાય,છાના વીરધીર એ ધાય; અદ્રષ્ટ વીદ્યા મનમાં ધરી ચરચા જુએ તે ફરી;ઘટીકા નીશા બે વિસ્તારી. બ્રાહ્મણનિ પુત્રી નીસરી;સકળ કળા ગુણ જોબનસાર, લક્ષણે બુધવંતી છે બાળ; પાસે ડંડજ એક, તેની શોભા વિવિધ વીવેક;નિકળી ઘર મેહેલી બારણે, રાય નિકલ્યો જોવા કારણે;ચઉટે જઇને ઉભી રહિ,પ્રધાન પુત્ર તરથાનક ગઇ, ત્રિજી તનિયા વણિકજ તણિ, તે સહુનિ શોભા છે ઘણિ ચોથી છે ક્ષતિની નાર. થયાં એકઠાં ટોળે ચાર,મળી સહુ વિચારજ કરે, અરાંપરાં ચઉટામાં ફરે, લિધાં પાન શ્રીફળને આહાર, લિધા મેવા અપરમપાર લીધી સામગ્રી પરણ્યા તણિ; લીધો ચુડો ચુંદડિ ઘણિ. વસ્ત્ર તણો લીધો અંબાર, થયો મણ ઝાઝેરો ભાર;આપ માથે કોપ નવ ધરે, તું લેતું લેતું કરે. લાવો મજુરનેઆણે દીશ, આપે લેઇ ઉતારે શીશ,એક આવી તેડવાને ગઇ,રહયો રાય મજુરો થઇ, ભાર ઉપાડવાનું છે મન, પેટ ભરિ જમાડો અન; ઉપાડ મોસાડિ તું અમ તણિ; આપણું અન સામગ્રિ ઘણિ, કંગાલ સરિખું દીઠું રૂપ ન ઓળખાણો ભારે ભુપ. પે-

તાના મદમાં ચાલી જાય, ન ચશે કોને લેખામાંય.ચાલ્યા તું રહે છે કુણ ગામ,તાહારૂ શું કહે છે સહુ નામ; માટકો મજુરી નામ માહરૂં, કામ કરૂ નીત્યે તાહરૂં, બોલ્યો બોલ ગરીબ કંગાલ. હસે સહુ લાગે છે વહાલ રાજાને શીર મેલ્યો છે ભાર, નીકલ્યા થકી તે બહાર વેહેળા પર્વત નદીને પહાડ;જે દેખીને ધરૂજે હાડ; ચાલે ચારે ચતુરસુજાણ, જયાં હતું ઓધરવ મશાણ, તેમાં આણી ઉલ્લાદ;જ્યાં હરસીધ તણા પ્રસાદ;ભુત પ્રેતને બ્યંતર ઘણાં. ટોળાં જક્ષ કીંનર તે તણાં; અનેક જોગણિ આકાશે ભમે,તે આવીને ચરણે નમે;જઇ હરસીધની પુજા કરી; નઇવેદ તણિ તે થાળી ભરી સંતુષ્ટ કરાંને અંબે માત, પછે તેહની પુછી વાત; મળ્યાં એકઠાં આપે ચાર; કેમ આવ્યાં છે આણે દાર. ત્યારે બોલી ચારે જણિ; પરણે છે સહચર અમતણી, પાતાળે વસે છે તેહ.કુમકુમ વરણી તેની દેહ,તેની આવી હશે ત્યાંહાં જાન, અમને દેશે ઝાઝાં માન,કુમકુમવર્તિ પરણે જેહને; અમે ચાર પરણું તેહને, અમને જાવા આપો માન, આજ પરણવાનો લાગ, દંડતણી ત્રણ રેખા કરો, સુખે તે સ્થાનક પરવરો. માટકી તું બેશી રહે આંહ. અમો આવશું વહાણા માંહ. ત્યારે માટકો અદકો રોય, મુજને મારી નાખે કોય. હું તો નહી જાવા દેઉ તને, હતો ત્યાંહાં મુકી આવો મને અનેક ચરિત્ર એવા બહુ કહ્યા, સખી ચારતે સુખીયાં થયાં, એક કહે એને મજેદ સુખે આપણી સાથે તેડ, ખાશે પેટ ભરીને ધાન. કહીશું તે કરશે નીદાન, તે સ્થાનક આયો એક દંડ પડી ગયા એમ માહામચંડ, પેઠાં સહુકો વળગી હાથ, તેડયો માટકો પોતાને સાથ.દોહરા—નગર સમીપે જઇ ઉભોતે તિર દંપ વસ્રને ગાંસડીબીજા શુભ શણગાર. તે સોંપ્યું મજુરને ક્ષણ ન લાગી વાર, થઇ નગ્ન નાહાવા ગયાં, જળમાં ઝાકળ ઝોર. ઝોળ છાંટે નિર એક એકને, કરે આપ કલોલ સમર્યો વિર વૈતાળને, પ્રતક્ષ પ્રગટ હોય, વસ્ત્ર દંડ હરીગયો. પાર ન પીછે કોય, વર આવ્યો વરવા;તીલક કર્યું તું ભાલ; તેને વીર હરી ગયો, જાનમાંથી તતકાળ; જળમાં રહીને માગીયાં. માટકા લાવ શણગાર; હાથ ખખેરી ઊઠીયો; બોલ્યો મુખ ઉચ્ચાર, એતે કોઇક લેઇ ગયું, ન કહ્યું મારે પાક; હવે કહો તે હું કરૂં, બોલો ચુકી આશ,ફટભુંડાજા ગામમાં કુમ કુમવતિને પાસ, બાહેર આવી ઉભાં રહ્યાં, થઇ મોટી ઉપહાશ કહયું જાણ જઇ તેહને મોકલાવ્યા શણગાર, થઇ પાંચે ઘેર એકઠી, ક્ષણુન લાગી વાર લગ્ન વેળા તતખર થઇ. હું જોતીતી વાટ, ભલે આવ્યાં તમે આ તકે થયો મન ઘોધાટ,લાવો વર ઊતાવળો, લગ્ન વેળા તો જાય,વર તો કયાંઇ જડે નહી-આકુળ વ્યાકુળ થાય,વીક્રમ રૂપ પોતે ધર્યું, ગયો આવિ જ્યાંહાં જાન, દિઠો સુંદર મહીપતિ દીધાં ઝાઝાં માન, હવડાં એ પરણાવીએ રીતભાત કરી પેર, પછે હાંકી કહાડશું, કન્યા લેશું ઘર. ચોપાઇ—પીઠી ચોળી રાય શરીર પંચરંગ પેહેરાવ્યાં ચીર, લગન તણુ તો વેળા થઇ, બેસાર્યાં ચોરિમાં જઇ, દિઠો વર શરદનો ચંદ્ર;

દીઠો અવનવો જેમ ઇંદ્ર,દીઠો જેમ ઉગમતો ભાણ. જેવો વીકરમવીર સુજાણ.હેત પ્રીત નારીને કરી; પાંચે કન્યા તે વર વરી મંગળ વરત્યાં ખાધો કંસાર,સજન કહે જીત્યો સંસાર; ગોત્રજ તણી જઇ પુજા કરી; વર જોઇ સહુની આંખંજ ઠરી.

દોહરા–રાજા કહે તમે બોલીયાં, પાળો તેહ વચન;હું તે પેલો માટકો,આપોને ભોજન. મુને ભાડે મોકલ્યો,છે આવી છે જાન, તેને ઘર જસો તમો, શું દોછોમુજ માન, હું તો સમજી આવિયો પેટ ભરવાને કાજ. શીશ દો નો અમો શંચરૂ, તમો કરોજી રાજ.સુણીને સહુ વિસમે થયું. ન હોય માટકાનું કામ, એતો ઉજેણપત ખરો,વિકરમસેન્ય તુજ 'નામ;પ્રદક્ષણા કરી પાંચે નમ્યા.કીધા શીવ પુજન;અજાણે અધીપત વર્યાં, સફળ થયા મુજ મન.

ચોપાઇ–વિર હરિ ગયો જેટલું; તરતજ આપ્યું તેટલું; વિકરમે ત્યાંહાં સાધી ગતી, નહાની બેહેન એક તેની હતી, જાનવાળો વર ત્યાંહાં આણિયો, રાંડ આપરૂદે જાણીયો; બીજી કન્યા પરણ્યો અનુપ, માન દઇ બોલાવ્યો ભુપ. ઓળખ્યો રૂડોતે રાજન નગ્ર હરખ પામ્યું સહુ મન; ધન્ય ભાગ્ય ધરતિ તણું આવાગમન થયું તમ તણું; કન્યા પાંચને લાવ્યો દંડ;કર્યું કામ ભારે પ્રચંડ;ઘેરે આવ્યો ઉજેણી રાય,જઈ દમનીને લાગ્યો પાય, વળી કહો તે આચરૂ, વચન તમારૂં મુસ્તક ધરૂં,

દોહરા–કહે દમની સુણરાયજી, જુઓ ઉજેણીગામ,એક વ્રદ્ધવેહેપારીયો, ધન શેઠ છે નામ. ચરચા જુઓ ઘર તેહને. જાળવજો શુભ પેર ત્યાંથી કામ સઘળું થશે પછી બેશી રહો ઘેર.ચોપાઇ–સભા ભરીને બેઠા રાય;સૌ દોને પુછે છે ત્યાંય;ધનવંત શેઠ તે કોનું નાંમ. વશે આપ ઉજેણી ગામ, એક વજીર કહે છે વાત,એ નામવશે છે સાત; એક કહે નવ કરશો રીસ.ધનવંત શેઠ તો છે દશવિશ. બીજે એક કહ્યો વિચાર. મારી પાસે છે દશ બાર; નવ તેરી ઉજેણી ગામ, ધનવંત શેઠ છે હજારો નામ નાત અડક કંઇ એધાણ, શી છે પેર તેની પ્રમાણ;સર્વ તણી વાતો સાંભળી, ના આવ્યો મનમાં એકે વળી આવ્યો એક જણ પ્રાત પાસ, કરજોડીને કીધી આશ માહારી પાસે ધનવંતો સાર. થયાં વરસ એકસો ને બાર;વ્રદ્ધ જરા જુરણ આંધળો ગાત્ર સ્થળ છે પાંગળો. દોહરા–ધન અલેખે તેહને. પેટ નથી કાંઇ તન, સેવાકારણ ઇચ્છતો, પરણ્યા ઉપર મન. તેને કુણ દે હિકરા. ઘરડો વ્રદ્ધ કરૂપ.દીપક વાવેલોઇને કોણ પડે જઈ કુપ.સોળ વરસની બેટડી,શામકુંવર છે નામ,ભરજોબનમાં ભામની, રહે ઉજેણી ગામ. મહાસત્યવંતી સાધવિ, સતિતણો અવતાર; વરત કુંવારે આ-ચરે, રૂપ તણો ભંડાર. માબાપ પરણાવા કરે. એહ ધરે નહિ મન; વર સુત્ર માંડુ નહી જોઊ નહી નર જન,વિશ્વ આવીને વિનવે, તાયે ધરે નહી કાન;શું કરે હું છુ જોબના; નહીતર જાઊ રાન નરનું મુખ જોઊં નહી, નરશું ન કરૂં પ્રીત કુંવારીથ-ઇને રહું, રાચુ એણી રીત. પંડીતે બહુ પ્રીછવી, વખાણ કરીને વેદ શાસ્ત્ર વચન

તમને કહું ખરી વાતે શો ખેદ. ન્યાયશાસ્ત્ર એવું કહે, કુંવારી શીર પાપ; ખાપણુ સાથે તેહને, સતી તણો છે શ્રાપ. કુંવારી અબળા રહિ, મુકે પૃથ્વી પાય;બ્રહ્મહત્યા એક ડગ ભરે.નિત્ય પોકારે નાય. ભક્તિ કરે ભરથારની; નીત નીત ગંગા સ્નાન પ્રદક્ષણા પૃથ્વી તણી, ડગે ડગે ગૌદાન. શાસ્ત્ર નારીએ સાંભળ્યું; માહારે મન નહી ભોગ; વૃદ્ધ પુરૂષ મુજને મળે. કીજે શુભ સંજોગ. સાક્ષાત જોબન જીતિયું. સુખ કર્યું સઉ તાજ;તે વરી ધનવંત શેઠને,શેવા કરવા કાજ.ચરણ તલાશે તેહના, પીરશે તે ભોજન; ભક્તિ કરે ભલી ભાતશું. માનની નિરમળ મન. અવિદ્યા એકે નહિ, સતિ શીરોમણ સાર; દરશન કરવા કારણે, આવે લોક અગાર. આભુષણ આ દેશમાં, દરશન દીવ્ય સરૂપ; એક ધનવંત તો એહ છે, માનો ભારે ભુપ, પોળને મોઢે પીંપળો, તેની રૂડી છાંય; ત્રીજું ઘર તો તે થકી,તે ધનવંત તો ત્યાંય. ચોપાઇ-વારૂ કહિ તે રહ્યો. તેનો બોજ રૂદેમાં ધર્યો; શાને જોઉ હું બધું ગામ, થાશે મારૂં એથી કામ. રાજા ઉઠી બેઠા થયા, સહુ સહુને ઠેકાણે ગયાં; ઘડી ઘોર નીશા જાહરે, જેવા સજ થયો તાહરે. વાળ્યો કાછડો ઘાટડી ઘણી ચાલ્યો નિર ઘોર ઘર ભણી; સાંભળ્યું તું ઘરનું એંધાણ, ત્યાં જઇ બેઠા ચતુરસુજાણ.બેઠા બારણે સ્થાનક ઠરી, વીપરીત વેશ પોતાનો ધરી; અદ્રષ્ટ વીદ્યા આપે હોય,નવ દેખે તે માનવી કોય. જેવિ કહીતી તેવી સતી, ચરચા જુવે પ્રથવીપતી; કરે ભરથારની આપે શેવ, જેવી દયાળુ દેવી દેવ, કંથ કેરાં ચાહે છે ચરણ,પછે આપ પહોડે છે ધરણ;દિન બે ચારેક જોયું રાય, ચિત્તમાં લાવે છે ચરચાય. એક દીવસ જુવે જેટલે, કૌતક એક થયું તેટલે,મધરાત ગઇ છે ઘોર,એટલે એક ત્યાંહાં આવ્યો ચોર,પાડી ખાતર પેઠો ઘરમાંહે, બળેદિપક જોતજ ત્યાંહ; દીસે જાડો જે કુટડો, તેવો સ્રીની દ્રષ્ટે પડયો. રક્ત ફેંટો બાંધ્યો છે શીશ, ઘાટડી ભીડી તે દીશ રૂડો કાછ પહેર્યો તે પાય; જોબનવંત છે તેની કાય. જ્યાંહાં પોહોડતી ઘરે નાર,આવ્યો તસ્કાર તેને ઠાર;તસ્કર તે નારીએ દિઠ, અમરતથી લાગ્યો તે મીઠ. રામા રદેમાં તે ઠામ,તતક્ષણ પ્રગટયો તેને કામ;અગ્નિ થકી બળે જેમ ઘરૂત. ગળી નાર તસ્કરથી તરત.વિચાર તેના મનમા થયો,જન્મારો મુજ એળે ગયો; ભોગવ્યો નહિ સંપુર્ણ ભોગ વાત નહી સાધ્યો જોગ.કંથ પ્રવાહ કાયા નવ અડયે,,એ જન્મારો છુટી પડયો; એવો ઘડયો મનમાંહે ઘાટ, દીઠો તસ્કરનો બહુ ઠાઠ નીરખ્યું રૂપ તે તસ્કરતણું, હરખી નારી હઇડે ઘણું; કયમ આવ્યો છે અડધી રાત,સાચી કહે તું મુજને વાત, ત્યારે તસ્કર બોલ્યો વળી,દીઠી નારી ચીતે મળી;માહારે મન છે એટલો અર્થ આવ્યો ચોરવા ઘરમાં ગર્થ શીર સાટે આવ્યો અહીં હું, પુછે છે તો સાંભળ તું; પાડે બુમ કે બોલે વાણ; મારૂં ખડગ કાહાડું તુજ પ્રાણ. દોહરા-તરૂણી તસ્કરને કહે; તું પ્રીત અમશું જોડ;હેતે મન આપું તુને, પહોંચાડું મન કોડ. મુજ મન હરી લો, જોબન વેરેહની આવ્યું,નિત્યે દહાડી આવજો.

જે ગમે તે માગ. ત્યારે તસ્કર બોલીયો, માનની સાંભળ મરમ, દેખે કંથજ તાહરો તે નહી માહારો ઘરમાં લોપું લાજ એહની, જે નવ દેખે દ્રષ્ટ; એ સાનીધ તુજશું રસું; તો થાઉં હું ભ્રષ્ટ. ચોપાઇ—કામની કહે કંથ મારૂં હું; ફરી ફરી શું કહે છે તું, તષ્કર કહે મારો એહને,તો સંગ કરૂં તારી દેહને. ઢીંચણ મુકી પાસા તળે,અંગુઠો દીધો જઇ ગળે; પલક એકમા નીકળ્યો પ્રાણ,જુવે વિક્રમ વીર સુજાણ. હરખ ઉપન્યો બેઉને ઘણો, સંગ કરયો પછે તસ્કર તણો; તેણે આપ્યું અઢક ધન, અચરત જેવાં કહ્યાં વચન.નિત નિત તમે આવજો સામગ્રિ બહુ લાવજો; ચોર કહાઢી મુકયો બારણે. રહયો રાયએવા કારણે, દિઠો તે તસ્કરને દ્રષ્ટ. મહિપતિ મનમાં પામ્યો કષ્ટ ખુની તસ્કર ત્રિજો ચોર, એને મારયાનો વહેવાર; મેહેલ્યુ ખડગ કરિને રીસ, છેદ્યુ તે તસ્કરનુ શિર; પડતાં ચીશ નાંખીતે ઠાર, સ્ત્રિએ ઉઘાડયાં બાર, દિઠો બારણે તષ્કર પડયો સ્ત્રિને મન અચરત અડયો; દિઠિ રાત અંધારિ ઘોર; મારયો ચોકીવાળે ઠાર.નારિથતથી મુકી આમ, મેંતો કુડુ કીધું કામ- કંથની હત્યા માથે લિધ, પાડિ બુમ પછે તે સીધ;અરે રાયના લોકજ જાઓ મારી જનારાને તેસાઓ.મળ્યા એકઠા લાખેક લોક, શેઠ મારયો તે પામ્યો શોક; પ્રથવીપતે જોઇ છે પેર, આવ્યો રાય પોતાને ઘેર. દોહરા—પ્રાતઃકાળ જયારે થયો, સ્ત્રીએ વીચારયું મન; દાનપાત્ર મળ્યા ઘણા,લુટાવી દિધું ધન; મેહેલમેડિને માળીયાં,વળી જે કણ્ કોઠાર, કરનાર પણ સરવે કરયુ. અન વસ્ત્ર શણગાર; ચાલ્યો ખેલ એ નગ્રમાં, કાગટ બાધે દેશ; સતી થાયછે સાધવિ, જોબન વાળેવેશ.સતિથવાને નિસરી, સજ્યા સોળ શણગાર; ચોખા વેરે ચોહોદશા, અશ્વનિએ સ્વાર; વાજાં વાએ અતિ ઘણાં, શરણાઇઓ ચેહે ચાટ, જોવા નગ્ર બધું ગળ્યું, જશ કહે ભાટે ભાટ; માગણ જાએ માગવા. દક્ષણા લેવા દેવ; નમે સહુ લોક નગ્રના; બહુ કરે છે સેવ. મળ્યા દુખિયા રોગીયાં; ભવન ભુવનથી ધાય; નાહના મોટા નગરના, જુવતી જોવા જાય; થાપા દે કુમકુમ તણા. ઉડે અબીલ ગુલાલ; જે જે બોલે મુખર્થકિ; ભરિ ફુલનિ થાળ.કોને કહે સુત આલશે. કોને કેહે જય આપશે, એમ મનાવે મન, લોક મળીને આવીયા; જ્યાં બેઠા છે રાજ; સતિ થાય છે સાધવી. હુકમ દો માહાકાજ રાજા કહે ક્યાં છે સતિ. માહાર મનપ્રસન; છડિ અસ્વારિ આશુ; કરવાને દરશન. શુભ કામ સતી કરે.રેહેવેંટેદુખ; ફીપ્રા તિરે આવશું. જોવા તેનું મુખ; મધાન રાયે સાંભળી. કામ કરયાં તાજ,ગયા મશાણે મહીપતી. સતી જોવાને કાજ.મળીછે ત્યાંહ. બહુમેદનિ; થાય ઘણા કલોલ; થાપા દેતે હુંશથિ; કરે છે કુમ કુમના રોળ. રાખ્યા સહુને વેગળા, રાય આવ્યા તે પાસ; પ્રમાણ કરિને પ્રેમશું. દિધી તેણે આશ.રાજા કહે પાછા વળો. જાઓ તમારે ઘેર; ખાઓ પીઓ બેસો જઇ.રમો રમો શુભ પેર. ચોપાઇ—બળ કરિ બોલિ નાર. હુકમ આપ લાગે છે વાર; માહારે કંથને છેટુ પડે. દેવ સતીને તે તો નડે; જિણ તે

પ્રસન થાઉં આપ, જો કોપુતો દેઉં શ્રાપ; રીજુ તો ચાલે તુજ રાજ. કોપુ તો સુખ હોય તાજ, ડાહ્યાને શું કહિએ કથી,તું સતી ઓળખતો નથી; માટે લાગ્ય તું મારે પાગ; વરદાન ગમે તે માગ, દે હુકમ ખોટી થાઉં છું, સ્વર્ગ ભોવન આપે જાઉં છું; પુષ્પ વીમાન ખોટી થાય છે, દેવ દરશન માહારૂ ચાહે છે. સત્યવાદી માટે સાંખીએ નીકર હવડાં ઊંધો નાંખીએ; કદાચ કોપ હઇડામાં ધરૂં;તો તુજને પ્રલે કરૂં,સાંભળીયો તે સતિનો બોલ; દીઠાં ફુલ રાયે અતોલ. દોહરા—કહે વીક્રમ સાંભળ સતી, જાણુ સઘળો મરમ; કાલની સાંજનો, જોઉં તાહરાં કરમ: ફોગટ ફુલ કરે ઘણી,દેખે બધું ગામ; જા તું મંદીર તાહરો; રાખી મનની મામ. અંગુઠો દીધો ગળે પ્રથમજ મારયો કંથ, પછે જાર વીધા રમી; તેજ વીચારો ચંત, પછે તેને ધન આપીયું; કાહાડી મુકયો બાર; તેને મારી નાંખીયો જાણ્યો તસ્કર જાર તેં દીઠો તસ્કર પડ્યો સાંભળી જ્યારે રીશ; ઘરમાંથી જઇ છેદીયું,ધનવંતકેરૂ શીશ. પછે માલ લુંટાવિયો સતી ધરાવ્યું નામ, ફેલ કરે છે ઘણું દેખે બધું ગામ, શીશ મુડણ તાહરૂં કરૂં, ચુનો ચોપડુ ત્યાંહાં; ખર વાહન કરી ફેરવું; બધા નગ્રજ માંહ કાન મહોં છેદાવશું, છેદુ પોહોંચેથી હાથ; મારૂ માથેમોજડાં, જો બોલે મુજ સાથ. અધુરી ડટાવું બેટમાં, પંચ દઇટાળી નાર જીવ કડાવું તાળવે, દેખે સહુ સંસાર;માનની સમજી મન વીખે, સાચા સરવ એંધાણ;બાંધુએ સાથે બાકરી,કરૂં હસારથ હાણ-ચોપાઇ—તારે વળતી બોલી સતી, માહારાજ સુણો મહીપતિ; ફેલ કરયાંતાં તે જાણિયાં માહારા મનમાં પ્રમણિયાં. સારી પેરે જાણ્યું મને, ધરી ફરી શું કહિયે તને; કરવા દો મુજને એ આજ; લોક દેખતાં રાખો લાજ; ઝાઝુ ડહાપણ નવ કીજીએ, નારીનો અંત નવ લીજીએ;ઘેર ઘેર નારી છે એહ, તેમાં રાખહો માં સંદેહ.સરવ શ્રેષ્ટમાં સઘળી નાર, અંતર આણો માં લગાર. લાખે એક કોઇ નારી સારિ, કરોડવાર શું કહીયે ફરિ. મુસ્તક માહારે ચરણે ધરો; માણુસ દેખતાં મોહોટી કરો;સહુ સરખિ તે કેમ કહેવાય રાજા કહે કેમ સંદેહ જાય; નારિ કહે મિઠો તે પેર. જાઓ કુંચી કદોયણ ઘેર. ત્યાં સંદેહ તમારો ભાગશે કામ કરિ પગે લાગશે, રાયે તેનું માન્યું વ્રત, સ્રીનેબળવા દિધી તરત; રાખ્યો તે નારિનો ભાર વળ્યો રાય આપે દરબાર; રાખ્યા જશ સતિ તે થઇ મળિમેહની ને ઘેર ગઇ; એમજ કરતાં ગઇ છે રાત; રાએ વીચારયું રૂદયા સાથ.કુંચીક દોયણ રેહે જ્યાં;ગયોએકલોરાતેત્યાં; અદ્રસ્ય વીદ્યાઆંપેકરિ,રહયોકુંચી ના ઘરમાં ઠરિ; કુંચીના મનમાં અદકુ જ્ઞાન, મહીપતને દિધાં બહુ માન, કપટ કાજ આવીયા છો તમો,ત સરવ જાણું છુ અમો;રાજાએબે જોડયા હાથ, બાલ્યોતે સામાને સાથ, મોહોટી વીદ્યા જે માહારિ, તે કેમ દ્રષ્ટ પડિ તાહરિ, પૃથ્વીમા ન મિઠે કોય,તે કારણ તજવા કેમ હોય; કુંચી કહે જાણું છું પેર,જ્ઞાનડંડ છે મારે;ઘેર ઘેર આગળ ચાલે નહિ ચોર, ભુત પ્રેત કરે નહિ જોર. ઘડિ એકમાં બધીકરૂં,કામ ચીતવ્યાં કાડે

કરૂં; આવ્યા છો મારે દરબાર,મોકલ્યો ધનવંતશાની નાર પ્રથમ નારી નરને નમી તસ્કર સાથે રંગે રમી, પછે તેણિયે માર્યો પતિ, સવારે થવા ગઇ સતી;તે કઉતક સઘળાં તે રહ્યાં, કામની આગળ માંડી કહ્યાં સરખી નારી સરવે કહી, ત્યાંથી ચાનક તમને થઇ; તેણીએ પારખુ જોવા કાજ મોકલ્યા છે મહીપત મહારાજ, દોહરો—ત્યારે રાજા બોલીયો ખરી તમારી ખ્યાત; આગળથી તમે ઓળખી, વિગત ફેરી વાત અદ્રશ્ય વિદ્યા કેમ ઓળખી, દીઠો મારો દેહ;મહારા સમ સાચું કહો,પુછું એહ સંદેહ; કદાયણ તવ ઊચરી. કહુ એક તુજને ગુજ;તપાસુ ત્રણ લોકને, એવી મહારી સુજ. પ્રતાપ ડંડ મુજ પાસ છે, તે દુર્લભ છે દેવ; તેથી જાણુ જશ છે મને સદા કરૂં છું સેવ રાજા કહે તું છે ભલી,પ્રથમ સંદેહ ભાજ;સ્રીઓ સરવે એક છે તેની મોટી દાજ; દેખાડો તે પારખું, માને મારૂં મન; સંદેહ ભાગો હમારો. આવ્યો આણે દન. વચન સાત પરીયા તણું, આપો મુજને હાથ;દેખો દાટો અહીં, તો ઊચરૂં તમ સાથ, વચન દિધું તે વીક્રમે, કુચી કરમાં આપ; જો કોપે કે ઉચરે સ્રી હત્યાદિક પાપ;

ચોપાઇ—કુંચી કહે સાંભળરે રાય, કૌતક જો મુજ મંદીર માંય;ઘરમાંબેઠાચાઓ પાન. એટલે ત્યાંહાં આવ્યો પ્રધાન,સાંભળ કુંચી માહારી વાત, આજ રાણીએ કહાવી વાત; સ્રી હત્યાદિક ખાધા સમ, મોહોલ જાઊં નહી કેમ; મન્જુસમાં ઘાલ્યો તે રાય. પ્રધાનને કીધો પશાય આપો બેસો સુખે રહો, કામ હોય તો મુજને કહો મહિપત ફેરો મોહોલજ જ્યાંહ, મુજને મોકલ તાંહ; વડી રાણી જે વીક્રમ તણી,તે શું પ્રીત મહારે છે ઘણી; જવાનો નવ પામુ લાગ મનુશ આગળથી ત્યાં માગ; મોકલ્યાં તેડાં વારજ સાત;મેળવવાની કરને વાત.દોહરા—કહે કુંચી મન્જુશપહ, આપ અસ્વારી થાઓ; કરો પ્રહાર ત્રણ ડંડના,સુખે મોહોલમાં જાઓ, તાળુ દીધુ પેટીએ પોતે રાજા પાસ; પ્રધાન બેઠો ઉપરે, મોહોલે ચઢી;મનસા શીધાં બહુ માન, આસન બેસણુ પુરણુ પાપ;આજ તાપ હઇડાનો ગયો સફળ જન્મારો અમારો થયો, દહાડી જોતીતી વાટ, આજ થકી ભાગ્યા ઉચાટ; પ્રધાન રાણી પાસે રહયો, પ્રિતેથી પ્રભાતજ થયો; વનીતા કહે વેલા આવજો; વધાઇ આગળથી કહાવજો વજીર જઇ મન્જુસે ઠરયો. પ્રહાર ડંડનો ઉપર કર્યો. આવ્યો પ્રધાન કુંચીને ઘેર નીરખી રાજાએ સઉ પેર.વાટ જોશે શ્રી વીક્રમરાય, એવું કહીને થયો વીદાય, નીકળ્યો નરપ ત્યાંથી તેહ. મન તણો ભાગ્યો સંદેહ, સતવાદી તે સાંખીરહયો,પ્રતિ ઊત્તર કોને નવ કહયો કુંચી કહે સાંભળરે રાજ. સફળ તારાં મન કાજ. પ્રતી ડંડ છે મારે ઘેર. તુજને આપુ પ્રીતે પેર, બીજા ડંડ જીતે જેહને, પ્રતાપ ડંડ આપુ તેહને સ્રત્યુ લોકમાં શોભા જેહ, પંચડંડમાં વશી છે તેહ મારે મન હતું એક વ્રત, તે મેં તમને આપ્યું તુરત સકળ દુઃખ જેહનાં વામીઓ; પંચડંડ પુન્યે પામીઓ, દોહરા—માનજ દીધા

મહીપતે કહિ દમનીને વાત જત્યો જશ પૃથ્વી તણો,વાધી છે જુગ ખ્યાત. વાથ્યાજ જત્યો જશ પૃથ્વી તણો,વાધી છે જુગ ખ્યાત,વાગ્યોજ જીરતના, ભારે હુંતી ભીંત કરી નાંખી કરકડા, આપે થયો નચીંત, અખીલ રાજ તેણે કરયું. અખીલત રાજા તેણે કરયું. અજીત રહયો નહી કોય; શક ચાલ્યો જે શાસ્ત્રમાં જોતિક લખીયો જોય, પંચડંડ પ્રતાપથી, થયું ઇંદ્રને જાણ; કરામત બાધા કલ્પની, પામો એ પ્રમાણ. ઉભુપ એકે નવરહી. થયો ઇંદ્રવત તેહ;ગાનવ પથ કો મહીપતી,થયો દઈવરૂપ દેહ, દઇવત ઇંદ્રાસન તણુ ઇંદ્ર તણુ આસન;મન રીઝીને મોકલ્યું, ભુપતને ભોવન,અંતરીક્ષ વીમાન ઉતર્યું; શુભ સભા મધ્ય સાર; પાછળ જડીત પુતળી; પુરણ વીસને બાર; સાક્ષાત કાળ કંચન તણું, જડયાં રત્ન અસુલ; વરતુલ આકાર છે તેહનો. જેવું કમળનું ફુલ; ફરતું ગજ બત્રીસનું, અમુલ્ય તેજ અપાર હાથ હાથ છેટે પુતળી, શણગાર સહીત તે સાર વાજાં તેના હાથમાં, વસ્ત્ર વિવેક અંગ; શોભા કોણ કહી શકે રાજેશ રૂડા રંગ પંચડંડ તેને જડયા, પુંઠળ શોભા પત્ર; સ્ફાટીક મણી હીરે જડયું. શીર સોહાવ્યું છત્ર. મહા પુન્યથી પામીયો; દેવને દુર્લભ એહ. સ્વર્ગપુરીથી ઉતરયું,શુભ આસન તો તેહ;અધીપત આસન ભોગવ્યું, બેઠો એ આશન; પછે સ્વર્ગ રાજા ગયો. મહીપત પોતે મન શાલીવાહન શક કરયો સ્વર્ગ ગયો ભડભુપ. પૃથ્વીમાં આસન ગયું. જેનું રૂડુ રૂપ. કહે પુતળી ભોજ સુણ, એસો થયો તે રાય. તેવાં જો પ્રાક્રમ કરો, તો ધરો સીહાસન પાય;વીક્રમ મહીમા સાંભળ, આણને મન ભાવ,વ્યાધી શોક પીડે નહી,સ્વપ્ને ના આવે તાવ, હરસીધ જોકીરપા કરેમહા કાળેશ્વર નામ; ગાય શીખેને સાંભળે, નવનીધ ઉપર હામ;પરમારથે પ્રીતડી, શાહી સીકને શુર દાતા જનને દલ વીશે,નીરગુણુજનને તુર; ચરીત્ર એ ચીતમાં ધર, કરે પુન્ય મહાદાન, ચારે લોક સુખ ભોગવે; પરલોકે જશમન; એવું કહીને પુતળી, આપે ગઇ આકાશ;એહ કથા પુરણ થઇ, કહે કવિશામળદાસ;શ્રોતાવકતા સાંભળો કહે કવિત કરજોડ; શામળભટ કહે બોલજો જયજય શ્રી રણુંજોડ.

वारता ६ ठी. अबोला राणीनी.

ચીત્રાંગના નામની છઠી પુતળી બોલે છે તે વારતા રાજા ભોજ સાંભળે છે.

દોહરો—શ્રી સારદાને નમું, ગણપત લાગુ પાય; સીંહાસન બત્રિશમાં; વરણુ વિક્રમ રાય. ચુકવ્યો ન્યાય ગોવાળીએ, થયું ભોજન જાણ. તે હેઠળથી કાઢીયું; સીંહાસન પ્રમાણ. રત્નજડીત કંચનતણું; પ્રીછે કો નહી પાર, તે પાછળ જડી પુતળી, પુરણ વીશ ને બાર લાવ્યો ભોજ સભા વીહે મળ્યા રાણાને રાય; ધજા બંધાવી ધર્મની ઓછવ અંગ ન માય. ઘેર ઘેર વાજાં વાગીયાં. જેમ વિવાહ હોય અંગ;તોડે તોરણ બાંધીયા,નવલી શોભા રંગ. જોતીશ પુરાણ વંદાયા, મળ્યા વિપ્ર

અનેક, સીંહાસન બેઠાતણું, મુહુરત આવ્યું એક. દાન દીધાં કાંઇ વીધનાં, આસન બેસે જેમ, માંમાં બોલી પુતળી, ચીત્રાંગના કહે તેમ. રખે બેસો રાયજી, બેઠે સુખ ન થાય; એ સ્થાનક છે ઇંદ્રનું. બેસે વીક્રમરાય,પરદુખભંજન સુખ કરણ, વીરજીત શુભ નામ; તે સરખો દાતા થશે, તે બેસે આ ઠામ,ભોજ પગ ખેંચી રહયો, જોડયા છે બે હાથ, કહો ચરિત્ર વિક્રમ તણાં, મન મુક્રીમુજ સાથ. ચોપાઇ—ચીત્રાંગના તવ કહે વચન; સભા સમેત સાંભળ રાજન. ઘડ ઉજેણી નગ્રજ ખરૂં.તીર્થ મહાદેવનું સ્થળ ભરૂ, રાજ કરે ત્યાં વિક્રમવીર, ગંગા સમ છે ક્ષીપ્રા નીર; શ્રી મહાકાળેશ્વરજે મહારાજ, શક્તિ હરસીધ પુર કાંજ, ગામ ગાંધારવ મશાણુજ માંહ;વસે સીધ ચોરાશી તાંહ; શીળવંત વશે લે સહુ ૧ક, નહિ દુખ વ્યાધી કે શોક. જ્યાં વિક્રમની આણુજ ફરે,ત્યાં દુખ તેનેશું કરે;બ્રાહ્મણ જે અઢારે વર્ણ,કરિ કથા નીત સુણે કર્ણ; લોક કરે છે શુભ કર્મ, કોઇનો નવ છુપે મર્મ. છપો—સાત જોજન વિસ્તારઃ તેર જોજન લંબાઇ, શોભા તેની સાર; દીસે છે રૂડી ભાઇ,વસે બાર ચડીઆળ; ઓળાં ઓળ શોભે હાટે; વર્ણન થાય વિશેષ, એક એક જુજવી વાટે. જાણે ફુલવાડીઓ ખોલીઓ, રાજદ્વાળ રંગ મહેલ મણી;શામળ કહે શોભા બહુ બની, રૂડી રાય વિ-કરમ તણી. લક્ષ બેતાળી ગજ, સેજ સહિત તે ઝાલ, વીશ લાખ વટાંગ વાગે,તુમર ઝાલ બાર લાખ સમર્થ, રથ અવનીએ ફરતા, પાંચ સહસ્ત્ર પ્રધાન;માન મન માંહે ધરતા; દશ સહસ્ત્ર દિવાન, ધન દીક્ષા દાએક; નવ કોટી અસ્વાર છે, પંચ કોટી પાએક. સોળસે સામંત વળી ઘણો રસાલો એક અચેત ગણિજે;પાંચ સહસ્ત્ર ભણે વેદ ભેદ નહિ ભણિજે, જોશી સોળ હજાર, સાર અગમને ગુઝા;પંડિત પાંચ હજાર, સાર અષ્ટાદશ બુઝા શામળ કહે શોભા પરશુર, મહિમા સુરનાયક જશો; તે તો અજીત છે, વિર ધીર શોભે તસો.

ચોપાઇ—રૂપવંત રઢિયાળુ ગામ, વીરજીત રાજાનું નામ;રાજ ચલાવે રૂડિપેર સહુ પ્રજા સુખી છે ઘેર. મધ્ય બજારે કેહેવાએ વાટ, ત્યાં તંબોળીનું એકહાટ ત્યાં છે વિકરમ કેરો ચોક, પુજાએ ભઇરવનો ગોખ, શુંદર તંબોળિનું શુભવાન;વકરા કરે નીત વેચે પાન, મોટા જનથી શોદા કરે.હોરે પાન ઘણાં તે ભારે, કેવળીયાં ઉજવળ તંબોળ; જેવાં લે તેવાં તંબોળ, સંધ્યાકાળ થાએ જ્યાહરે, એક સ્રિ આવે ત્યાહરે દુકાન તંબોળીનો દ્વાર, નીત આપે તેને મોહોર;આપે મોહોર બીડાં લે મોઘાં સોંઘાં તે નવ કહે. એમ કરતાં વિત્યા કંઇકદન, વિચારે તંબોળી મન; છે રાણિ કે કોઇની દાસ દ્રવ્ય ઘણું દીસે છે પાસ; ખાવન જો એનો જાગશે, તો હિસાબ મારો માગશે, માટે જોઉં એનું ઘરબાર,એ કોણુને કોની નાર,છુટયા પહેલું તો સાંધીએ;સજે પાળ આપે બાંધીએ,ઉપની ચિંતા મનમાં ઘણિ જોઉં નારી એ કોણુજ તણિ, તેડયો ગોર પોતાનો શ્રહ્ય, સંક્ષેપે કહ્યો સહુ મર્મ, બીડાં આપ્યા અસ્રિ હાથ, મોકલ્યો વીપ્ર તે

નારી સાથ; અસી પુઠે પુઠે જાઓ, રખે તમે છતા થાઓ; ઘર તેનું જોઇ આવજો, નામ ઠામ પુછી લાવજો, તે મુજ આગળ કહેજો કથી.બીજું કામ તો અહકુ નથી; બીડા લેઇને નારી જાય, બ્રાહ્મણ તેની કેડે થાય,મુકયું ચઊટું મુકી પોળ; મુકી હાટ દુકાનની ઓળ, મુકયું ઘડ દરવાજો ગામ, ગઇ મહારાજને તે ઠામ. અઘોર વનછે મોહોટા પહાડ. તે દેખેને ધ્રુજે હાડ; વાઘ સીંહ બોલે તે માંહ, કોઇ ન જાય માનવ ત્યાંહ, જમણિ તરફ પર્વત ગંભીર, ડાબી વહે ક્ષીપ્રાનાં નીર; નીશા ઘોર અંધારી રાત, ત્યાંહાં નહી કો માનવ જાત;નથી જાણતી નારી મર્મ, આગળ પોતે પાછળ બ્રહ્મ; કોનો ભય મન નથી આણતી પાછળ બ્રહ્મ નથી જાણતી; મોહોટા પાહાડમાં એક ગફાય; ઊઘાડી પેઠી તે માંહિ. પછળ વિપ્ર પણ પેશી ગયો, તેનો મર્મ સ્ત્રીએ નવ લહયો. ગુફા દેઇને તેહ ગઇ; પોતાને સ્થાનક જઇ રહી. વીપ્રેદીઠો મોટો અવાસ જેવી શીવ તણી કઇલાશ, જેવું હોયે ઇંદ્રાસન, જેવું હોયે અશોક વન.દીઠી વાડી પેલો ઘણી, રેહેટ ઘેડા છે કનકજ તણી. ઠામ ઠામ વાગે મ્રદંગ, રાગ આલપે નવલે રંગ. જેવો રવી મંડળ ઉદીયોત, તેવી દીપક ઝગમગ જોત, રહયો વિપ્ર વિચારજ કરે. જયાંહ કનકની ઘેડા ફરે, સોળશે સરખી સાહેલડી, રમે રંગ વળગે બેલડી કેટલીક ભરવા આવી નીર, ફરે ફુંદડી પહેરયાં ચીર, અબોલાની આણજ કરી, ઘેડ પોતાની મેળે ફરી. અનેક કઉતક બીજા હોય; તેતો બ્રાહ્મણ દ્રષ્ટે જોય. ભરી નીર નારી ચાલીયો, તે બ્રાહ્મણ દ્રષ્ટે ભાળીયો. તે તે નારીનો શોભા ઘણિ, જાણે અપસરા ઇંદ્રજ તણી; વાટે જવા માંડી અળગીઓ, જઇ બ્રાહ્મણ તેને વળગીઓ. તમો જાઓ મુને સાથે લેઇ તમ સહુમાં અબોલા કેઈ. પાણી ભરતાં દીધિ આડ તે અબોલા મને દેખાડ, પામી અચરત દીઠો બ્રહ્મ. કયાં લાગ્યું વળી આપ કર્મ, કેમ આવ્યા તે આપણ સંગ વાટે જાતા વળગ્યું વંદ કહ્યું વિપ્રને મહા રાજ; બોલતા મન આણોને લાજ, અબોલા જુઓ આ ઘડી. નથી વાટમા તે પડી. અમો સહુકો તેની દાશ; કરૂ કામ રહુ તે પાસ, બ્રાહ્મણ માટે કહીએ પેર, જેમ આવ્યા તેમ જાઓ ઘેર ઉદેકાળ થાશે જ્યારે, કાળામહેં પડશો ત્યારે, તે અબોલા છે મહા સતી; પુરૂષ તણું મુખ જોતી નથી; મુખ આગળ પડદા ચાર. વરત આચ રયું અપ્રમપાર;ચાર વાર બોલવે જેહ, તે સંઘાતે કરે સ્નેહ, મન રીઝે પોતે બોલશે, ત્યારે આપ પડદો ખોલશે, માટે હોંશ જોવાની હોય, તે ઇચ્છા નવ કરશો કોય.ન સમજયો બ્રાહ્મણ વીચાર, રોકી રાખી સગળી નાર, અબોલા દેખાડે મુને નીકર હત્યા આપુ તુને એવું સાંભળા ચીંતા થઇ. એક અબોલા પાસ ગઇ આવ્યો છે બ્રાહ્મણ એક નથી જ્ઞાની કાંઇ રૂદે વિવેક;અબોલા હુતો જોઉં નહીતર પ્રાણ અમારો ખોઉં, વીપ્ર તણુ વચન સાંખીએ એને વ કાળા મહેં નાંખીએ. જાઓ નવરાવો કુંડ મોઝાર, અધુરો જાશે રણ બહાર, એમ સુણીને આવ્યાં ત્યાંવીપ્રરહોઠેરાણી જયાંય

મહારાજા તમે કુંડમાં નાહો, પછી અબોલા પાસે જાઓ, સાંભળવામાં આવ્યું હેત, કુંડમાં પડયા વસ્ત્રસમેત, જળ મધે બુડયો જ્યાહરે. કાહાડી બાહાર નાખ્યો ત્યાહરે; નેત્ર ઉઘાડી જોઈ વાડ, દીઠુ તંબોળીનું હાટ. જે દીઠું તે સરવે ગયું સમણાની પેરે તે થયું; જાગે ત્યારે પડે જેમ ફાળ, તેમજ અંગે ઉઠી ઝાળ. વળી નેત્ર ઉઘાડી જોય, દીઠતું તે છે નહી કોય; ચોટ્ટ નગ્ર પોતાનું ગામ. જ્યાંહાથી ગયો આવ્યો તે ઠામ. પડયો પ્રથ્વીમાં જંપાપાત, ઘોર અંધારી મધ્યરાત, કરે રૂદન અતિસે ઘણું, નવ હરખ્યું હઇડું તે તણું, નહી જાવુ હવે હું નેટ, એમ કહી હણે છે પેટ; તે સમે વીક્રમ મહારાજ, આવ્યો ગામની ચરચા કાજકાજ, રૂવે વીપ્રરૂદેથીચડ્યો, તે સ્વર વિક્રમકાને પડયો; આળોટે મુકે નીશ્વાસ. રાય આવ્યો છે તેની પાસ; વીપ્રોત આપ લીધો છે વેસ, માથું ઉઘાડું છુટા કેશ. કોલ ખડગ પોતાને હાથ, નથી દાસ પોતાની સાથ; બ્રાહ્મણ પાસે ઉભો રહયો અગ્નત બોલ રાજાએ કહયો; કરજોડીને કહું છું મહારાજ. સુણીને ઉત્તર આપો આજ દોહરો—રૂદન કરો છો રાનમાં આળોટો છો ધરણ, કાયા કરો અળખામણિ, મન માગો છો મરણ કે ધન કોણે લુટીયું, કે ગઇ પરણિ નાર; કે વહાણ તુજ ડુબીયું, કે કંઇ મહા વીટાર. કે વણ્તાકે કોઇ નડયો, કે કાંઇ વાધ્યો રોગ; કે દરીદ્ર તુજને નડે; પુત્ર મિત્ર વિજોગ. કોહો મન મુકી સુજને; લેઉં દુખનો પાર; સાચું હોય તે બોલજો, કરીએ આપ વિચાર જોઈએ દુખ છે જેટલું, કરીએ તેનો તોલ, પછે જઇએ વિકરમ કને, કહિએ જે બોલ. ઉજેણિમાં એ વસે, તુજને શી ચીંતાય; જે દુખ હોય તે કહો ભાગે વિકરમ રાય અન્ય દુખ ભાગી ચકે. તેને તેવું વરત; પ્રભાતે જઇને કહો સુખ થઈ જાશે. તરત. વચન રાયનું સાંભળી, બ્રાહ્મણે ધુણાવ્યું શીશ; આપ રૂદે કોપે કરી, પ્રહાર કર્યાં દશવીશ.

ચોપાઇ--રાયે ઝાલ્યો તેનો હાથ, દુખીઓ બોલ્યો તેની સાથ; પડયો પોકાર છું માહરે; ભાઇ તું જા મારગ તાહરે તું વિક્રમનું કરે વખાણ મુજ હૈડે વાગેછે બાણ; વિક્રમ તો તુજને ગંધાય, ભારે દુખ એથી નહિ જાય, ભુખ્યો તરસ્યો કોઇક જાય, આટો આપી ઓશીંગલ થાય-કે વળી કોઈને આપે ધન; જેમ તેમ કરી મનાવે મન. માહારૂ દુખ છે સાગર ભર્યું તે તો માહારે હઇડે ધર્યું, સ્ત્રી વિરહે આવ્યો છું આજ તેણે પ્રાણ કરૂછું તાજ. હવડે આ વખતે મરેશ, તુને સાચી વાત કરેશ; અંતકાળે સાચું બોલીએ, માટે મનતણો પડદો ખોલીએ. મારે હતો એક જજમાન દામસાંપીને દીધું માન; કોઇક નારી સાથે ગયો, તે મારગનો નથી ભોમીયો, તે નગ્ર મેલીને ગઇ. હું ચાલ્યો તે સાથે વહિ; તે પઠી મંદીરમાં જેમ, તેની કેડે પેઠો તેમ. ત્યાંરચના મેં દિઠી નવી, કહિ ન શકે મોટા કવી; અધો વાસ સ્ત્રીનું ગામ, અધીક એક અબોલા નામ. નથી ગયો હું તેની પાસ, મેં દિઠી છે તેની દાસ; દાસી છે જેની પાસ એવી રાણિ હશે તેની દેવી. તેની સાથે માંડી રાઢ, બુબોલા મુજને દેખાડ; કહ્યું મને તો

પુકારો નાહો, પછે અબોલા પાસે જાઓ સાચુ માની બોલ સાંખીઓ, કાહાડી ચોટામાં નાંખીઓ; તે વરેહથી રહેવાતુ નથી,તજુ પ્રાણ માહારો સર્વથી એ તો સાચુ બોલયા અમો; કારજ સીધ કરોને તમો; પરવશ ચાકર છે કે ચોર, લંપટ જાતહરા ઓખોર કે પ્રાહે કોઇ ગામજ તરૂ,પાકોતો શત્રુ બુરૂં; નથી બીજે કોઇ ગામે સાજ, વીક્રમનું ચાલે છે રાજ અમથી વાત કરો છે દાવી, વહાણું હવડાં જાશે વહી; ખોટી થઇ કારજ હારશે, કોઇ જાગે કુટી મારશે, કરવું હોય તે કરોને કામ; અમો પ્રાણ તજુ આ ઠામ;મરવા હરખ મુજને છે ઘણું,મોહોટું દુખ છે એ તણું દોહરા—વિક્રમ કહે વિપ્રજ સુણો મુકો દુખની પેર;જે દીઠી તે કામની, આણિદઉં તુજઘેર. પ્રતિજ્ઞા મન મહારે કરવું માહારે કામ મન વિશ્વાસ આણો તમો,વિકરમમારૂંનામ ચોર લંપટ જે કહો તે સર્વ મુજ પાસ; જે જોવા ઇચ્છો તમો;તે કરૂં તમદાસહું કારો મુજને કર્યો.રખે ધારો મન શોક; તેનું દુખ હોયે મને, તો સુક્રરીક મુજ ફોક,આપું અબોલા તુજનેત્યારે પીઉં નીર;વાચા હું ચુકું નહિ,જાણે વિકરમ વીર ચોપાઇ—ત્યારે બ્રાહ્મણ હરખ્યો ઘણું, વચન સાંભળ્યું વિકરમતણું; પરદુખભંજનને ઠીજરાય; બે જન આવ્યા રાજસભાય.ત્યાંઆવી બ્રાહ્મણને સુઝ;માંહોમાંહી માંડી ગુઝ,જે નારીની સાથે ગયા દિઠી રચના સુખીયા થયા તે નારી દેખાડો આજ, સધ સરશે તમારૂં કાજ વાત કરતાં દિન વહી ગયો અરૂણુ અસ્ત તે વેળા થયો ખડગ ખાંડુ કરમાં ધરયું,વીપ્રસાથે પ્રયાણુજ કરયું;કોની પાછે ન ભાગ્યો ભરમ;ચાલ્યો મનમાં જાણી મરમ પેલા દિનની વેળા થઇ,રહ્યા ઉભા બજારે જઇ નારી આવી લેવા પાન, ત્યારે વીપ્રે કીધિ સાન એ આ કહી દેખાડયો હાથ ચાલ્યો રાજા તેની સાથ. બ્રાહ્મણને કીલો વાયદો. નવ કહેશો કોને કાયદો; ચાલી જાય આગળ કામની, અંધારી નિશા જામની;ગામ નગર નવ ખાળ્યા પાહાડ.આવ્યા તે પર્વતની આડ ગઇ ગુફામાં નાર અનુપ; તે પાછળથી પેઠો ભુપ; કહી તેવી રચના જોઇ રહયો રાય મનમાં મોહી; કરી શકે કોઇ વખાણુ, ન્યાય વીપ્ર તજતોતો પ્રાણ; આ રચનાકોઇ દેશે રચી, ભરી નયણાં નરપતી; કામ જાણે વૈકુંઠ આપડુ. ફરતું હિંડું ત્યાં દાવડું; જઇ ઉભો રાય તેને તેડ, કનકતણી ફરે છે ઘેહેડ; ચંપક વરણાં ચરણાં ચીર; આવી નારી ભરવા નીર આણુ દીધી અબોલા તણી; ફરયું દાવડું આપજ ભણી. વળીનારીએ પાણી ભરયું. ને દેખી નારનું હેડું ડરયું; તે સ્રીએ દીઠો રાજન થયો ઉલટ ત મન; બેઠા છે જ્યાં રાણી સર્વ, ગઇ પાસે મહેલી સર્વ; રાણી જેવું તમારૂ રૂપ, એથી અદકો આવ્યો ભુપ નથી મુખથી તે બોલતો, આપ હૈડેથી ડોલતો કહો તો સ્વાગત કીજીએ, હેતે શુ આસન દીજીએ અમુલખ ત્યાં પથરાવ્યા ઘાટ બેસવા માંડયો સોના પાટ રાજા બેઠા આસને જઇ સુખથી વળતી વાણી કહી; નારી અબોલા રાણી જેહ. કયમ બેઠી છે ઘરમાંહેહ. કેહે વીક્રરમ આવ્યા છે ઘેર, કરસઆઇ

રૂડી પેર; બાંધી બેઠી પડદા આજ, આવ્યોછું છોડવા કાજ. સખીયો સહુ જોવાને મળે, પડદેથી રાણી સાંભળે; નચ ઉજેણી તારૂં જોર, અહીં આવ્યો તે માહારો ચોર; સુણી વાત ચડી છે રીશ ખુનની ઝાળા લાગી શીશ. ચાર પોહોરતો વાત્રિ લેશ, પ્રભાતે કાળ ગ્રહે દેશ; બાંધિ વાત તમારી હોય, ગરથ ચણેરો રહી લે કોય, જાણુછું સતવાદીરાય, જેમ આવ્યો તેમ પાછો જાય, હું નહિ ભાગું મારૂં વ્રત, વાહાણેકાળા ગરહે ફેઉ તરત રાજા કહે સાંભળરે સતી, તાહરો કોણ પીતાને પતી, વચન બોલ બોલે જેટલા, કાળાગરહે નાખ્યા કેટલા; ત્યારે દાસી તેડી ગઇ, રાયને કાળાગ્રહમાં વીક્રમે જોયા તેનો કેર. દિશાહરાપર સેર. મોટા હતા તે દુખના કરા, વીક્રમ સામુ જોઇને હસ્યા, પરદુઃખભંજન તમો કહેવાઓ, અમને મુકાવિને જાઓ.રાજા કહે પત ચુકાવશું, અમો તમને મુકાવશું; દેઇ વચન નીકળીયા બહાર, આવ્યા પડદા કેરા ઠાર, જઇને બેઠા પાટ, કહે પડદા બાંધ્યા શા માટ.કાળા ગરેહમાં તું કેમ રાખ, સત્ય વાત મુખ આગળ ભાખ, રાણીની બોલી સહચરી. માનો વીક્રમ વાતજ ખરી, મોહોટા છો અવંતિ ધણી શુણી ઉતપત અબોલા તણી, સુર્યપરવ હતુ એક દીશ, મળી જોગણીયો દશત્રીશ, ભદ્રકાળીનું સ્થાનક હતું, રૂડે પરવ મંગળ થાતું; સહુ મળાઓ કુડે નાહાય શોભા નોતમ રૂડી થાય; જોગણીઓએ મનમાં ધરી, રમત રમતાં પુતળીઓ કરી; કોઇએ પાંચ કોઇએ દશભાર, સહુએ માંડયો તે પ્રકાર.સહુ થકી એક નાહાની ઘડી,એકજ તેમાં કીધિ, વડી; રમત રમી જ્યારે ચાલીઓ, પુતળીઓ દ્રષ્ટે ઘાલીઆ અમરત દ્રષ્ટે જોયું ફરી,જડહતી તો ચૈતન કરી, સોભાસ્થાનક કહી આપીએ, અહીંયાં સ્થીર કરી થાપીએ. રહુ દીધ કરી તે બે, સહુ શીરોમણિ કીધી તે બીજી સખી કરે સહુ શેવ, નહી આવે કો માનવદેવ.જે કો અહીંઆં આવી ચડે, તેતો કાળા ગરહમાં પડે. એમ કરતા ઝીતે જો કોય, તો અમો વશ તેને હોય. વસ્ત્રમેવા વીધવીધ ભંડાર,આપ્યા ભોગ અપ્રમપાર;દઇ વરદાનને તે જોગણી ગયાં; તે દહાડે અમે અહીં રહ્યાં. રાણીએ આપ મનમાં ધરયું; અબોલાવરત તે આચરયું. પુરૂષ શંગ રાણી નવ કરે. સતવ્રત રાજા આચરે. પુરૂષનામ ન ઝાલે હાથ ન બોલે કો નરની સાથ; ભુલ્યો ચુકયો આવે સોય, આગળથી ચેતાવી જોય. જાઓ પાછા આવ્યા ત્યાંહ. પડશોકાળાગરહની માંહ; હોંશ કરી બોલાવવા ચડે,વાહાણામાં કાળાગરહે પડે.પડે હોડથી કાયરન રાંક.તેમા શો અમારો વાંક. સક્ષેપે કહયો ઉપદેશ સાંભળજો વીકરમ નરેશ. મન ગમે તે મારગલહો જો ગમે તો અહીંયાં રહો મનમાં કરી જુઓ વિચાર, એક રાત રહેશો આ ઠાર. જો રાણીને બોલાવશો, પડદા ચારે કરીજુઓ વિચાર, એક રાત રહેશો આ ઠાર. જો રાણીને બોલાધશો. પડદા ચારે બોલાવશો, તો પોહોચે તમારી આશ, છો આવી બેસે તમ પાસ, કરશો પ્રપંચ અદકો ભેદ, તો રાણિ બોલશે નહિ વેદ, નત્ર બોલે તમ સાથ. ત્યારેધરશો બેઉ હાથ જોઈ આવ્યા કાળાગરહ હશે, તેવી ગત તમારી થશે,એવી સીએ વાણિ ભણિ; એક ચીત વિકરમ મન ધરિ.

દોહરા—કહે વિકરમ સુણ માનનિ,સમજે શું મનમાંહ;નાઠે કોઇ છુટે નહી,હિંમત ધરી તનતાંહ,ગોઠવણી મનશું કરી,કર્યો એક વિચાર,ગરબડ જે મનડા તણી, તે રહી ઠારોઠાર.રેહેવું રાત માહારે અહીં,શીદ દેખાડુ પીશ,વાહાણું વાએ તે થશે. જે કરે જુગદીશ. અમને તો નિંદ્રા નહી સુણીએ નીત નીત તાન; કહિએ રૂડી વારતા ધરીએ હરીનું ધ્યાન, મળ્યો એકદા માનવિ, ધન તમારી ખાત; ઇહાં આવ્યા શું જાણશું કોહો કાંઇ નવલી વાત. તમ દાશી આગળ કહુ, તે નહી માહરો તોલ; રાણી દે હુંકારડો,કહુ અલોકીક બોલ,ચોપાઇ—કહે દાસી સાચું કહુ અમો, ઘેલા દીસો રાજા તમો;એમ રાણી હુકારોદે,પડદા ચારકેમ બાંધ્યા કહે કહે વાતરાણીને જઇ;રાજા કહે તે સાભળ સહી;કહેવડાવું રાણીને હું, થવાય એવી થાજે તું, હોયે તાહરી માની દીકરી, પ્રતીજ્ઞા પાળે એ કરી; વાત કરૂ તે મનમાં લેશ, પણ હુંકારો તું નવ દેશ,કાને ઝાલ શોભા છે તુને,તે હુંકારો દેશે મુને મુને,કહી વાત રાજાએ જશી.ખડખડીને સહુએ હશી. અમો જાણતા ચતુર સુજાણ. કહી વાત એતો અજાણ ઘડી ઝાલ જે હેમજ તણિ, તે વાત સાંભળસે ઘણી. વીક્રમ હરખ્યો મનમાં ઘણું; ધરયું હયા વેળાતજ તણું; બેઠો ઝાલ ઉપર તે જઇ, ખબરકોને નવ થઇ. દોહરા—વીક્રમ વાણી બોલીઓ, સુણ રાણીનિ ઝાલ; કહુ વાત જે હું તને, મુજ હુંકારો આલ, બોલી ઝાલ ધન વીર તું, પરદુખભંજનહાર; સહોદરપરનારનો, આક્સ અપ્રમપાર રાણી મુરખ માહરી. ચીતા ચોર કહેવાય; તું ઇંદ્રનો, સહુ માનવનો દેવ; તે રાગી નથી જાણતી, નહીતો કરે તમ શેવ.પ્રયાગ અંગને ગોમતી, તે તણુ ફળ લેશ; વાત વાત કરે બિક્રમ ભલે; હું હુંકારો દેશ.અચરત પામી નારસહુ, બોલી ઝાલ વચન. હું કયાં સાંભળવા રહુ,સુખ બોલે રાજન. ચોપાઇ—અબોલા આરે સહુ નાર, બેઠા છે સઉ ઠારોઠાર. જેમ હોય ચીત્રામણ લખી, તેમ બેઠીઓ જે સહુ સખી. રાણીની ઝાલ હુકારો દે. વારતા રાજા વીકરમ કહે. શ્રી મેલાપુરપાટણ ગામ, અંદ્રહીત્ય રાજાનું નામ; વશે નગ્રમાં વરણ અઢાર, શોભા સઘળી ઠારોઠાર. પુન્યતણાં સઉ પાળે પર્વ, કર્મ અનુસરે વરતે સરવ. રાજા, ચાલે રૂડુ કર્મ, પાળે પ્રજા પોતે ધર્મ. તે નગરમાં બાળક ચાર,એક બ્રાહ્મણ.વૈશ, ત્રીજો સોનાર. ચોથો સાળવીકેરી નાત. ચારે મીત્ર તે જુજવી જાત,માંહોમાંહે અકો નેહ, જીવ એકને જુજવી દેહ. ન કરે કામ કુળ ઘરની રીત રાત દીવસ તે સાંભળે પ્રાત. ઘડીએ એકઠા મળે. માબાપ સઉનાં રીસે બળે.બ્રાહ્મણને કહે મુરખ રહયો,સુતારને કહે ઘેલો થયો. સોનીને કહે ખાશો શું, સાળવિને ઘેર મારે સહુ. કરે રીશ સઉનાં માબાપ, ચારે વળી વિચારયું આપ એકાંતે મળીયા ચારે જણા રહયા મુરખ કાંઇ નહી ભણ્યા, અણસમજમાં દીન વહી ગયા, શીખીએ વિદ્યા મોહોટા થયા; એમ વિચારી કરો ઉપદેશ, જણ ચારે જઇએ પરદેશ. કોઇએ ના જણવ્યું ઘેર, ચાલ્યા પંથ વિચારી પેર. વીશ જો

જનતો મેહેલ્યો ઠામ. ત્યાંહાં દીઠુ એક ઉતમ ગામ. રાંધી જમીએ રહીએ રાત. ઉઠી જાશુ પ્રભાત, વીપ્ર રસોઈ કામે ગયો, સોની અગ્નિ ક્ષણુએક રહી હકીકત પોતાની કહી. હું જાતે સોનારી કહુ; શીખશો ઘાટ તો રહુ, હા ભાઇ સુખે રહો જમો, શીખો કામ અમ ઘેરજ રહો. કરીશ વાયદો આવિશ ઇહાં. મીત્ર જણ બેઠા ત્રણ તીહાં. આવ્યો હસ્તો તેહ સોનાર, મનમાં હરખ્યો અપ્રમપાર.

દોહરો—રસોઇ કરી ચારે જમ્યા; પડી જ્યાહરે રાત; ત્યારે શોનીયે કહી, સહુ મીત્રને વાત. કહો તો હું અહીં રહું; શીખુ મુજ રોજગાર. કરયો વાયદો ગામમાં, ઇહાં રહે સોનાર. ચોપાઇ—ત્રણે હા કહી નીરધાર તે ગામમાં રહયો સોનાર; ત્રણ જણ ચાલ્યા જેટલે; એક નગ્ર આવ્યું તેટલે, ભોજનનો માંડયો વીચાર; ગયો ઈંધણા લેવા સુતાર, નાત જાતનું હેતજ ભલુ, વાતજ કરતાં મનડું મળ્યું; રાખો મને આણીને પ્રીત; શીખવો કામ કુળની રીત; કષ્ટ લઇને આવ્યો ફરી મીત્ર પાસ તે વાતજ કરી.જે કહો તે શાને ધરૂ, અહીયાં રહુ તો વિદ્યા ભણું, વૈશ નગ્ર તેનિ તીર, પંથ પળાયા બંને વિર;અઢાર જોજન આઘાગયા; થાકયા ચરણ ક્ષુધાતુર થયા; કરી રસોઇ ભોજન કર્યું, કંપે પડવા મનડું ધર્યું. રાતવાસો રહેવાને પેર, ગયા ભલા માણસને ઘેર, રહેવું રાત નીશા ગાળવી, તે ઘરધણી જાતે ખાળવી.વાત કરતાં નાતજ મળી; ગયું એકએકનું મન મળી; માહારા કુળની વિદ્યા ભણું; વસ્ત્ર અમુલક અહીં રહી વણું, સુખી થઇને ત્રીજો રહયો; વિપ્ર પ્રભાતે પંથે ગયો, વિશ જોજન ગયો જયાહરે, નર્મદા દીઠી ત્યાહરે, મહા ઉજ્વળ છે તેનું નીર, વસતું દીઠું તે તીર. ગયો ગામમાં ક્ષુધારથી, ભણતા દીઠા વિદ્યારથી; તેનો સંગ પોતાને ગમ્યો, પંડીતને ચરણે નમ્યો; ચરણુ જઇને પ્રીતજ કરી,વિપ્ર રહયો સ્થાનક ઠરી. નીત્ય સ્નાન નર્મદા કરે,હેતે ધ્યાન રૂદેમાં ધરે; ગુરૂજીના તલાંસે પાય, દીન ઠડે એમ દિન વહી જાય,ચારે ઘેર વાશીદા કરે, ગુરૂજીને ઘેર જઇ પાણી ભરે; ગુર પેટ કાંઇ બાળક નથી, વિદ્યારથી વહાલો સર્વથી, સેવા કરે નિત્ય અપરંપાર;વરસ વિત્યાં છે ત્યાં તો બાર;ગુરૂ એક દીન પ્રસન થયા, શીશ ઉપર આણી છે દયા. વિદ્યા ભણીને સફળજ થાઓ,સુખે ગામ તમારા જાઓ; મોહોટા રેવા જળ પ્રતાપ પામ્યો તેથી છુટયો પાપ; હવે મારા દેશે જાઉં; સર્વ કુટુંબને ભેગો થાઉં.

દોહરો–માગી શીખ ગુરૂ તણિ, પંથ પળ્યો દ્વીજરાય; જ્યાં રહયો છે સાળવી ગયો તેજ ગામમાં જાય. તેણે તેના ગુરૂ તણિ, વેગે લીધી શીખ; મળ્યો મીત્ર જઇ વૈશને, કામ પોમાનું કીધ. ચાલોમિત્ર સ્વદેશમાં મળીએ માત પીતાય; હા કહીને સાથે થયો,લીધી ગુરૂ રજાય,ચોપાઈ–ત્રણે જણ ગયા તે સાર;જ્યાં વસે મિત્ર સોનાર. તેને પણ સાથે તેડીઓ, પંથ મળી ચારે ખેડીયા, ઘેર જવાનો હરખજ ઘણો, ગણે ન ભય મનમાં કો તણો; અરણ્ય વનમાં જઇને અડયા, દેશ ન સુજી ભુલા પડયા.

ભુલા પડયા ને સુરજ ગઈ,નીશા ઘોર અંધારી થઇ; બુદ્ધિ વિચારી મન આપણી, તે સ્થાનક કીધી તાપણી, આ સ્થાનકમાં રહીએ રાત, પંથે થઇશું પ્રભાત; પહોર ચારે જાગે ચાર જણા; ભય નહિ ગણે કોતણા. એક પહોર વારો માગશું, વારા ફરતી સહુ જાગશું; ત્રણ જણ સુતા તે ઠાર, પ્રથમ પહોર જાગ્યો સુતાર. એ ત્રણુ નિદ્રાવશ થસે,મહારો પહોર કેઇ પેર જશે;સાધી વિદ્યા લીધી સુતળી, કાષ્ટતણી કીધી પુતળી, સુંદર હાથને સુંદર ચરણ. મહેલી વડીને પાસે ધરણ, જ્યારે પુતળી પુરણ થઇ, નીશા પહોર એકજ ગઈ. વહરા સુતો જાગ્યો શાળવી. જાગી પહોર નિશા ગાળવી; દિઠી પુતળી તેણે ઠાર, તેણે મન કર્યો વિચાર, પોતે હઇડે બુધજ ધરી, તે પ્રમાણે સાડી કરી; ચરણા ચોળી પહેરાવીયાં, ભોમી ઉપર પધરાવીયાં, વસ્ત્ર પહેરાવ્યાં તેણે ઠામ, નીશા ગઇ જવ અરધિ જામ; પછે સોનીને જગાડીઓ, આપે જીવ સુખ પમાડીઓ. જણ ત્રણે તે સુખે સુવે. સોની બેઠો પુતળી જુવે; ઘડી હશે વમેશે જાળવી. વસ્ત્ર પહેરાવ્યાં છે સાળવી. હવે હું પ્રાક્રમ કરૂં, વસ્ત્ર પ્રમાણે આભુષણ ધરૂં. નેપુર વીંછુવા અપાર, કરણે ઝાલને કોટે હાર, નહાનાં નહાનાં સરવ સેવાણ, કરી આભુષણનાં એંધાણ. પુતળી બેઠી સજીને દોર. એટલે રાત રહી એક પહોર; સુતો સોની જાગ્યો બ્રહ્મ.મહારાજ કરે ખટ કરમ, જોગી બેઠો આસન અડી, એવે પુતળી દ્રષ્ટે પડી, ત્રણે કરયું પોતાનું કામ; સહુથી મોહોટું મારૂં નામ. વીમાશણ મન કીધી ઘણી, સ્તુતી કીધી નરમદા તણિ; સુરૂ વિદ્યા સાધી મન ધીર, ભરી અંજળી પોતે નિર. ગાયત્રીનું સમરણ કરયું, નીર લેઇ પુતળીપર ધરયું, પ્રતક્ષ દેવ પુજા મન ધરી, જડરૂપ તે ચૈતન કરી. એમ કહી જળ મુકયું શીશ, જાગ્યા સહુને ઉગ્યો દીશ, કાષ્ટ પુતી પેલી હતી; તેતો થઇ મનોહર સતિ. દીપવસ્ત્ર સુંદર સણગાર રૂપ અલોકીક અપરંપાર; ચારે તેતો જોઇ રહ્યા, માંહો માંહે રાડે થયા. સુતાર કહે વડી અમો, તેને કેમ લેશોજી તમો; પછે સાળવી બોલ્યો વાણ, વસ્ત્ર પહેરાવ્યા મેં પ્રમાણ, બની બેસતી;જતને કરી, તે કેમ લે બીજો સુંદરી; સોની કહે મેં પ્રમાણ, બની બેસતી જતને કરી તે કેમ લે બીજો સુંદરી; સોની કહે કીધા શણગાર. તે કેમ થાય બીજાની નાર.બ્રાહ્મણ કહે મેં સજીવન કરી; તે કેમ થાય મુજથી પરી. દેખી નારીને ચારે વડયા, ન્યાય કરવા લોકમાં ગયા. કોની નારી થઇ સરવથી, તેતો હું જાણતો નથી;અરે ઝાલ હું પુછું તુને, જે જાણે તે કહે તું મુને. સાચુ બોલ જે મનમાં ગણુ, આણ છે અબોલા તણી,તારૂં બોલ્યું જો મીથ્યા થશે;તો સનમાન રાણીનું જશે, જુઠુ બોલે આણે દીશ. તે તો ભાર રાણીને શીશ.

દોહરા—ત્યારે ઝાલજ ઓચરી, ખેદ ન કરશો કોય; જેણે એ સજીવન કરી, તેની સ્રી હોય; ત્યારે અબોલા કોપીઆ ધરણ પછાડી ઝાલ; તું કહેવાઇ માહારી સાચો ઉમર આલ, મેંતો જાણ્યું તે કહ્યું; કેહેછે ઝાલ વચન; જે તમે જાણો તે કહો,

જેમ સુણે રાજન. સત્ય જાણોને હોય નહી, મન થકી જો આપ; તો સરવ નિષ્ફળ થશે.બ્રાહ્મહત્યાદીક પાપ. ત્યારે અબોલા બોલીયાં, જે કહયો સોનાર; બીજા તો જોઇ રહયા, સ્ત્રી તેની નીરધાર, ચોપાઇ—જેણે ઘડી તેતો છેતાત, વસ્ત્ર કરયાં તેતો થાય ભ્રાત; આપ્યો જીવ તેતો ઇશ્વર કહયા, પલ્લું કરયું તે પુરૂષ થયો. દોહરો—ભલેનાર ની હોડ; પોહોર નિશાપેહેલી ગઇ. પેહેલો પડદો છોડ. બીજે પડદો પેહેલે પડદો ખોલીયો, અચરત પામી નાર; કહુ એક બીજી વાત; અહંકાર તજ અમથકી, વદો વચન મુજ સાથ. કહેદાસી સુણ રાયણ, વીકરમ ચતુર સુજાણ; કોટી ઉપાય કરો તમો, બોલ નહી મુખવાણ વીકરમ કહે સહુ સાંભળો, નહી બોલ્યાનું કામ, બોલ હાર રાણી તણા, તારૂ સુંદર નામ વઇતાળ જઇ ચઢયો હારમાં, બોલે મુખ રસાળ, ધન્ય દુખભંજન સુખ કરણ, ગઉ બ્રાહ્મણ પ્રતિપાળ; આશાના વિશ્રામ છે. નોધારા આધાર, સહોદર પરનારનો, દુશમન ગંજન હાર, રાણીમાંતો શુદ્ધ નથી, નથી અકલ આદીશ, નહીતર બોલે તુજશું. પગે નમાવે શીશ.

ચોપાઇ—વાત તે વિકરમ રાજા ભણે, સહુકો બેઠા કાને સુણે; પોતાના મનમાં લે, કંઠે હાર હુંકારોદે, રાજવતિ નગરી અનુપ, રાજસેન તેનો છે ભુપ; અશ્વ ગજરથ પાયક બહુ, સઘળી સમરથ પોતે સહુ; સઘળી લીલા છે ઘરસુત્ર પેટ નહી પોતાને પુત્ર; સત્યવતી રાણિ સરદાર, રાજાને મન હેતઅપાર અંતઃકર્ણ઼ઝુરે નીશદીન. પુત્ર નહિ આપ્યો ભગવંન, પછે આપ વીચારયું મન, મંદીર મુકી ચાલ્યો વન, મુકયું ઘરને સરવેરાજ, એક પુત્ર માગવા કાજ; નિરભેથકી ચાલ્યો તે ધીર, ગયો જાન્હવી કેરી તીર; ગંગાજળનો કીધો સંગ, માહા રૂદ્ર થાપેલું લીંગ; પુજાકરી પુરા ખટમાસ આવી આપ તરૂઠયા અવિનાશ; ઉઠરાય આપુ વરદાન, પ્રગટ થશે તારે સંતાન, નીતે શિવની પુજા કરે. ધ્યાનરૂદેમાં તેનું ધરે. પામ્યો વરઆવ્યો છે ઘેર, પુજા કરે શીવની બહુ પેર, દસ માસ થયા જેટલે પુત્ર પ્રગટ થયો તેટલે; વગડાવ્યાં ત્યાં ઢોલ નિશાન થઇ શોયેમ ઉદીયો ભાણ; અષ્ટદાન અધિક આપીયાં, જાચીક કેરાં દુખ કાપીયાં; નીત્યે બાળક મોટા થાય શીવ પુજન નીત્ય ચાલ્યું જાય, પુત્રને વરસ થયાં છે બાર, રાયે મન કરયો વિચાર, કહયુ પુત્ર સુણ મારા તન, હવે કરતું નીત્ય પુજન; હુંતો વ્રદ્ધ થયો સરવથી, માહારૂ મન સ્થીર રહેતું નથી તમ કારણ કરીએ છીએ અમો, આજથી આચરજોજી તમો; પીતા બોલ પુત્રને ગમ્યો; પ્રદક્ષણા દેઇ ચરણે નમ્યો આજથી મારે કરવું કામ, ક્ષણું નહીં મુકુ શીવ નામ, નામ, પ્રતિજ્ઞા પાળિયે સહી, નિત્ય શિવપુજન મુકુ નહિ, સોંપ્યું કામ પુત્રને જેહ શિતળ થયો રાજાનો દેહ.

દોહરો—શિતળ પુરનો રાજીઓ છંબર તેનું નામ; તેનેકન્યા એક છે, રૂપાવંતી નામ; તેહ તણો વિવાહ કરયો, શિવદન રાય સંગાથ; ઓછવ મંગળલરતિ ની શોભા નવલી જાત પોતાને ઘર્યે કરિ, બીજે શિવ પ્રતાપ; કન્યા પામ્યો પ્રેમનિ..

મનમાં હરખ્યો આપ, વાજા બહુ વીધ વાજીયાં. પરણી ઉઠયો પ્રીત,ઓછવ ત્યાંહાં અદકો થયો રાજ કુળનિ રીત, પંચ રાત પુરી થઇ, પામ્યા જશ બહુ માન; કન્યા વળાવી સાસરે. વદાય કરી સહુ જાન. ત્યારે જોશી ઓચર્યા;મુહુરત જોઇ બહુ પેર; માસ પુંઠે મુહુર્ત મળ્યું કન્યા જાશે ઘેર. કાજા પરણી આવીયો, સકળ જાન સમેત; કન્યા રહી ઘેર તાતને, અંતઃકરણથી હેત.

ચોપાઇ—ઘેર આવ્યા થયોએક.માસ,મનમાં સ્ત્રી તેડયા આસ અવજોગ ગયો ગયોને મુહુર્ત થયું,તે રાણીને તેડુ ગયું. રાજગોર જે પોતાતણો, તેહને અધીકાર છે ઘણો; ગોર સંગાથે કન્યા વડે, સાંભળી દુઃખ ન રૂહે, વાત કહુ જોડી બે હાથ, હુતો નહી આવું તમ સાથ. રાય આપ તેડવા આવશે. તે માહારે કન ભાવશે, ત્યારે હું સાથે આવીશ, નહીતો રહુ પીતાને દેશ; કહીયે રાય એકલા આવજો; મીત્ર એક સાથે નહી લાવશો કાય; સુણી વચન તે બ્રાહ્મણ વળ્યો. આવાને રાજાને મળ્યો, ત્યાં કરી હતી વાત જેટલી.માંડી વાત કહી તેટલી; સાંભળી કારણ મન જાણીયું, તે દુઃખ હૈડે આણીયું; પ્રધાન કેરો છે એક તન. તેશું આટ મળ્યું છે મન; જીવ થકી વાહાલો છે ઘણું નગી બ્રાંત દિલમાં તે તણું.

દોહરા—એક રથ હતો તે જોડીયો, બેઠા રથમાં તેહ; નહિ કોઇ ત્રીજો સારથી, એવો ગ્રીશું નેહ, માગી શીખ તે સંચર્યા, તનમાં અતી ઉલ્લાહ; બે જોજન જ્યારે ગયા, દિઠો શીવ પ્રસાદ,સુંદર દેરૂં શીવનું સમીપ સરોવર નીર;તેમાં કમળ ખીલ્યાં ઘણાં, આવ્યો તેને તીર; રાખી રથ તે ઉતર્યા,કરયું સ્નાન નિત્ય કર્મ; ચુંટયો કમળ હેતે કરી. જે શીવ પુજે ધર્મ; પ્રધાન રહયો તે વાટમાં ગયો દેરામાં રાય,કરી પુજા પરીગ્રહમની, અરધાંગે ઉમીયાય;પંચામ્રત જળ ધારશું, કુમકુમ ચદન તેલ કમળ પુષ્પ આગળ ધર્યાં. કીધી છે રંગ રેલ. નૈવેદ અમરત આરતી, ધુપ દીપ પુજન; એક ચીતે સ્તુતી કરી. હરખે તે રાજન;એક કમળ ચડાવીએ, તો લક્ષ પુજા થાય.રાણીને તેડી આવશું તો કરશું કમળ પુજાય. ચોપાઇ—કમળ પુજાની બાધા કરી રાજા રથમાં આવ્યો ફરી, તે વાત ન કહી અન્યાય ઇચ્છા રાખે તે મનમાંહે. વળી મીત્ર સાથે તેડીયો. અરૂણદેવ અસ્તાંગત થયો;સસરા ગામે બેહુએ ગયા; સગાં મેળાપી ભેગા થયા; નગ્રમાંહે કરાવ્યું જાણ;હરખે વગડાવ્યા નીશાન, પ્રધાન સહોદર સાથે થયા, જામાત્ર જાણી સામા ગયા, મળી માન દીધાં બહુ પેર પધરાવ્યા પોતાને ઘેર; ઉત્તમમેવા અમરત પાઇ, રસોઇ બત્રીશે ખટદસ શાક. નીત્ય નવાં આરોગે અંન; આનંદ વીનાદ રમે રાજન; નદી નવાણે રમવા જાય, મનમાં ઉલટ અદકી થાય, આજ કર્તામાં સહી,પક્ષ ત્રણ એમ કરતાં ગઇ;કરો ઉતાવળ જાશું અમો, વોહાય દિજે અમને તમો.

દોહરા—સાસરવાસો સજ કરયો; શણગારી તે નાર; પ્રધાને રથ જોડીયો સુણુ

ન લાગી વાર, અશ્વપાસ નહી સારથી, નહી સહાય કે શરણ; આવ્યા ત્યારે બે હતા;વળતાં થયા છે ત્રણ ચોપાઈ–પ્રધાને પરણ્યો લીધો ત્યાંય, સ્ત્રી ભરથાર બેઠાં રથ માંહ;ખેડી રથ આવે જેટલે, શીવસ્થાનક દીઠુ તેટલે.સરોવર પાળેરાખ્યો રથ, ઉતરયાં હેઠાં બંને સમરથ સરોવરજળ ઠેકાણે થયાં, કમળ હતાંતે સુકઇ ગયાં;તવ રાયે કરયો વીચાર, રહયો શીવપુજનનો ભાર;દેવ રણ તેનું બહુ પાપ, નહિ પામે તે દે શ્રાપ. તેત્રીશ કરોડ દેવતેને નડે, કરોડ વરસ તે નરકે પડે. તેથી મોહોટુ રણ તે બ્રહ્મ બોલે સુકૃત કેરૂ કરમ; બ્રાહ્મણ કેરો જે ભોગીયો, સાત અવતાર સુધી રોગીઆ અપુત્રવંત દરીદ્રી હોય, પીત્રી રણનું મોટું દુખ, તે પ્રાણિ પામે નહી સુખ. દોહરા–રાયે મન વીમાસીઉ. દેવરણ મહામુલ્ય;તેઅવનિ છુટાતણું, કરી વિચારિશુલ;સ્ત્રી પ્રધાનનેત્યાં રહ્યાં, ગયો રાય શીવ પાસ; પ્રણામ કરયો મહારૂદ્રને મન આણી ઉલાસ, મહારાજ કમળ સુકઇ ગયાં આવ્યાં નહી મુજ હાથ વચન કહ્યુંતે પાલવું; જે બેલ્યા તમસાથ મુખનું નામકમળ છે, મુખ કમળ જે શીશ;તે અરપુ હું તુજને, માનિ લ્યો જુગદીશ કાહાડી ખડગ કોરે ધરયું, પાળ્યું પોતે વ્રત; થયો ઓશીગલ દઇને; શીશ સમરપ્યું તરત.ચોપાઇ–આપ હાથે મસ્તક છેદયું,શીવ સાનીધ જઇ ભેદીઉ વહી ગઇ ઘડી બે ચ્યાર, પ્રધાનને મન કર્યો વિચાર. હજી કેમ ન આવ્યા રાજ, જોઉ ખબર લાવું હું આજ, કયા સુધી જોઉ હું વાટ સીગ્રના આવ્યો શા માટ.

દોહરા–વિચાર મનમાંહે કરી, રાણી મુકી સ્થાન, મસ્ત થઇ રાજા પડયો ત્યાં આવ્યો પ્રધાન. દીઠું મસ્તક સાથે પડયો આશું થયો ઉત્પાત; કોણ શતરૂ આવી મળ્યો; કોણે કીધો ઘાટ શું કરૂ કોને કહુ કેમ જાઉ મુજ દેશ; બોલ સહુ લોકો તણા તે દુખ કેમ ખમેશ. રાણી હમણાં જાગશે, ઉપજશે બહુ દાઝ; કેહેશે એને મારીઓ મુજને લેવા કાજ; એક વાતે નહી છુટકો, નહી જીવ્યાનું કામ; છેદુ મસ્તક હાથથી મુકી મનના હામ.

ચોપાઇ–પડયો પ્રધાન તે શીવને ઘાટ;રાણિ રહી જુવે છે વાટ; જોઈ વાટ ઉચાટજ થયા, બેઉ જણ બેસી કેમ રહ્યા;એમ વિમાસી ચીંતા થઇ સ્ત્રી જોવા માટે ગઇ, બંને પડેલા દિઠા દ્રષ્ટ; રાણી મનમાં પામી કષ્ટ, કોણે માર્યા તે કેમ પડયા, કોણ દુશ્મન તેને નડયા; લોક વાત કરે બહુ સુખી મેહેણાં દેશે માહારિ સખિ કેહેશે કોઇ શું પ્રિતજ કરી મારી નંખાવ્યાં છેતરી; એમ બોલશે સહુએ આળ, બેઠી માહારે માંથે ગાળ. ક્યાં જાઉ હવે શું કરૂ, છેદુ શીશ એ સાથે મરૂ; એમ કહીને છેદે શીશ, પ્રગટ થઇને બોલે ઇશ.

દોહરા—સ્ત્રીએ હાથે ધરયું મુકયું મનની માન, સ્તુતિ કરી સુલપાણની ધર્યું હેતથી ધ્યાન, પ્રાણ તજુ હું માહારો; તે મન ધરજો આપ વણ વાંકે મરવું પડે, તે શીવ તુજને પાપ. ચોપાઇ–એમ કહી જેવું પાડે તન,ઇશે આપવીચારયું મન;મુજ

હરે તુજે કેમ પ્રાણ. ઓ હત્યા બેસે નીરખાણ; માહા તેરણીનું લીધુ રૂપ; મગર થયો કે બોલ્યા સુપ; વણ પુછે શા માટે મરે, રખે દેહની હત્યા કરે. આનુપુરકળા પુજવ કેલ્પા સાટે આપેલું તન, પ્રધાનને ભય લાગ્યો પ્રાણ, દેહ પાડ્યો કે પોતા તણો; ત્યારે સુણ શી ત્વરિતાય, સ્ત્રી મુખથી હત્યા થાય; લોક કારણ સંભળાવું તને; શરને દોશ મુકે છે મને શીળતું. સ્ત્રી બોલી વાત; કહીશ હું સુજા દેહની વાત, એકઠી પેર પ્રાણી કહિ જાઉં; એની સુણીશું બેઉ જાઉં; શીવ કદ લોક, કીજે ત્યાગ; બહેન, મારી ખારી ભાખું તે સાંભળી સુંદર ભોળાનાથનાં વીનતી કરી. છપોતાનત્ય, શીવ સબારાજ લાજ રાખો તન આધારિ; આપો સુખ ત્રિપુરારી, સાથ કરે સહુ વાણસી. વૃષભવાહાન અસ્વારી, મોહ વહાલાજ આપો; કે જપે, તુજ જાપ, શરણાંગત આપો, અહાદ્દ્ર શ્રદ્ધા સમાન કોઈ અવર નહીં કો દેવતા; સાચું કહે ત્રીનામાંથરી, કરો મરતાને અમરના. ચોપાઇ—સ્તુતી કીધી જેટી હાથ. પ્રસન થયા તે ભોળાનાથ, જે કહું તે નારી કરીને ધડ ઉપર મુરતક લેઈ ધરો. ઉપર ઓરાઢો એક ચીર, તે ઉપર અમરો નીર પ્રેમ કરતાં એક પલકજ થશે, બેઉ બેઠા થશે. બોલ શુણ્યો શંભુજી તણો; શોને હર્ષ થયો છે ઘણો, અભિનવ લો આજ ગયા, તરત ઇશ અલોપજ થયા. દોહરા—હરખ ઘણો તે વાણીઓ સહુ થયો આ દિશ; પ્રધાન કેરો ધડ પરે, વણનું સાભનુ શીશ રાજાનું જે થડ હતું તે પર શીશ પ્રધાનને હરખે મન જાણ્યુ નહી રહ્યું ન મનમાં જ્ઞાન.

ચોપાઇ—શંભુએ કીધું જેટલું, સ્ત્રીએ કરયું તેટલું; અતિ વાતથી વેછુટી આ આ પ્રસ મસકીને, કઠાયને પ્રધાનને આણુ શશ, પ્રધાન શીશ રાજાની કાય, તે વાતનો કરો વીચાર, પેલી સ્ત્રી તે કોની નાર. દોહરા—વીક્રમ તો વાણિ વદે, સાંભળ અબોલા રાણ્ય કે ધડની કે શીશની; કહેવાય કોની નાર, સત્ય વચન બોલે નહી, હું દેઉં તુજ ને આપ; સ્ત્રી હત્યાદિકનું, તુજ રાણિ સીર પાપ.

છપ્પો—ધન માતને તાત ધન છે ભ્રાત ભલાઈ;ધન ભુપ ધન શીષ,ધન કુમાળને ચતુરાઈ ધન ધીરજ ધન તેજ, ધન આદર આધારી, ધન વિદ્યા ધનવાદ; ધન જશ છે દાતારી, ધન સ્વર્ગ ધન દેવતા, ધન સકળ બોલે કો ફળે; દાનમાન ધન મહીમા કહે શામળ ઇશ્વર મળે. ચોપાઈ—એશું જાણી આનંદ પામીયો,દળીદ્રતણું તે દુખ વામીયો; એ વાત વીક્રમ ઘેર રહી; કઉતક એક જોતામા થઇ.

દોહરા—નગર ઉજણી અવનવી, શોભાનો નહી પાર; વસે અસંખે મેદની, નવતેરી વિસ્તાર; લખશેરી કોટેશરી સહસ્રશરિ લાખ કરોડ એવા અણ ગણ ધનપતિ વહાણવટીની જોડ, ઉત્તમ દશા ઉજેણ નગર, વસે શેઠ ધનપાળ; છપન કરોડ ભંડાર છે,બીજો અગણિત માલ ભુંગળ વાગે બારણે ગાય ગેબીનાદ અહોરાત થાય આરતી, સુર વાજાનો સાદ. ધજા ફરકે અટારિએ, રંગ ઝુઝુરા સાત;ધનપતી ધનપાળ છે વિશ્વ બધે વિખ્યાત ઉજેણ નગર ઉતારણહારા શ્રીમંત શા શુભ નામ; તેને સમરથ તેટલી રહે છે એકજ ગામ ભુંગળ વાગે ભોંગરે;ચોઘડા રૂડી સજ આડે પોરે

આરતી કરૂંઠે બારીએ કેરજ શ્રીમંતશાને ધનબળે વેહેપારી જુગ જોડ; સોના કેરા વાવટા ટકા છપન કરોડ એક એક ને પ્રીછે નહી, કાને સાંભળે નામ; એક દશા વસે છે એકજ ગામ દરીયા પારે આવીયો, અરીક વહેપારી એક; તે પાસે એક રત્ન છે,બીજી વસ્તુ અનેક. તેણે રત્ન ચઉટે ધરયું. જે ચીંતામણી નામ;કહો ભાઇ કીંમત કરો, તેજ દો મુજ દામ. સહુ મળીને આંકીયું;મળ્યા કીમતી જોડ; રત્ન માલ છે તેટલો,ટકા છપન કરોડ લેવાને મન સહુ કરે; પણ નહી એટલો ગરથ; સહુ જાયે પાછા વળી, ન સરે કોનો અરથ શ્રીમંત શેઠ તત્ર બોલીયો, ચાલ વેહેપારી સાથ; તે સ્થાનક ઉભો રહ્યો, લીધું રત્ન તે હાથ. તેને પુછે પ્રીતશુ, ધનપતી ધનપાળું એનું નામ તે શું હશે, લીધો અમુલક માલ કહો શેઠ તમો કયાંવસો, કહો તમારૂ નામ; સાચુ બોલો સર્વથા,રહોછો કોણ ગામ,ચોપાઈ—શ્રીમંત કહે હું હરીના દાસ. વસુ વેહેપારી એકજ વાસ; ગરીબ વાણીયો વણજ કરૂં, જેમ તેમ કરી પેટજ ભરૂ.નામ તમારૂ અમને કહો,તમે અહીયાં કુણ સ્થાનક રહો, પુછોછો તો સુણજો તમો. સહુના પગની રજ તે અમો ધનપાળ ઉતરકુણ જેહ. તમ શેવક હું તોછું તેહ. એક એકને સંભળાવું નામ, દીઠા તારે દીધું માન, વળગ્યા બેલડીએબહુ પેર. આવ્યાશ્રીમંતશાને ઘેર. જોઇ સમરથ શ્રીમંત તણી, હરખ્યો ધનપાળ તે ઘડી, કરયો વિદાય, લીધું રત્ન તે દ્રવ્ય પસાય, ધનપાળ શ્રીમંત બેઠા એકાંત. મન તણી ભાગી છે ભ્રાંત. આપણુને બેને વાધી પ્રીત. તેવી કાંઇક કરીએ રીત, સરખુ ધન સરખાં ઘરસુત્ર; માહારી પુત્રી તાહારો પુત્ર, તે બેનો વિવાહ કીજીએ, લાખેણો લાવો લીજીએ;તે વાત બેના મનમાં ગમી, શોક ગયો રૂદેનો સમી.

દોહરા—શ્રીમતશાની દીકરી, ધનવંતના પુત્ર કહેવાય; વેહેચ્યા પાનને સહી કર્યાં, વેગે તે વિવાય. સજન સહોદર હરખીયા, થયું નાતમાં જાણ; દ્રવ્ય અતીશે ખરચીયા, મીત કરી પ્રમાણ.

ચોપાઈ—મળ્યા સરખે સરખાં ઘર, કન્યારૂડી રૂડો વર; દીન ઉપર દીન વહીને જાય,આનંદ અદકો સહુને થાય.વરસ બે ચારેક ચાલ્યા વહી.દૈવતણિ ગત અવળી થઇ;ધનપાળ શેઠજે વ્યાધિ ઘણિ, દશા બેઠી રાહુ તણી નટી પનોતી હેડામાંહ,ગુરૂ બારમો બેઠો રાહ. અંતર દશા બેઠો શની. દળીદ્ર આવી ઘેર ઘણિ, ચપળ લક્ષ્મી જાવા થઇ, તે રાખી કોની નવ રહી; રોગી હતા તે રોગે મુવા. વાહાણ પરઠી પુરે ગયા; કણ કોઠારે આગ લાગીયા, લેહેણું હતું તે ઘર ભાગીયા; વિમા હતા તે વાંકા વળ્યા,મીત્ર હતા તે દુશ્મન થયા. પરમુલક બાંધ્યોતો માલ;પડવા દેવાળે તેજ દલાલ કંઇક માલ તો લુંટી લીધ. રહિ નવશકી કાંઇ ઘરમારિધ, સગાં સહુ બેઠા થઇ સાલ; મુલેક બધાનો એવો ચાલ.

દોહરા—આવણુ હાર આવ, સાગરમાં જેમ પુર; જનારૂ તેમજ જશે, કાગળ બાંધે કપુર આવે અજાણ્યું એ તરે. નારીએળીમાં નાર. જનારૂં તો એમ જાશે જુલમી સાધે ધીર. ધનવંત ન કરીશ ગારવો પુત્રવંત નવ અહંકાર;ધન જોબન સુત કારમું,જાતાં કેટલી વાર. ચોપાઇ—દ્રવ્યે તણો કરે અહંકાર, નહી પંડીત મોટો ગુમાર; સમુદ્ર લેહેરે આવેને જાય, તેવી ગતિ લક્ષ્મીની થાય. નત્ર રહે રાખી એકજ ઘડી. તેની તો ચીંતા છે વડી; તેડી ન આવે કહાડી ન જાય, એવી ચપળ લક્ષ્મી કહેવાય. તે વાણિયાની શી ગત થઇ, લક્ષ્મી હતી તે સર્વે ગઇ નીરધન થઇ બેઠો ધનપાળ, ગયો સર્વ ખજાનો માલ; સુખ પાલ બ ાદજ ગયા,ભંડાર હતા તે ખાલી થયા;થયા વહાણ વાણોતર ગજ,ગઇ ગેબી ફરૂકતી ધ્વજ,નાદ મુગળ અલોપજ થયું, ભુંગળ ઠેકાણે દરદજ રહયું; ગયું રૂપ રંગને સહુ તેજ ગયું સહોદર કેરૂ હેત ગયું ડાહ્યાપણ શુદ્ધને સાન, ગયું છે રાજદ્વારનું માન; સહેલો હું તો. ક્ષત થયો ધનનો કાળ. છપ્પો—ગ્રત વિના જેમ અંન, મન વિનાની માયા, વિદ્યાહિણો વિપ્ર. રાજ ગયે જેમ રાયા; જીવ વિના જેમ દહ, મેહે ગરજે જશો લક્ષ વાર શામળ કહે, માયા વીના માનવ કરશે.

ચોપાઇ—એવી વાત તેની વિસ્તરી, શું કહું વારે વારે ફરી, શ્રીવંતશેઠ ને ખબર જ થઇ, ધનપાળની લક્ષમી ગઇ;ગયો ધનપાળ ઉઠી પરદેશ. પુત્ર સ્ત્રી તો જોબન વેશ પુત્ર ઉપાડે ભાજી ભાર; વેચે ઘેર બેઠી તે નાર. દુખે પાપ પેટજ ભરે, કાળ ખેપના એમજ કરે; લક્ષ્માંને વશ વર્તે લોક, વીવા તેનો કીધો ફોક. તે તો વાત વીમાશે પછી, વર્ષ તેરમું આવ્યું અડી; પશ્ચિમ કુણે ભગોશા શેઠ. તે પણ લક્ષપતિ છે નેટ તેને પુત્ર રતનશા નામ; વીવાહનો માંડયો જંગ. ફેલ્યો છે ઉછવ બહુ રંગ, કનક તણા પરાથવ્યા પાટ. જડીત હેમના ઘડીયા ઘાટ; તોરણ બાંધ્યા છે બારણે, બન્યે દામ વિના કારણે; નાચે અપ્સરા અપરંમપાર, ગુણીજન જશ બોલે શુભસાર. નિરગોશાને દુંદભી તણા; શોભાની નહી એકે મણા. હરખ ઘણો સૌ હૈડે ધરે, બહુ નગ ત્યાં ભોજન કરે; ભેર મરદંગ ભુંગળ ઘોંઘાટ, પામ્યા લાણુ ચારણ ભાટ.

દોહરા—નગ્ર ભોજન કરાવીયે, એમ વિમાશે રાજન; તે દહાડે શ્રીવંત શેઠના ઘેર વિવાહનો દન, રાજાએ તેડયા વેપારીઆ. પંડીત સહુ પ્રધાન, મોહોટા મોહોટા સરવને; તેડી દીધાં માન. માહારે ઘેર ભોજન કરો;દઉ નોતરા આજ; એટલો જશ આપો મુને,રાખો માહારી લાજ.રાજા ને મોઢે કહે, ફરી વચન વીચાર; આપ આ પછી નાતે સહુ, જમો વરણ અઢાર. હાકેદી સહુકો હરખીયા,હરખ્યો રાય સુજાણ;

શ્રીવંત શેઠ તેણે સમે,રાયને કર્યો પ્રણામ વિવાહ મારે ઘેર છે, પુત્રી પરણે કાલ; નયબંધુ ભોજન કરે, આજ્ઞા એવી આલ, પકવાન કરાવ્યાં પુરણ અમો, તે તાહરે પ્રતાપ; તમ સહિત સહુકો જમો, આજ્ઞા અધીપત આપ.

ચોપાઈ–શેઠે વાત કહી શીર નમી,ને માજનને મન ગમી; સહુમળી વીચારી પેર,પેહેલે દીવસે રાજાને ઘેર બીજે દીવસ શ્રીમંત મહાજન; નય બધુ કરશે ભોજન; દીધાં નોતરાં સહુકો મળી,સહુને પેટમાં સાકર ભળી મેવા મીઠાઇને બત્રીસ પાક અમ્રત અન્ન વીધવિધના શાક ચીપ્ર આદે સહુ જુજવી બ્હાત,કરે ભોજન વધારે ખ્યાત જેમ ઘેર વિવાહ હોય, તે દહાડે દુખીઓ નહી કોય;ઉદે અસ્ત થાય ચારે પોહોર, કરે ભોજન સહુ કોય ઢોર. સાહસ સહને મનવા શેક,કેશ વખાણુ જમ્યા એક; કવી કહે જીમ્યા કરૂ હજાર, તોએ વખાણુ પિછુ નહિ પાર; જામ નીશા ગઇ છે જ્યારે, સકળ લોક જમ્યા તાહરે; પરનારી પ્રજા ગઇ ઘેર વિકરે આપ વિચારી પેર; એમ કરતાં ગઇ મધરાત. રાયે વીચારયું રહીયા સાથ; જોઉં આજની ચરચા આજ, પછે કરૂ ભોજનનું કાજ; જોઇ આજ કો વેઠે ભુખ,કોને દેહ હીલમાં છે દુખ. કો ભુખ્યો કે તરસ્યો હશે મહારા વરતમાં ભંગજ થશે; જોઉ ચરચા આખી રાત, પછે ભોજન કરશું પ્રભાત.

દોહરો–સજ્જ થઇ રાજા સંચરયો, નીરખે ચરચા કાજ;અદ્રષ્ટ વીદ્યા ઓચરે, સુખ સેજ્યા કરી તાજ. મેહેલી શેરી પુર પરાં કુંચી ચાવડી ચોક;ઘાટ મેહેલી શેહેર નીરખ્યું, ખુણા ખોચરા ગોખ.

ચોપાઇ–વીર ધીર માહા વીક્રમરાય. જેનો જોતો આથો જાય; કરી ભોજન સુતા સહુ લોક. સહુને સુખ કોને નહિ શોક પાછલી રતે ગયા નર ત્યાંહ, ધનવંત શેઠ ઘર જ્યાંહ, મા દીકરો રૂવેછે ઘણું; ગંભારી સુખ પોતાતણું,તેબેજણે એવું આદરયું વીખ ખાઇને નીચે મરૂ;આપણે ઘેર વીવાહજ કરયો તે નો અરથ એક નાવ સરયો, કન્યા પરણે બીજે ઠામ; આપણા કુળનું ખોયું નામ;મહેશ ગયો તારો બાપ. માહા દુખીયા બે આપો આપ. પ્રથમ લાગી જે માહારે પાય. તે કન્યા બીજે ઘેર જાય; ઘ-રમાં આવતી થઇ વાહુ, નાત નગર જાણે છે સહુ તે દુખ નો કેમ હઇડે ધરૂં, પીઉ ઝે રને નીસ્ચે મરૂ; અત્યારે તેનો બોહ્યો તન, મરવા ઉપર મહારૂ મન; હું નીકળુછું નગ-રમાં વળી લોક દેખાડે છે આંગળી; કોટી ધ્વજનો એક કુમાર, પેટ માટે ઉપાડ ભાર, આતો લખેશરી કહીને હસે, તે દુખ મારા મનમાં વસે, એવી ને કરણી શી કરી. તાહારી કન્યા બીજે વરી બોલે મેહેણા વિપરીત વાણ તે દુખે મુજ કાહાડુ પ્રાણ;મા તુજને હું કહું છું કથી. લોકોમાં રહેવાતુ નથી જીવ્યાથી ભલુ છે મરત,મેહેલી, લા-

જને કહ્યુ તરત; વખ ઘોળી બે જણુ પીજીએ, દેહ ત્યાગ આપણુ કીજીએ, માહીકરે વાતો જે કરી, એકચીતે રાખે મન ધરી, ઘોળી વીખ પીએ જ્યાહરે, બોલ્યો વીર બાહેર તાહરે. રખે ભાઇ તજે તું પ્રાણ, ઉઘાડ બાર સાંભળ એક વાણ,અમો નો જાને છું રાંક નહી અમારો કાંઇ વાંક નથી અમારી ગાંઠે ગરથ નહી સરે અહીયાથી અર્થ; માટે બીજે મંદીર જાઓ, આવે હાથ તો સુખીયા થાઓ;સાચુ રાજ વીક્રમનું હોય, તુજને મારિનાંખે કોય મા દીકરો દુખીઆ છું બેય, ન રાખે તેનો સંદેહ; રાજા દુખભંજન કહેવાય. શા માટે તું દુખી થાય; છાતી તેની ફાટી જાય, દુખ સાંભળતાં માહરી કાય, મુજ દુખે સાગર શુકશે, મેરૂ પરવત તે ડોલશે; લીલાં ઝાડ તે સુકી જાય, પશુ સુણે તો તરૂણુ ન ખાય, માટે શાને ખોટી થાઓ, જે કામે આવ્યા ત્યાં જાઓ દુખ સાંભળી શું નાહાલજ થશો, મુખ મરડી નાશી જશો.

દોહરો–વિક્રમસેન વાણી વદે રાખો હઇડે ધીર; ચોર લંપટ હું તો નહી, અમો-છું વીક્રમ વીર; તાહારૂ દુખ મનડા તણું, કેહે વિસ્તારી વાત. સાગર દુખ શું પ્રગટ છે કરતાં દેહની ઘાત ને દુખ મુજ આગળ કહો નવ રાખે મન ખેદ, પાંચ પાપ તોજ ઉપર, જો રાખે મન ભેદ. તે દુખ હું ભાગુ નહી તો, મુજને સમ એહ; તે વાચા ચુકું અમો. તો કુષ્ટી થાજો દેહ. મેહેલ લાજ મનડા થકી ટાળ દુખનો શોક, તે દુખ હું ભાગુ નહી, તો વરત થાજો ફોક.

ચોપાઇ–મા દીકરો ને રાજા ત્રણ, સત્રાળા વાત સાંભળી કરણ; ધનપાળશેઠનું જાણો નામ, છપ્પન કોટી જેને ઘેર દામ; બાહાર રજા સાને ગાજતી, ગેબી નાદ ભુંગળ વાજતી, દેશ પ્રદેશે કોઠી વાહાણ,સંભરતાં જાએ મુજ પ્રાણ રીધ બીધ ઘર સુત્ર લાડકવાયો એકજ પુત્ર શ્રીમનતશા અમારી જોડ. નેને ટકા છપન કરોડ, તેને ઘેર છે એક કન્યાગ, માહરા પુત્રશું કરયો વીવાહ. વાત કરતાં વીત્યાં વરસ બાર. એવે બીજો થયો વિચાર. ધન મહારૂતો સરવે ગયું હાથે ઝાલ્યું તે નવ રહ્યું સાજુ વસ્ત્ર અંગ, સગુ સહોદર ન રહ્યું સંગ;પડી વેળા અનાથજ તણી, બીજે ગામ જઇ બેઠો ધણી; દુરાચારી દંડજ લોક તેને વીવા કીધો ફોક, કાલ પરણશે બીજે ઘેર, સાંભળ મહીપતી દુખની પેર; સવારે જમસે બધુ ગામ. ઓછવ મંગળ ડાંનોડામ; જેથી પ્રાણ તજુ સરવથી કોઇને દોષ તો દેતા નથી; દીજે દોષ આહાગ રમંત, મરીએ છ કુળની શરમને; મનમાં નથી બીજો આંબળો, એવું દુખ સાહારૂ સાંભળો. દોહરા=તજો શોક શરીરનો હઇડ રાખો હામ; તે કન્યા આપુ તુને, તો કેહે જો વીક્રમ નામ. સામ દામ ભેદે કરી,, પરણાવું મુજ તન; સમ દવાઇ સત્ય કહું, અત્યારે લેશું અંન-

ચોપાઇ—તેનું મન તો મનાવીયો, મહિપતતો મોહોલે આવીયો; પ્રાતકાળ થયોછે નેટ, તેડયા માન દેઇ શ્રીમંત શેઠ, મળીયા મેહાજન બાવન બહુ, આવ્યા રાજ સભામાં સહુ; સભા કરી દીધાં માન. પ્રીતે આપ્યાં ફોફળ પાન. આજ અમારે વીવાહ કામ. કેમ તેડાવ્યા આણે ઠામ; ત્યારે રાજા પુછે મર્મ, તમે ચાલો અધરમ કે ધરમ ધરમ અધરમ તણા ગુણ ગાઓ, પછે સઉકો મંદીર જાઓ; સત્યવાદી જો સત્ય ચુકશો, તો હાથે ધર્મ મુકશો; વેહેવારીયા કહે છે સઉ વાત, જુઠ નહી બોલું વીખ્યાત, જુઠાને પાસે નવ વસું જુઠી વાત દેખી નવ હસું; બોલ્યું અબોલ્યું હું નવ કરૂં, જુઠા સાથે હુ નવ કરૂં રાજા કહે લખો તે લેખ જુઠુ બોલો મેખાંનમેખ; કુડ જુઠુ બોલો આ દીશ, તો શો દંડ તમારે શીશ આ જાતે જુઠુ બોલુ અમો, તો ગુનેગાર કરજો તમો; તેને મોઢે કરાવ્યો ન્યાય. એવો પ્રપંચી પોતે રાય.

દોહરા—તાહારા ઉદરની બેટડી. તેનો વીવાહ કીધ; નાત સભા સહુ દેખતાં; વાત કરીતી સીધ-લાડયાં મોટયાંને જમ્યો, આવ્યો એક એક ઘેર; બીજે ઠામ પ્રણાવશો, તેની તે શી પેર સહુકો તેમાં સાખીયા, વરણ અઢારે લોક, બીજે ઠામ તેનો વરે; એહ ડાહપણ તે ફોક; તેનું કારણ કોહો મુને. આપ વીચારી મત, પૃથ્વી રસ કેમ પાકશે, એતો શાસ્ત્ર અસત્ય.

ચોપાઇ—શ્રીવંત કહે સાંભળો વાણ, રાજાજી છો ચતુર સુજાણ; કુળ કુટુંબનો શોછે અર્થ, પ્રથમ મેં જોયોતો ગ્રથ. મન વીવાહની ઇચ્છા ધરી, ગ્રથ જોઈ આપી દીકરી. જેને સાત ધજા ઉડતી, ગેબી નાદ ભુંગળ વાગતી, છપનપર ભુંગળ જેહને, કન્યા દીધીતી તેહને; મુજથી અહકો મનમાં ધર્યો, તે વેળા મેં વિવાહકર્યો, એને થયો ઇશ્વરનો કોપ. દ્રવ્ય બાધાનો લોપ: મેં જોયું તું તે તો ગયું, ત્યારે શાનુ સગપણ રહ્યું. કરતો નથી હું નો અન્યાય. બીજે ઠામે દેઉ કન્યાય.

દોહરા—રાજા કહે ધન કારમુ. આવે આજ જાય કાલ; વેહેવાર રાખે જો તાહરો, તો પેહેલાને કન્યા આલ. એનો ગ્રથ કેહે કન્યા ગયો; મન વીચારી જોય; આજ એને શું નીપન્યું. તે કાલ આપણને હોય.—ચોપાઇ—રામ રાવણ સરખા જેહ, લક્ષ્મી સહીત ન ગયા તેહ, લેહેરનીર અસંખી છાંય. તેમ લક્ષ્મી નીત આવે જાય; ગ્રથ તાહારા ઘરમાં છે જાણ, આપ થોડા નહી થાએ હાણ, વેહેવારીયો કેહે સાંભળ રાય, બેટી મોટી કુળ કહેવાય- અસત્ય આચરવા માંડયું તમો, હવે દેશ નહિ રહિયે અમો; કોડ વાત શું કહીયે કથી, એને કન્યા દેવી નથી દોહરા—મહીપતે મન વિચારયું, સત્યકહુ એ મર્મ; એનો વાંક નવ કહાઢીએ, એ બોલ છે અધર્મ, વિક્રમસેન વાણી વદે, તાહરા મુખનો ન્યાય; તુજને ભાવે તે કર, પરણાવું કન્યાય; તુજને દુઃખ દેવું નહી, નિસ્ચે

કરવું કામ. તે જોયો તો તે થકી, આપુ સવાયો દામ. માહા કષ્ટે ધન લાવિયો, ધરક્ષિપત માહા ધન સર્વ આપુ તેહને, આપ ચલાવું મન.

ચોપાઇ–પોઠ ભરાવિ ટકા તણિ. મોકલી દીધી તેણિ ઘડી; ધનપાળશા કેરે ઘરબાર, મોકલ્યો તે માલ અપરમપાર. કર્યો પાછો શ્રીમંતની જોડ, ટકા આપ્યા છપન કરોડ; જ્યાં પધાર્યાં લક્ષ્મી બાઇ. ત્યારે સર્વ થઇ સગાઇ. હણહણતા તોરીને ગજ, અટારીએ ફરકે ધ્વજ. સઘળી સમરથ રહી મણા, વાગે નાદ ત્યાં ભુંગળ તણા. જેમ તારા મંડળમાં ચંદ્ર, સુરજ દેવમાં શોભે ઈંદ્ર; એમ તતક્ષણ વાધ્યું તેજ; ઉપન્યું સહુને અદકુ હેત. સમરાવ્યા મોહોટા જે મેહેલ, તે આગળ બીજા સહુ સેહેલ; શ્રીવંત શેઠ વિક્રમ કહે, કન્યા આપ સુખેથી રહે; ન્યાય બોલ તેને મન વસ્યો; શ્રીવંત શેઠ હઇડામાં હસ્યો. દળદર જ્યારે નાશી ગયું, જેમ પાછું હતું તેમ થયું; વીક્રમને તો હરખ ન માય, રાજેશ્વરી મંડપ રચાય. બેશી રહ્યો તો બીજે ગામ, ધનપાળશેઠ તેડ્યો તે ઠામ, આગતા સ્વાગતા કીધી ઘણિ, દિધા માન ઉજેણી ધણિ; નગ્ર બધુ હરખજ ધરે; ભોજન તે મન ભાવતાં કરે લક્ષ્મી વડે તે હરખજ હોય, તેમાં શું કહેવું સોય જે વાત વિક્રમ મન વશી, તે તણી ઉપમા તે કશી.

દોહરા—સેન જે વિકરમ રાયનું, તે વરઘોડા માંહ; લક્ષપતી લેખાવીયા, આનંદ અંગ ન માય. તે વર ગજ ઉપર ચડ્યો, ચાલ્યો ચઉટા માંહ, વર આગળ થઇ નીસર્યો, બીજો વર રહેતો તાંહ ચોપાઇ—બીજાને હતો ઉલટ ઘણો, સુણ્યો સાર વરઘોડા તણો, પેલા વરને દિઠો દ્રષ્ટ, તે વર મનમાં પામ્યો કષ્ટ. મહારી કન્યા વરશે એહ, હુ તો માહારિ પાડુ દેહ; ગળે ફાંસો વરમાં ઘાલીયો, તેને માબાપે ઝાલીયો, થઇ બુમારવ માહા પોકાર, ગયા લોક સહુ જોવા ઠાર; વીક્રમસેનને ત્યાં થયું જાણ, આવ્યો તતક્ષણ તે પ્રમાણ રાજા કહે એનું શું દુખ. ઇશ્વર એની ભાગે ભુખ; ત્યારે વણીકતો બોલ્યો વાણ; સાંભળ રાજા ચતુર સુજાણ. માહારિ કન્યા પરણે એહ, તે માટે તજુ છું દેહ; લોકને શું મોહો દેખાડશું, તે માટે મરૂંછું હું, રાજા કહે તું સાંભળ ધીર, હું તુજને પરણાવું વીર; પ્રધાનની પુત્રી છે જેહ. તુજને પરણાવું તેહ; વડા વજીરને તેડ્યો પાસ અતિશે દીધી રાભામાં આશ. દોહરા—તહારિ છે જે બેટડી; પ્રેમદા રૂપ નીધાન; તે માગી મુજ આપીએ, હું દેઉં કન્યાદાન વરને પોતે પ્રીછવ્યો. તેડી વરને સાથ; હાથી પર બેસારીયો; આપ્યું શ્રીફળ હાથ; નીશાન બાજે ગડગડે, ફેલ્યો છે બહુ રંગ; જેવો શેઠ શ્રીવંત વર, તેવિ શોભા સંગ. એક વરનો જઈ ઉતરયો, જ્યાં ઘર શ્રીવંત શેઠ, બીજો વરતો ત્યાંહાં ગયો, રાજદ્વારે ઠેઠ. રાએ પગ પખાળીઆ દીધુ કન્યાદાન, પરણ્યો પુત્રી પ્રધાનની, પામ્યો સનમાન.

ચોપાઇ–રાયે આપ્યું ઉપર ધન, બીજા વરનું માન્યું માન: પરણ્યો ધનપાળ શે-

ઠનો પુત્ર, આપ્યું રાજાએ ઘરસુત્ર, એવો રાજા ભારે ભુપ;જેમાં ઈંદ્ર સરીખુરૂપ, જેને નામ જાએ પાપ. સમરે જાએ સરવે તાપ, નીરધનીઓ ત્યાં પામે ધન,સ્ત્રી વંઝા તે પાવે તન; મુરખ જન વિદ્યા પામશે; દેહરોગી દુખ વામશે; પાપી પણ થાએ પવિત્ર, શુભ પ્રકારે શુણે ચરિત્ર. દુદ્ર રૂદે તે કોનળ થાય, વાધે પુન્યને પાતિક જાય; એવું સાંભળી આપે દાન. આ લોકે પરલોકે માન. માટે કરજો સહુકો પુન્ય, એથી રૂડું નથી કાંઈ અન્ય.દોહરા—કહે પુતળી ભોજ સુણ વિક્રમનો મહિમાય એવાં જે પ્રાક્રમ કરે,તે બેસે સિંહાસન પાય;એમ કહીને પુતળી, આપે ગઈ આકાશ;એહ કથા પુરણ થઈ, કહે કવી સામળદાસ શ્રોતા વકત્તા સાંભળો કહે કવિતા કરજોડ;શામળભટ કહે બોલજો જયજય શ્રી રણછોડ.

વારતા ૯ મી હંસની.

કામાક્ષી નામની નવમી પુતળી બોલે છે તે વારતા રાજા ભોજ સાંભળે છે.

શ્રી ગણેશાય નમઃ દોહરા—આરાધુ ગણપતને, ચરણે રાખું મન; આનંદ થયો મન ભોજને લીધું શુભ લગ્ન. બટુક ભૈરવ પ્રત્યક્ષ છે, તે નોધારાં આધાર,જે કહેવાયે તમ તણો, કરો તેહની સાર. જોતિષ તેડી પુછીયું,આપો મુરત દાન;સાહાસન પુજા કરી, કહ્યું બેસવા મન;સિંહાસનને નીરખીઉ મન મગન; કીરપા કરે મહાવીર તું, જો જાણિ તુજ તન. મળી જોવા સહુ મેદની, અષ્ટાદસ સહુ વરણ,અવાજ થાય દુદંભી તણો, પડયું ન સુણે કરણ, ભોજે પ્રદક્ષણા કરી, આસન બેશે જેમ,માં મા કહીને પુતળી. બોલી કામાક્ષી તેમ. સિંહાસન વિકરમ તણું,પચાડ઼ ઠ અભેદ, પરદુખભંજણ સુખ કરણ, વાચા પાળે વેદ,તે સરખો દાતા થશે, ઉદાર ચિત મહા મન; પરકાયા પ્રાક્રમ કરે, તે બેસે આશન; ભોજ કહે સુણ પુતળી, વિક્રમ મહિમા જેહ; તે સાંભળવો મુજને, દુધે તરઠયા મેહ. બોલી કામાક્ષી પુતળી સુણ ભોજ મન આપ મન વાંછીત પામે સહી. ભેદિ ન શકે પાપ.

ચોપાઇ—વીક્રમરાજા હરખે ઘણું,સઇન્ય સુંઢાડયું પોતાતણું;ગયા વાડીએ રમવા કાજ,રંગ મોહોલ કીધોછે તાજ,ભાર અઢાળ ફળ્યું છે વન,જોઇને હરખ્યું મન;કમળ ચુંટયાહાથેકરીવેણીપુષ્પને છાબજભરી; સ્નાનકરયું અવંનીધણી, શેવાકરીશંભુજી તણી.કરિઆરતી લાગ્યાપાય,પ્રસન થયોછેભોળોરાય;પછીનિશા અસવારી કરી, ગામ આવવા બુધજ ધરી; વાજે છે નીરઘોશ નિશાણ,નવ સ્થલે દુશમનના પ્રાણ, સુખ જાણે સરદનો ચંદ્ર, જેવો રાય અવનવો ઈંદ્ર; કરે જશ ચારણને ભાટ, સેન્યા ચાલી આવી તે વાટ, ક્ષીપ્રા ત્રઢ આવ્યા જેટલે. મોટા મગરીઠા તેટલે, સેન્યા સહુવળાવી ઘેર, રાય મરગીયાની માંડી પેર, હું એકલો જાઇશ સોય, પુંઠે જન આવો નહી

કેવ;ભરી ફાળ નાઠો વન; પ્રાગ પુઠે જાય વિક્રમ રાજન. રમી શીકાર રાય પાછો ફર્યો, આપ શોક શનમાંથી ટળ્યો; કણબી એક દીઠો વાટમાં બેઠો છે માળે ઠાઠમાં ઉભો ઉભો ગોફણ ફેરવે, હાકે હુરા હોહો કરે.નાશે જનાવર દોદસ જાય, તેતો દ્રષ્ટે દીઠું રાય.એ પંખીને અદકી ભુખ,એનું તે કોણ જાણે દુખ એની મનમાં દયા લાવીયો, પોતાને મંદીર આવીયો;પ્રધાનને ત્યાંહા કહ્યાં વચન,રણમાં જઇ ભરાવો અંન, અંનના કોઠાર કીધાં ઘણા, ઘાટ કરાવ્યા પાણી તણા, જેના જેવો જોઇએ અહાર, ઠામ ઠામ અંબાર; દેશ દેશને ઘાટે ઘાટ, પરબો મંડાવી ચોહો વાટ;નીર પીએ ને દાણા ખાય, સહુ જનાવર સુખીયા થાય; મનુશ કીર્તિ તો પેહેલી હતી,પખીમાં પછે થઇ છતી;ધન વીક્રમ મહારાજ, તુજ વીના કુણ કરે પરકાજ, એવા વાતો પખી કરે,આનંદ વિનોદ વનમાં ચરે,માન સરોવર છેજી જયાંહ,પંખી હંસ વહેછે તાંહ,પાછળ પાળ સ્ટીક તણી,તે સરોવરની શોભા ઘણી સાક્ષાત અમ્રત તેમાં ભરયુ,મહાપુરશ માનુ ભાવે કરયું; વક્ષ અમ્રત ફળ હોય તે, મહીમા જાણે નહી કોય,કમળ ફુલ છે લક્ષ પ ખડી. જે દીઠે ઠરે આંખડી, તેહ સરોવર રહે છે હંસ, પંખી પણ દેવતાનો અંશ. સુરજ કાં તી મણી શોભે, જ્યાં મોતી તણો વરશે મેહ; તે હંસતો મોતી ચરે સ્વર્ગમાં આવા ગમન કરે.

દોહરા—હ સોવાર્ણી પુતળાં, પવીત્ર જેની જાત.તેણે કાને સાંભળી,વીકરમા જીતની વાત. દાતા છે પૃથ્વી વિષે, કરે ઘણાં પરકામ;વાચા અવીચળ તે ખરે, પરદુખભજન નામ. ચાલો જઇએ જાત્રા જેહ એ વકરમરાય;દાતાનું મુખ દીઠડે, કોટી જગન ફળ થાય.જોઇએ કેવું નગ્ર છે,કેવો છે તે ભુપ; જેવું કાને સાંભળ્યુ ,તેવું જોઇએ રૂપ ચોપાઇ—હંસ મન વીમાસણ સુણી,ચાલ્યા સહુ ઉજેણી ભણી;આવ્યાસમીપ ઉજેણી ગામ.દીઠી શોભા ઠામે ઠામ,દીઠા વિક્રમ કેરા મેહેલ,તે આગળ ઇંદ્રસન સેહેલ; સતરૂપીયું ધરયુ છે ધન,ત્યાં વીધન નવ લોપે અન;બીજો થયો હોય વિક્રમ પખે,જોતીશ શાસ્ત્રમાં શક કેમ લખે. હંસે શોભા દીઠી ઘણી,ધજેવે કહેવાય ઘર લંકા તણી; જોતેજોતો આવ્યા તાંહ. મહારાજા બેઠા છે જ્યાંહ, કોટી રવી ઉદયો છે જેમ, અકસ્માત અજવાળું થયું તેમ; રાજાએ ઉચુ નરખીયું,હંસ હઇડુ હરખીયું. ધન સફળ મહારો અવતાર, આ પંખી આવ્યા મુજ દ્વાર,દંડવત કરી નમાવ્યું શીશ, ધન વેળા ધન આ દિશ, ગુણ જાતને શું તમ નામ, સેવકને દીજે કાંઇ [illegible]; જમો છો શું મુખવાસ,આવડુ રૂપ તમારી પાસ. મુજ રાંક ઉપર કરણા કરી, પુછેર ાજાએમ ફરી ફરી;બોલ્યાં હંસતો એમ વચન.સાંભળજો રાજનવીક્રમ છપ્પો—માનસરોવરતીર; નિર અમરત તે ભરીયાં,દ્રુમ લતાની જાળ,પાળરવાટીકનાં ટરિયાં,નહિ દીસ નહી

રાત, જોતકાર તે ઉધ્યોતિ; સહુની ઉજવળ દેહ, મેહ વરસે તાંહાં મોતી, ત્યાં નાહે નિત દેવ,શેવા કરે નીત્ય હરીહરની; ભોમી કંચન વરણ છે જાણે શોભા સ્વરગની.

ચોપાઇ–વચન સાંભળ્યું હશે ભણ્યું, હઇડું હરખ્યું વિક્રમ તણું: ભલે પધારયાં મોહોટાં ભાગ્ય, પ્રદક્ષણા દેઇ લાગ્યો પાગ;રહો પરૂણા માહારે ઘેર, કરૂ શેવા હું રૂડી પેર. દોહરા–તાહારે હંસજ બોલીયા, અમારે મોતીનો આહાર;ને અમુલખ નવ તમ ઘેરે; કયમ રહીએ આ ઠાર,રાજાએ મોતી મંગાવીયાં, વેરાવ્યા ચોપાસ, ચરી હંસ સુખીયા થયા,પે.હોચ્યિ મનની આશ દુધ પાણી કરયાં એકઠાં,મુકયાં હંસ હજુર;દુધ દુધ પ્રાસી ગયા પાણી રાખ્યું દુર, ત્રાયા તોરી કવીતર, નવરસ ચતુર અનેક;ખાર નીર કરે અંતરૂં, હંસ ચતુરછે એક.

ચોપાઇ–રાખ્ય દિવસ આઠ તે સાર, મન વંછી ૧ મોતીના આહાર; થયા વદાય આગ્ના લીધ, હંસે પંથ કરયો છે સીધ. કહેજો અમસરખુ કંઇ કામ, અમોછું તમારે નામ રાજાનો સભામાં ગયા, હંસ દેવનો વદાયજ થયા;દીનપરદીન તે વાતજ થઈ, કીરતી સ્વરગ પાતાળે ગઇ.સુરનાયક જે ઇંદ્રનું નામ, પડ્યું જગન તણું તેણે કામ; મળ્યા શહસ્ત્ર અઠાશી રૂખી અગષ્ટ વશીષ્ટ દુવશા મુખી;દેવ મળ્યા છે તેત્રીશ કરોડ, જમ વરણને અગ્નિ જોડ, અષ્ટ કુળ પર્વત નવ કુળ નાગ,સાત સમુદ્ર લેવાને ભાગ; નવશે નવાણું સરીતા મળ્યાં, અડસઠ તીરથ આવી ભળ્યાં; નક્ષત્ર ગ્રહ તારાને રવી, ચંદ્રાદીકની શોભા હવી,બ્રહ્મા વિશ્નનેશીવ મહારાજ મળ્યા જગન આરંભણુ કાજ, અષ્ટ ભૈરવ મળ્યા મહાવીર; ચોસઠ જોગણી જાણી ત્તિર, શોખી સરણાઇ સાર, ઝાંઝાં વાજાં અપરમપાર, ગુણીજન જશ બોલે વાત. એક એકની વખાણે વાત; સાંભળજો સુરપત રાજન, તાહરે બોલ્યાં હંશ વચન; ત્રણુ લોકમાં નવ અવતાર; વીકરને ઉજાણીપતસાર.

દોહરા–અનેક રાય આગળ થયા, સહસ્ત્ર લક્ષ કઇ કરોડ; નથી દીઠો નથી સાંભળ્યો વિક્રમ કેરી જોડ. શુરનાયક શોભા ઘણી, ઓછવ મંગળ ચંગ; વીક્રમ મહીમા આગળે,કો નાવે પ્રસંગ પ્રાણ આપે પરકારણે,પરદુખ ભંજન હેજ;એવો વીક્રમ એક છે,તેથી ઇશ્વરનુ તેજ.સુણ તે સુરપત કોપીયો,ચઢી ઘણેરી રીશ; પગથી ઝાલા પગટી, જઇને ભેદી શીશ,હંસ જાણ જે ચતુર છે પણ સહુથી એહ અજાણ; જયાંહાં બેઠા છે સુરપત કેમ કરે મનુશ વખાણ.દીધા શળા ગ્રહ હંસ તે,પોતે સુરપત રાય;વીકરમને જાણુ ખરો,તેમને મુકાવી જાય.એમ કહીને લોહમાં જડયા;પુષ્કળ મેહેલ્યા રખવાળ; કહે વીક્રમ મુકાવશે, કે આવ્યો તારો કાળ.

ચોપાઈ–જગન પુરા જયારે થયા,સહુ સહુને ઠેકાણે ગયા;હંસ પડયા કાળાગ્રહ જઈ, જઈ ખબર માનસરોવરે થઇ સાંચો જેતી હતી વાટ, સાંભળતામાં થયો ઉચ્ચા-

કો આગળ કહીયે જઇ દુખ; કેમ આપણુને થાએ સુખ; કોને જઇને કહીયે પેર, હંશ આપણે આવે ઘેર, વીચાર મળી સહુ જુથ, માન દેઈ તેડયો એક દુત,વીકરમ પાસે જઇને રહો; હકીકત આપણી જઇ કહો; કીરતિ રૂડી કરી તમ તણી, કોપ્યો, ઈંદ્રાસનનો ધણી; તેનો અમને અદકુ નડયા, હંસદેહ કાળા ગ્રહ પડયા; આલ્યો દુત તે વાણિ લહી. વીક્રમ આગળ આવી કહી; રાજાએ દીધાં બહુ માન. વસ્ત્ર આભુશણુ પાન. દોહરા–રહો મંદીર તમો માહરે, મટાડો મનમાં શોક; મુકાવું નહી હંશને; તો તીર્થ વ્રત થાજો ફોક, દુત કહે રાજા સુણો જાશે એના પ્રાણ; શીઘ્ર મુકાવો તેહને, તો દીજે તમને લાહાણ. વીક્રમ કહે રહો સાંસતા; રાખો હઇડે ધીર, જ્યારે હંસને છુટરો ત્યારે લશું નીર; શેવક શ્રી હરસીધ તણો; પાસે વીક્રમરાય, હંશ મુકાવા કારણે; પોતે તતપર થાય, દેઇ વચન તે રાખીયો, મનમાં ઘડીયો ઘાટ;રાજ રીધ સર્વ નીરગમી જાવા વસમી વાટ. ચોપાઇ–ગજરથ ઘોડા અર્થ ભંડાર, મેહેલ્યુ ક્ષણું ન લાગી વાર; પ્રધાને તો સુપ્યો વાટ,ચાલ્યો વસમી કેરી વાટ, મનમાં રાખી છે મહાધિર, તેડયો આગીયો સાથે વીર, પ્રધાનને સવળ દેહનું સુખ, નીંદ્ર ત્રષા તડકો ને ભુખ; ઉઘાડું અંગ અણવાણા પ તરે પોતાની કાય; મુખ જપે હરીહરનું નામ; સરીતા ત્રડ આવ્યું એક ગામ.

દોહરા–સુખવતિ નગરીજ છે, પાવત્ર પશ્ચિમ દેશ; શેત્તરમાંધાતારાજીયો, જોબન આળેશ્વરા; કરણ સમોદાતાર છે કામ સમાને રૂપ;હરીશ્ચંદ્ર સરખો સતવાદીયો, ધર્મ સરખો તે બાપ. ચોપાઇ–તેના દેશમાં વીકરમ ગયો. વણીક વાસ જઇ વાસો રહયો; હાટના ધણીએ દીધુ માન, આણી આગળ મુકયાં પાન, કામ કાજઅમને દીજીએ, જે જોઇએ તે માંગી લીજીએ, ખાટ તાંબાક જોઇએ જેહ, હાજર આણી કીધું તેહ, ત્યારે વીકરમ બોલ્યા વાણ,સાંભળ ભાઇ ચતુર સુજાણ;શી કમાઇ તારે હાટ, આવડુ ખરચ કરે શા માટ, પંથીને આપે છે લાહાણ, શું તારો ઘેર આવે વાહાણ; આધ શકિતની તુજને આણ. જો સાચી નવ બોલે વાણ; તેહનો મુજને આપો પાર, સહુને કયાંથી આપો આહાર. દોહરા–ત્યારે તેતો બોલીઓ;સાભળ પંથી વેશ,દ્રઢ વિશ્વાસ આણો તમો, હું સાચુ બોલેશ;મહારા નગરનો રાજીઓ સેલરમાંધાતા નામ; સદાવરત છે તેહને, કોઠાર કાઢો દામ; જેને ઘેર વાશો રહે જે કો પંથી જન, આગતા સ્વાગતા તે કરે, પણ ખરચે રાયનું ધન;ભુખ્યો તરશ્યો રહે નહી, જે આવે નગ્રમાં આપ ઘેઘેર અનંત ભરાવીયાં એવો રાયનો પ્રતાપ. ઢોલીયા તળાઇયો ગોદડાં, ખાન પાન શુભપેર; પ્રતાપ, સર્વ રાજાતણો. તે છે માહારે ઘેર.

ચોપાઇ–વીક્રમે વીચારી પેર,જોઉ આજ ચરચા એને ઘેર,સદાવ્રત આપે સર્વ, રાજા કયાંથી ખર્ચે દ્રવ્ય, રાજાએ સંતોખ્યું તેનું મન, મેં હવડાં કીધું ભોજન, રહે શું ચોહાણ તાહરે હાટ; હેશું પ્રીતે અમારી વાટ;વણીક તે ઘેરજ ગયો, વીકમતો ને

સ્થાનક રહયો;અરધ નીશા ગઇ જ્યાહરે, સકળ લોક સુતા ત્યહાર;ત્યારે ઉઠયા વીક્રમ વીર બાંધી કાછ થયો મહુ ખિર;ખડગ પોતે ધરીયું હાથ, વિર આગીયો પોતાને સાથ. નીશા ચરચા જેવા નિરધાર,ગયો સેવરનો જ્યાંહ, દરબાર.અદ્રષ્ટ વિદ્યા મનમાં ધરી; જુએ રંગ મોહોલનેત્ર ભરી ચડયો ઉંચી અટારી જ્યાંહ, સેવરમાંધાતા યોદ્ધયા તાંહ, વીક્રમ ત્યાંહાં પોતે જેટલે. સેવરરાય ઉઠયો તેટલે,ઉઠી છાબમાં પુષ્પજ ભરી કુમકુમ અક્ષત હેને કરી; પુરૂપચંદન મેવાફળ આહાકર. ચાલયો ક્ષણુ ન લાગી વાર. ઉતર્યો અગારીએથી જેમ, પુંઠે વીક્રમ ચાલ્યા તેમ, જેમ જેમ સેવર આઘા પગ ધરે, પુંઠે વીક્રમ પરીયાણુજ કરે; મુકયું ગામ ઘર પોળ પ્રકાર, આવ્યો નગ્રથી તે બાહાર: આગળ પાછળ ચાલ્યા જાય. તે નવ જાણે શેવરાય; નથી પાસે કોઇ બીજે સહાય; આપે મહા અરણમાં જાય; સેવર ગયો સાગરની તીર, પુંઠ જાય છે વીક્રમ વીર, જઇ સાગરમાં સ્નાનજ કર્યું ધ્યાન ચંડીનું મનમાં ધરયું; કરી દિપક જેત વિશાળ,શીંદુર તીલ કરયું છે ભાલ; ઘાલ્યો કંઠ કરેણા હાર, સ્તુતી કીધી છે અપ્રમપાર, શેવરે આરાધના કીધી ઘણિ; આવી ત્યાં ચોસઠ જેગણી; કાન હાથ વાસો ને ચરણ; કોને કોટ નાશીકને કરણ; વસી જેગણી ઠારોઠાર, રૂધાર માંસ તણો છે આહાર;રૂધીર ચુસી સરવે ગ્રહ્યું,તે વીક્રમ રાજાએ કહ્યું, નીપન્યું તે જેઇ સઘળી વરત સેવર દેહમા રહ્યાં છે અસ્ત.પુર્ણ સંતુષ્ટ થયાં તે દેવ પછે પ્રસન થયાં તતખેવ. દોહરો—કરી અસ્તજ એકઠાં, ઉપર ઢાંકયું ચીર: અમરત શુભ અંજન કરયું. ઉપર સીંચ્યુ નીર, તે રાજા બેઠો થયો, વળી જેડયા બે હાથ; પ્રદક્ષણા પોત કરી, બોલ્યો જેગાણી સાથ વરસાદ વરસ્યો ત્યાં હુનનો ક્ષણુ ન લાગી વાર; એક ઘડી વર્ષી થઇ, હુનજ અપ્રમપાર. જેગણી અલોપજ થયાં. તે વેળા તે દિશ, બાંધિ શેવરે ગાંઠડી, આપ ચડાવી શીશ, નગર ભણી તે આવયો, માથે છે બહુ ભાર; તે ચરચા વીક્રમે જેઇ, કોઇ ન જાણે પાર, ધન નાખ્યું ભંડારમાં, દુખ સહયુ નીજ જાત; એમ કરતાં નીશા ગઇ અરૂણુ ઉદીયો પ્રભાત.

ચોપાઇ—કરયું સ્નાન દાન ભોજન, પડી રાત વીત્યો ને દન:વિક્રમ કહેનિશ ચરચા જેઉ. મહારા મનનો સંદેહ ખોઉ. રાત અરધ ગઇ જયાહરે,નિકળ્યો છે શેવર તાહરે; પેહેલે દિવસે કીધું જેટલું, બીજે દિવસ વિત્યું તેટલું, તે વિક્રમે મન રાખીયું, રાજાનું કારણ પરખીયું, શેવરરાજા પછે આવ્યો ઘેર, વીક્રમે વીચારી પેર. સદાવ્રત કરે છે જેહ, ઘણું કષ્ટ વેઠે છે દેહ;વેઠે નીંદ્રા તજે સુખ જીવ જાતાં પામે છે દુખ; પરદુખભંજન હું કહેવાઉ, સુખ કીધા પાખી કેમ જાઉ ઘીઠું તે જણાવું મરમ, એ વાતે નહી મારો ધરમ; સુખ કરૂ એને શરીર. તાહરે સુખ પીઉં હું નિર; ન કરૂં સુખતો દહાડું પ્રાણ, કરી પ્રતીજ્ઞા મનમાં જાણ. મનમાં લાગ્યો દારૂણ શુર; એટલે મેર પોત્યો શીશુર વીક્રમ હઇડે મનછા ધરે, હિમત મેહેલે અર્થ ન સરે; પ્રજા

સામગ્રી પોતે ભરી, પહેલે દિવસ દિઠી તે કરી ચીરી ત્વચા પોતા તણી.તેમાં ભરી મીઠાઇ ઘાણ, ચરણ ઉદર વાંશોને હાથ. ભરયા બેહેક કસ્તુરી સાથ, પોત પોતાને હાથે કરી. અંગ અંગમાં સાકર ભરી, બીજા મેવા અપ્રમપાર, લીધો અમ્રત અહકો આહાર; પુષ્પ સુગંધ તંબોળને ધુપ બરી થાળ ચાલ્યો તે ભુપ.

દોહરા—રાજા સેવર નથી જાણતો;જે વીકરમ ચર્યા જોય; વીક્રમ એક મનમાં લહે, અન્ય ન જાણે કોય, ચોપાઇ—રાત પોહોર તે ચાલ્યો વીર મનમા રાખી અહકી ધિર,જયાં ઘેવર પેહેલે દીન થયો,તાંહાં જઇ વિક્રમ ઉભો રહયો.સેવરે પ્રીધુ જેટલું, જઇ વિક્રમે પ્રીધું તેટલું;એટલે તાંહાં આવી જોગણી, સકળ ભોગ તજિ ભોગણી.

દોહરા—લીધો ભોગ નીવેદનનો; પછે થયું છે મન; સહુ મળીને એકઠી; ભક્ષ કરયો રાજન, આવો સ્વાદ અમ્રત તણો, વિવિધ ભોગ વિલાસ ધન ધન તું રાયજી, પ્રસન્ન થઇ તતકાળ;અસ્ત કર્યો તાંહાં એકઠા,ઉપર સીંચ્યું નિર.અમ્રત દ્રષ્ટે જોયું ત્યાં,ઉઠયો વિક્રમવિર; પ્રદક્ષણા પોતે કરી,નમીને લાગ્યો પાય. પ્રસન્ન થઇ સપ્ત જોગણી,વરદાન કહ્યું કાંઇ માગ;માગ કહું માગ તું,પ્રસન્ન થઇછું આજ;જે માગે તે આપુ હું,સીધ્ધ તાહારાં. કાજ.

ચોપાઇ—ત્યારે તે બોલ્યો રાજન,માગુ દો મુજને વચન;ત્યાં તો માગું હું આજ, જે મારા મનમાં છે કાજ; એવું વચન બોલ્યો તે સાથ, વચન દેવિયે આપ્યું હાથ.

દોહરા—જો વરદાન આપુ તુને સારો કારજ સર્વ;દેહ ભક્ષણ કરયા વિના, આ પો એટલું દ્રવ્ય, હું તો વિક્રમ રાજીયો, નથી મહારૂ ગામ, મુજ ઉપર દયા કરો, કરો સેવરનું કામ. ચીંતામણી એક આપીઓ.નિત કરજો પુજન; વાજ કરવી નવપટે પામીશ એટલું ધન. કહિયે આજથી આવીશમાં, ભોગવ લીલા વિલાસ; ઘેર બેઠા મણી પુજજો, ધન પામીશ બારે માસ.

ચોપાઇ—પછે જોગણી બોલ્યાં વાણુ સાંભળ વિક્રમ ચતુર સુજાણ;આપજે શેવક ને મણી.રાખી ચીંતા તેહજ તણી. પરગજુ તું છે રાજન તેણે સંતોષ્યું મુજ મન; તેનું હેત ઉપન્યું છે અને, માટે વસ્ત એક આપું તને, તે આપુ તુને હેતે કરી; ઘેર જઇ આપજો સુંદરી;ઝાલા અમુલક લેહુ એક, આપુ તેજને કરી વિશેક; મણિ સેવ ર માંધાતાને આપજો, મહા સંકટનેનું કાપજો, હેતે ઝાલ આપી છે અમો. તેનો ઘેર લઇ જજો તમો સોહાવજો રાણીને કાન,સદા રહેશે જોબનવાન, જ્યાંહાં લગે ઝાલ તણો હશે જોગ, નહી જરા વ્યાધિને રોગ. પ્રથમ વસ્તુ તે પામીયો, સકળ દુઃખ દેહ-નું વામીયો;પ્રદક્ષણા દઇ નમાવ્યું શીશ, જોગણીયે દીધી આશીશ,માગી શીખ થયો વીદાય, સેવરના નગ્ર ભણી જાય; નીકટ નગ્ર ભણી તે વળ્યો, શેવરમાંધાતાને મળ્યો; પુરણ અરધિ ગઇ છે રાત. પશુ પંખી નહી માનવી જાત; છેક સમીપે આ-વ્યો ત્યાંહ, વીકરમે ઝાલી તેની બાંહ. દોહરા—મધરાતે તું નીસરયો, શું ધારયું છે

કાજ; એકલા કેમ પંથે પડો,વીકટ સેવરનું રાજ.પરવાર છો તમે કો તણા શું નામ છે જોર;કો કહે અરવાટે રમો,કહે સંગે છે ચોર.માન મુકી મુજને કહો,જે મેં પુછી વાણ; સાચું કહો જો નહી તમો તો ઇશ્વરની આણ, સેવર ઉક્ષો સાભળી, મુકી દે મુજ હાથ:માહારે દુખે નીસરયો,કેમ કહેવાય વાત.તું હોડે છે વાટમાં મારે ઉતાવળુ કામ; રાટ કરે છે આવડી, ભાઈ તાહરૂં શું નામ, વીક્રમ કહે છે નહી કહો, મથમ પુછું હું આજ; પ્રીત અમશું કર્યા વીના નહી સરે તુજ કાજ.

ચોપાઇ–સેવર કહે સાંભળો વીર, રાખો રૂદીયા માંહે ધીર;મધરાતે જો દુખીઓ થાઉં, પેટને અરથે હુ તો જાઉં. મહારૂ દુખ છે સાગર ભરયું, બીજો ન જાણે હઇડું ધરયું;નીકળ્યો છું હું મહારે અર્થ કાંઇ આશા લેવાને ગરથ.વણકામે ન જાએ કાય આ ફંદે વિચારી જોય; મહારે તો વેળા જાય છે, વાર ઘણી મુજને થાય છે.

દોહરા–વીક્રમ કહે હું શીખવું,સુખીઆની પેર; કહયું કરો અમારડું જાઓ તમારે ઘેર. રાતે રળશો જેટલું, તેટલું અમારે પાસ; સેવર થયો છે આકળો, ભાઇ તુજથી હું નીરાશ. શેવર કહે છે મુખથી, તું કરે ખરો પરાક્રમ; ઉજેણીપતરાજીયો, વીકરમ તાહરૂં નામ. ત્યારે તો વીકરમ હસ્યો, સાચી બોલી વાણ જેનું નામ કહયું તમે [illegible] મુજને જાણ, તમને તો હમે ઓળખ્યા, સવરમાંધાતા નામ; કુળ તહારૂં નીરખીયું, માટે કરૂ તમ કામ. મણી છોડીને આપીયો,આણી અહકુ હેત; જોતાં આનંદ ઉપન્યો;લક્ષરવીરનું તેજ.કરો પુજન જઇ અહનુ સરે તમારો અર્થ.દુખ શરીર વેઠયા વીના, પામો મનવાંછીત ગરથ.રાતે જાવું નવ પડે, નવ શીર લેવા ભાર.એક મણીને પુજતાં, થાશે દ્રવ્ય અપાર; સેવર કહે કયમ માનીએ, તેનું શું એંધાણ; એ કારણ તમે કયમ લહું,સાચી કહોને વાણ.ચોપાઇ વીક્રમ કહે કાંઇ કારણ કથ; મારે નીકળવું સટયું પંથ;તારા નગરમાં વાસો રહયો, વણીકને ઘેર સુખીઓ થયો. સદાવ્રત સાંભળ્યુ તમતણું, મનડું હરખ્યું મહારૂ ઘણું. પછે તમારી ચરચા જોઇ, તે નવ જાણે બીજો કોઇ જોગણીને સમરપી દેહ,હું નતણો ત્યાં વરસ્યો મેહ;તેને માથે લીધો ભાર, આવ્યા રાજસભાને ઠાર; મેં તે મહારી દ્રષ્ટ, ઘણું દુખ વેઠો કષ્ટ. તમારા પેહેલો ગયો હું આજ;તમે કરતા તે કીધું કાજ પ્રસન્ન થયાં તે મુજને માત, તે સાનીધમે જોડયા હાથ; મુજને કહે વરદાન માગ,આજથકી તાહરૂં ફળ્યું ભાગ્ય.

દોહરા–ત્યારે મે તો માગીયું, વીચારીને મન, સેવર ઘેર બેઠા રહે, પામે એટલું ધન. ત્યારે આ મણી આપીયો, સાથ કહે લઇ જાઓ. લઇ આપો સેવરને તેથી સુખીયા થાઓ, ઝાલ જોડુ મને આપીયું,સોહાવો સ્રીને કાન, જરારોગ વ્યાપે નહિ, નીત નીત જોબનવાન.ચોપાઇ–તે માટે આ મણી લીજીયે, પ્રવેશ પુર માંહે કીજીએ; શેવર રાયને ઉપનિહારા, દ્રઢ કરી માન્યો વીશ્વાસ.

દોહરા–શેવર મનમાં હરખીઓ, બે જણ આવ્યા ઘેર, આગતા સ્વાગતા કીધી ઘણી

પુજા બહુ વીધ વીધ પેર. ચોપાઈ—માગી શીખ તે રાજ વળ્યો,પોતાને પંથે તે પળ્યો; સેવર રાય કરયું તે ઠાર,તેનો કહેવાય પહેલો પેહોર એક પહોર. કરણનો કહેવાય, બીજે સેવર માંધાતા રાય; માંડયું સદાવ્રત ઘાટે ઘાટ,ધરમ તણી ચલાવી વાત;મા-હા પુન્યવંત કળજુગ વીખે,નહી કો શેવરમાંધાતા પગે—શેવરની વાત ઇહાંથી રહી, વીકરમની પછે શીગત થઇ; હંસ મુકાવાની ઇચ્છાય વીક્રમ પંથે ચાલ્યો જાય, શીલ-વંતી નગરીમા ગયો, પ્રજાપતિ ઘેર વાસો રહયો; સ્ત્રી ભરથાર વ્રદ્ધ ઘરસુત્ર, એક જોબનવંત છે પુત્ર, દીવસ પાછલો ઘટીકા ચાર. તે સમે રાજા ગયો તે ઠાર.

દોહરા—રૂદન કરે છે અતિ ઘણું, હઇડે ન રહી ધીગ, તે વીક્રમે સાંભળ્યું મનમાં કર્યો વીચાર.કાંરે બાઇ તું કાંરૂએ આળોટો ખાડા ખાઓ; શા માટે હઇડુ હણે, રાતાં તાતાં થાઓ.રાખી ધીરજ વાચા કેહો,સાચી કેહોને વાણ, આવડું દુખ શાથી ધરો; શી થઇ તમને હાણ.

ચોપાઇ—ત્યારે તે તો બોલી નાર સાંભળ ભાઇ તું એક વીચાર;મહારા નગરમાં છે રાજન, તેને પેટ નોહોતું ફરજન.ઉપાસના જોગણી કરી. તેને પેટે આવી દીકરી; બાર વરસની થઇ તે જોગ, તેને ઉદર વાધ્યો રોગ,તેની આજ્ઞા દીધી રાય, નીતે એક માણસને, ખાય વારા ફરતી ઘેર ઘર, જોઇએ માનવી રૂડી પેર. ઘરડાનુ તો નવ લે નાર,જોબનવંત તણું છે કામ લાડકવાયો મારો તન આજે જાવાનો છેહન,માટેરૂદન કરૂછું અમો, પુછ્યું તો સાંભળજો તમો, હવે હમારા સુખડાં ગયાં;ઘરડે ઘડપણ વાં-ઝીયાં થયાં પુત્ર તણીતો થાશે હાણ, અમે બે ઇહા તજશું પ્રાણ.

દોહરા—તેનું દુખ તે સાંભળા, બોલ્યો વીક્રમ રાય; પુત્ર તમારો જીવશે,દુખના ધરશો કાય. સાટે તમારા પુત્રને, જાશું અમો તે ઠામ; સુખલીલા તમ ભોગવો, કો નવ લે તમ નામ.ત્યારે દુખીઓ બોલીઓ, મન વીચારી આપ; લોકો દે મેહેણાં મને, મને, પંથી મરાવ્યો સાપ. ચોપાઇ—રાજા કહે ચીંતા પરહરો,મેહેલી દે મનનો આં-બળો; એમાં તે શું કારજ કશું, તમ સાટે અમે ત્યાં જશું; એટલે નીશા ઘડી ચા-રજ ગઇ, તહાં જાવાની વેળા થઇ; ગયો રાય માગીને શીખ, મનમાં ન આણી કોની બીક. ગયો દરબાર અટારી જયાંહ, અજી પોહોડી દીઠી ત્યાંહ; વરસ તેરમા જોબન રૂપ, દેખી વિસ્મે પામ્યો ભુપ કાંતિ રૂપ કનક જેહની, બત્રાસ લક્ષણ ગુણ તેહની. એવિ દિઠી તેતો નાર, તવ રાજાએ કરયો વીચાર; ભર નીંદ્રામાં તે કામની, પહેલી પોહોર ગઇ જામની; જોઉં કોણ આવેછે આંહ,મનુષ્યને ખાય છે કયાંહ; નારી પોઢીતી તે ઠાર, ત્યાંહ વસ્ત્રનો કરયો અંબાર;તે સેજ ઉપર જઇ ધરૂ,વસ્ત્ર તણું એક માણુસ કરયું પગે તે દીપક મુકીયો, તે પાછળ પોતે ઢુંકીયો, વાળ્યો કાછડો સુજ તે કરી બેઠો ખડગ ઉઘાડુ ધરી; ગઇ રાત અરધી જ્યારે, નીસરયો ઉદરમાંથી સાપ-ન દીઠું માણુસ નીસરયો બહાર, રાજાએ દિઠું તે ઠાર; આ પાપી તે માણુસ હણે

એનો દોસ મનમાં કોણુ ગણે મુક્યું ખડગ કરયા બે ભાગ, વીકરમે વધ કરયો તે નાગ; લેઇ કટકા બાધી ગાંઠડી, શીશ વાળી મુઠડી. એટલે વળતિ જાગી નાર, જેનું રૂપ છે અપરંપાર. પેટ માંહેથી વ્યાધી ગઇ, તારે કુંવરી સાજી થઈ; વારો ભરવા આવીયો, તેણે કહાડયો રોગ. બેઠો છે તે રાજવી, સુખે કર સંજોગ; પીતા માતા હરખ્યાં ઘણું, ઉલટ અંગ અપાર, ધસીને જોવા આવીયો કુંભાર કેરે ઘરબાર.

ચોપાઇ– તે રાજા વિક્રમ ગમ્યો, પ્રદક્ષણા દઇ પંથે નમ્યો; મહારી ઉતારી છે બહુ ગાળ, તમને પરણાવું હું બાળ. સાંસો મનમાં નવ કીજીએ, તે કન્યા તમો લીજીએ;થયો હરખને પુલ્યો રંગ, રાજાએ ઘેર માંડયો જંગ, પેહેલે દીન તો ગામજ ભોજન, બીજે દિવસ લગનનો દીન; તરીયા તોરણ બાંધ્યાં બારણે ઓછવ મંગળ તે કારણે, વીક્રમ આવ્યા પ્રજાપત ઘેર. માંડી વાત કહુ સઉ મેર;તમ પ્રતાપે વ્યાધી હણી, પ્રણાવશે પુત્રી તે તણી. તમ ઘેરથી ચડાવો જાન, રાજા આપણને દેશે માન; અરધું સોંપસે મુજને રાજ, સરયાં આપણ મનમાં કાજ. દોહરા–એવું તેણે સાંભળ્યું, તેણે ઢળીયાં ઘેરણ; સાસના વાસના ચેતના જાણે પામ્યા મરણ. જાણે વાણુજ ભુડીયું, એમ ત્રણે પડયાં કે જાણે કોઇએ લુટીયાં લીધા ચારે ભાગ; રાજા અચરત પામીયો, હરખ થયો ચીતભ્રમ;હેત આવે મુજ ઉપરે, બીજા નજાણે મરમ. ચોપાઇ– લાગ્યો ચાર પગે લળી લળી, એટલે સહુની મુરછા વળી કોહો તમને કેમ આવી લેહેર, કાહો મુજ ઉપર આણો મેહેરે. તે સાચુ ન કોહો જો મુને, સ્રી હત્યાદીક પાતિક તુને.

દોહરા–તારે દુખીયાં બોલીયાં, ભાગુ મુજ સંદેહ;મેં મોકલ્યો ભાઇ તુજને,મોટુ દુખ તો એક; કાલે તું પેદા થયો, ઘરમાં અમારા કાજ; જો તું ઘેર નાવતો પામત હું રાજ; તમે ગયા; તે હું જતે, પણુત કન્યા રૂપ; ભોગવત રાજ આ ગામનું, થઇ બેસત એમ ભુપ. અમો જાત ઘેર રાયને. ટાળત તરૂણી રોગ;તમો ઘેર પરણિ આવીઆ, આમ કર્મના ભોગ; વીક્રમ કહે કાં દુખ ધરો; કાં બોલે અન્યાય, સોંપુ રાજ એ નમતુ, પરણાવુ કન્યાય, દુખીયા માનો નહી,ન કરે કોઇ પરકામ; તેવો નર તો એક છે, વીક્રમ ઉજેણી ગામ.

ચોપાઇ–તમો કોહોનો તેહજ હશે, કામ તમારૂ નિસ્ચે થશે; અમરત સરખી તે તો વાચ, ત્યારે મંન્યું દ્રઢ ને સાચ, વાત;કરતાં દુખડું ગયું; વીતિ રાતને વાહાણું થયું, લગ્ન તણી માંડી તે પેર તેડુ આવ્યું પ્રજાપત ઘેર, કાલ વારો હતો જેહનો, આજ અરથ અમને તેહનો. રાજાએ ત્યાંથી મોકલ્યો, વર બેશી આવે એકલો. વીકરમે વિચારયુ સુત્ર; પાસે તેડયો પ્રજાપત પુત્ર, પોતાના પહેરાવ્યા શણગાર. ઘાલ્યો કોટે મુક્તા ફળ હાર. જેને ઘેર લક્ષ્મી પાણી ભરે,રૂપ કળા ગુણ વાસો કરે, જ્યારે

કરમ જેરાવર થયું, કરૂપ હતું તે નાશી ગયું;તે હાથીયે વરતો ચર, નિશાન ગાજે ને ગરગેંડે,વિવામાં તો શો વિસ્તાર, રીતભાતને કુળ આચાર; તે પુરૂષે કન્યા વરી. થયું સુખ આંતરડી ઠરી, તે સસરાની ભાગી દાઝ, ને નમનું સોંપ્યું રાજ.

દોહરા—રાજ લીલા ને ભોગવી, સુખ પામ્યો તે ચંત; દુખ તેનું ભાગીયું વીક્રમ પળીયા પંથ.

ચોપાઇ—એક મુકી દેશ બીજે લહે, નીશા પડે તાહાં વાસો રહે,હઇડા માંહે હરીનું ધ્યાન; હરસીધ તણું છે મન; આરગ વિષે એક આવ્યુ વન, તાંહાં નહી કોમાનવિ જન, દીઠું દેર સાક્ષાત; મુરતિ તેમાં અંબે માત; અદક્ષણું રહ્યું ત્યાં ઠરી, ભાવ ભગત શું પુજા કરી; એટલે નીશા પડી છે તાંહ. રહ્યા વાસો તે દેરા માંહ. અરધ નીશા તો જ્યારે ગઇ, તે સ્થાનક એક રચના થઇ; એક ખુણે પોહોડયો રાજન. આવે એક દિઠું વિમાન. તે દેરામાં એક ગુફાય, વીમાન પાધરૂં ચાલ્યું જાય. તે રાજા જેકતે રહયો. પાછળથી તે સાથે ગયો; ધરયું ધ્યાન હ્રદે વઇતાળ. વીમાન ગયું એવે પાતાળ; ગયું નાગપતીની પાસ, રાજા ઇંદ્ર કહે છે જાગ; તમને તેડે આપવા ભાગ, મળ્યા છે જેમ આપતી વાય; દેવ લોક ગાંધરવને દાય, તમને તેડવા આવીયો; કંઇકી રૂડી લાવીયો, માટે સઉ થાઓ તઇયાર,વીમાન પર થાઓ અસ્વાર.

દોહરો—નાગપતી તવ બોલીયો, સાંભળ દેવ વચન; માહારે તો માહા દુખ છે ગયો અમારો તન. વાડી તંબોળની, તાંહાં નીત રમવા જાય, તે રમીને આવે નહિ તાહારે મુકને આશ; આવો દિશે તંબોળમાં. કે કોઇએ કીધી ઘાત, તે ચંપો મુકી પડયો, તેને દિવસ થયા છે સાત. તેનો શોક હઇડા વિષે માહા દુઃખીઓ મન; પુત્ર વીજેગે કરી અમો, તજું નીંદ્રાને અન, જગનવીશે નહી આવીયે. જે કહેશો તે ફાક. સુત આવેથી સુખ થશે; ગયાથી થશે શોક; ત્યારે વિકરમ ચેતિયો, મન વિચારયું આપ,જે સરપ મેં મારીયો; તેનો તે આ બાપ;પ્રમાણ કરયો પ્રગટ થઇ;પાગ નમાવ્યું શીશ સુખ આગળ કટકા ધરા, રખે કરો તમે રિશ ઉજળી પત રાજીયો, વિકરમ માહારૂં નામ;માઠી મત મને ઉકેલી,કુડું કીધું કામ. પુરણ વાત માંડી કહિ નીપજ્યું જેટલું કરમ; સાચુ હું એ બોલીયો, ઇશ્વર વાહાલું ધરમ. નાગપતિ ઘણું હરખીયા રિઝ્યુ પોતાનું મન, ભલે લાવ્યો તું કકડા, હવડાં જીવાડું તન, આણિ અમરત સીંચીયું, ક્ષણુ ન લાગી વાર. આળસ મરડી ઉઠીયો નાગણનો જે બાળ; આનંદ ફેલ્યો અતિ ઘણો, શોભા નોતમ થાય; પંદર વરસની પદમની, ઘેર હુતીક ન્યાય પરણાવી રાજા વિરને, થયો ઘણો ધોંવાટ;આવો વિમાને બેશીએ લીજે સ્વર્ગ વાટ, નરપતિ વિમાને ચડયો;સાથે વિકરમરાય; જઇ પોહોતા ઇંદ્રાસને જ્યાં છે દેવ સમાય.ત્યાં ત્રીશ કરોડ મળ્યા દેવતા; નદી પર્વતને નાગ;વરૂણરાય અગ્નિ જેમ

કે પોતાનો ભાગ; સભા મધે સીંહાસને બેઠા ઇંદ્ર આસન, તેણુ વિક્રમ ઓળખ્યો, વાત વિચારી મન. એ માનવી કેમ આવીયો, તેનો સંદેહ થાય; એક પારખુ એહનું, કેવો છે એ રાય; છાબ ભરી તાંહાં હારની, તે આપી વિકરમ હાથ; લેઇ પહોચાડો સરવને, એમ બોલ્યો તે સાથ, રખે વિસારો કોયને, રખે વધારો આજ, એવામાં જો ચુકશો; નહી રહે તારી લાજ. વિક્રમ વિમાસી ઉઠયો, લીધું હરસીધનુ નામ, "ટાળો સંકટ મહારૂં રાખો મહારૂં માન. ધ્યાન ધરયું વૈતાળનું, ક્ષણ ન લાગી વાર; પ્રથમ આરોપ્યો ઇંદ્રને મુક્તફળનો હાર. માંડયો એક એક આપવા, ઠાલી થાય જવ થાળ; તવ હરિ લેઇ ઉમેરતો. વિર વૈતાળ;કોઇએ ભરમ જાણ્યો નહિ, પોહોતા હાર વિશેક; પ્રણામ કરયો જઇ ઈંદ્રને, વધ્યો હાર ત્યાં એક. સુરપતી ચરણે મુકીઓ, હરખ્યો સુર મહારાજ; વિકરમ કંઠ આરોપીઓ, પ્રભુએ રાખી લાજ, માગ માગ માગ કહે સુરપતિ, જે મન ઈચ્છા હોય; તુ છે પુત્ર મહારો, ખેદ ન કરશો કોય.

ચોપાઇ-તન વીકરમે જોડયા હાથ; ચરણે નમ્યો ઇંદ્રાણી સાથ, હું પુત્ર તમારો સહિ, કરૂં ભેટ એક તમને અહી; ઝાલ પેલી મુકી સાર, એમાં ગુણ છે અપરમ પાર. એ ઝાલ સોહાવે કાન, જોબન સદાયે રહેશે વાણ; હરખ્યાં ઇંદ્રાણી સુરપત જેહ, ઝાલ જોઇ સુખ પામ્યો તેહ, માગ માગ કહેછે તે સુખ, જે વાતે છે તમને સુખ.

દોહરા-પગે નમિ વિકરમ કહે, હું શેવક તમ અંશ; જો વરદાન આપોમુને, તો મુકાવો હંશ. હેત કરી છોડીયા, આપો અમુલક હાર; માન દઇ બોલાવિયા, ક્ષણું નવ લાગી વાર, કુંડળ પોતાના કરણનાં, આરોપ્યાં વિકરમ કાન;તેજ વધ્યું ત્રીલોકમાં ચરૂણ આકારે વાન પછે જગન પુરણ થયો,સહુકો થયા વદાય;વિમાન બેઠા દેવતા સહુ સ્થાનક તે જાય, હંશે હારજ આપીયો, વિક્રમરાયને ભેટ;લેઇ પધારો નગ્રમાં, દુઃખ સમસે સઉ નેટ.

ચોપઇ—માગી શીખને વીક્રમ વળ્યા; નાગપતીને સાથે પળ્યા; આવ્યા ઘેર જે નાગજ તણે, હંસ મુકાવ્યા કષ્ટે ઘણે, નાગજ કન્યા સાથે લીધ; પંથ કરવા માંડયો છે સીધ; પોતાના ઘરમાં થાપીયું, પુષ્પ એક નાગે આપીયું; રોપજો જઇ વાડીમાં ઝાડ, સોભા નઉતમ થશે તે ઠાર. દોહરા—કન્યા લેઇ ઘેર આવીયા, વાગ્યાં ઢોલ નીશાન જેવા ઇંદ્રાસન અવનવો જેવો ઉદીયો ભાણ. ગઇ વધાઇ ઉજણીમાં આવ્યા મહિપત માહારાજ; પ્રધાન પંડિત સામા ગયા કરવા રૂડાં કાજ; મોતીએ રાય વધાવિયા. રંગ મોહોલ અવાસ, ચાર રત્નો લાવીયા પહોતી મનની આસ.

ચોપાઈ-એક કુંડળને બીજો હાર, ત્રીજું પુષ્પને ચોથી નાર, એ વરણુ અઢારે નીરખીયું, સહુકોનુ મન હરખીયું આવ્યા રાજા સુખીયા થયા વ્યાધી રોગ તે સહુના ગયા; છે નગ્રમાં ગુણકા એક, કામ સમાન છે રૂપ વશેક; તેને ઘેર આતો એક નાર લેવી,મનમાં કરયો વિચાર; જો તુજ સાથે સાચી પ્રીત તો હું કહું

કહુ તે કરો એક રાત; રાજા હાર લાવ્યો હંસજ તણો, તે ઉપર મને પ્રેમજ ઘણો; તે લાવો જતન કરી પેર, તો આવો અમારે ઘેર; નહિ આવશો અમ મંદિર વળી, આજથી પ્રીતી આપણે ટળી; વિક્રમનો જોતા હું હાર, તો હું સબળો પામું ભાર; સ્ત્રીનો ગ્રહે કેમ ધરૂં, કાટ ભક્ષ નરીને મરૂં; તેણે ચેતવી એવી વાણ, તજુ પ્રાણ કહિ ગયો મશાણ.

દોહરા–તે નગ્ર એક વાણીઓ, તેને છે એક બાળ, લગ્ન સમીપે આવિયોતેદિન વિવાહ કાલ; તેણે હઠ લીધી ઘણિ, નવ સમજે તે સાન; રાજા કુંડળ લાવિયો, તે સોહાવો મહારે કાન, તે આવે તો જીવીયે, વાધે રૂપ અનુપ, નહિતો દેહ હમણાં તજુ, જઇ પડુ જળ કુપ; માત તાત ઘણું વલવલે, રોતો ન રહે તન; પરણ્યા ઉપર મન નહિ, મરવા ઉપર મન. નગ્રમાં ક્ષત્રી એક છે; બાંધે શુળ હથીયાર, ચાલે પાવે પલંગપર, સનમુખ ઉભી નાર; મુછે હાથ તે ઘાલીયો, સ્ત્રીએ કહ્યું એ ધુળ. પાણિ મુછનું તાહરે ખરૂ, જો લાવે વીકરમનું ફુલ; વારૂ કહી તે નિસરયો, મનમાં વિચારી વાણ, વિકરમ વાડી તાકતાં, નિસ્ચે જાએ પ્રાણ, જાઉ ઉઠી પ્રદેશડે, દુખ વેઠે કે સુખ, એ રાંડથી હારીયો, નવ દેખાડુ મુખ ચોપાઇ–એક બ્રાહ્મણકેરી નાર, વિધવા છે પણ એક કુમાર, લટકવાયો તેનો તન, નિતનીત રાખે અહકુ મન, રાજા વીકરમ લાવ્યો નાર, તે મારે મન પ્રેમ અપાર સ્ત્રી પરણુ ચતુર સુજાણ; નહીતર છાંડુ માહરા પ્રાણ, દ્રઢ વાચા સત વાચા ધરૂ, નાવે સ્ત્રી તો નીચે મરૂ. વીચાર કરયો તેની માવડી, કયમ વેહુ વ્યાધી આવડી, રાત અરધી ગઇ જ્યાહરે, સકળ લોક સુતા તાહરે; રાજદ્વાર ઓવી બ્રાહ્મણી, મહા દુઃખ દેશે હત્યામણી, ગળામાં ફાંસોઘાલીયો. રાજાએ દ્રષ્ટ ભાળીયો બાંધી ગળે તે ફાંસી ખાય, તે સમયે ઉઠયો વીક્રમરાય.

દોહરો–ધાડ વાળી ઘાટડી, કસીને બાંધ્યો કાછ; ખડગ ઉઘાડુ કર ધરયું, મહા ભયાનક લાછ. રચના જોવા નિસર્યો, વીક્રમે ધાર્યુ મન; ફાંસી લે છે બ્રાહ્મણી, ત્યાંહાં આવ્યો રાજન. જક્ષણી કે શીકોતરી, કે તું વ્યંતરી નામ; કહેશું દુઃખતુજને પડયું, પ્રાણ તજે આ ઠામ, મારગ જાતું તાહારે, તુજથી આવીવાજ; હત્યાઆપુ રાયને, તુજને શી છે દાજ.

ચોપાઇ–પગ ખેંચી ઊભો રહયો, માતા તે કારણમુજ; કહો સાચી મુજનેકહોને વાણે, આ વેળાની તુજને આણ. માહારેછે પુત્રજ એક, પ્રાણથી વાહાલોમુજવશેક; રાજા જે રાણી લાવીયો, મારો સુત જોવા આવીયો; તેને વાગ્યું મોહનું બાણ, વહાણામાં તે તજશે પ્રાણ, ત્યાર પહેલી હૂં તો મરૂં, તુજ સાથે બોલીશ પાધરૂ; રાજા વીકરમ ઝાલી હાથ, અમરત વચન બોલ્યા છે સાથ; બાઇ ચીંતા તજોને તમો, તેતો રાજા વિકરમ અમો. જઇ સંતોખો તમારો બાળ, આપો રાણીપ્રાજુસકાળ સંતોખી

વળી તે નાર. રાજા ચાલ્યો નગર મોઝાર; આગળરાયચાલ્યો જ્યારે, ક્ષત્રી પંથ દીઠો તાહરે, રાત સમે નિસર્યો કેમ આજ, શું ત્યારે છે મનમાંકાજ,સાચું બોલે ન કરૂં રીસ, નહીતર હવડાં છેદુ શીશ.ક્ષત્રી બોલ્યો સાચી વાણ, તુને ગમેતો લે ભાઇ પ્રાણ; અમો સ્ત્રીના મહેણા માટ રઝળવું પડશે વાટે ઘાટ, સ્ત્રીએ માગ્યું વિકરમનુ ફુલ, તેતે દુખ મુજને મહા સુલ. સાંભળી વાત તેના દુઃખતણિ, મન હરખ્યોઉજેણી ધણી, આપ્યું પુષ્પ મનાવ્યું મન, ઘેર વળાવ્યો પંથીજન.

દોહરા—વિકરમ રાજા એકલો, નિશ ચરચા તે જાય; વઢતો દીઠો વાણીયો,ત્યાં ટકી ઉભો રાય, ચોપાઇ—કહો ભાઇઓ વઢો શા માટ, અરધી રાતે શા ઉચાટ; બે મોહોટા એક નાહાનો તન, શું દુખ છે પુછે રાજન. શાથી બાળક નાહાશી જાય, શાની એને મન ઇચ્છાય. દોહરો—માત તાત તે બોલીયાં, ઇચ્છાબોધિમાન;કું કળ જે વિકરમ તણાં, તે જોઇયેછે કાન. માટે એ નથી પરણતો,તજે પોતાના પ્રાણ;હુંશ મોટી છે એહને; સાંભળ ભાઇ તું વાણ. અસ્વાગત તે તેની કરી, દીધી તેને ધીર; કુંડળ કાહાડી આપીયાં,એવો વિકરમ વીર; મન મનાવ્યું તેહનું ભાગ્યું તેનું દુઃખ, વળી રાય પંથે વળ્યો, કરવા જનને સુખ.

ચોપાઇ—ચાલ્યો રાય ચતુર સુજાણ, મારગમાં આવ્યું મશાણ; ત્યાંહા જુવે તો દીઠો જાર, દેહ તજ્યાનો કરે વીચાર, કાષ્ટ અગ્નિ ત્યાં એહઠાં કરિ,ચીતાપુંઠળપ્રદક્ષણા કુરી, કઠીતક જુએ હે રાજન,કરયું તેણે બળવાનું મન.રેહરે ભાઇ કરીશન ઘાત, તાહરા દુખની કહે ભાઇ વાત, ખરૂં ન કહોમુજને આપ આ તાહારીહત્યાનું પાપ. દોહરો—ત્યારે દુખીયોબોલીઓ, માહારૂ દુખ અપાર,માહારે હુંશ હઇડે ઘણી, જોઇએ રાજાનો હાર. તે ગુણકાને આપવો, તેને પાડી હોડ,તે આશા નોહોતીઅમતણી, રહયા છે મનમાં કોડ.માટે દેહ કષ્ટિ મરૂ, તેમાં નહિ સંદેહ, સમ દીધા માટે સાંભળો, મોહોટું દુઃખ છે તેહ. હાર અમુલ આપીયો, પલક ન લાગી વાર;મન મનાવિ મોકલ્યો, ગયો મંદિર તે જાર.

ચોપાઇ—પ્રાતઃકાળ થયા જેટલે, રાજ આવ્યો તેટલે; રાજ સભા બેઠો રાજન, તેડાવ્યો બ્રાહ્મણનો તન.કુમ કુમ ચંદન અરચ્યા પાય,દાશીદાન કરયું તેરાય. ઉપર આપ્યા લક્ષ પસાય, કીર્ત્તી નવક્ષી અતી શોભાય. નવા મહોલ સુંપ્યા ભંડાર. વસ્ત્ર સામગ્રી કણ કોઠાર. એવો તે વિકરમ દાતાર. સુખ કરણ દુખ ભંજન હાર.

દોહરા—ચરીત્ર એનું સાંભળી, દાતા આપે દાણ;કાયર તો માને નહિ, સામતો છંડે પ્રાણ. જુડાને જુઠુ વસે.સુરાને મન સુર. હરિજનને હેત નિપજે.નીરગુણ જનને નુર. વીકરમ મહિમા સાંભળે, નિરધન પામે ધન. મુરખ વિદ્યા પામશે. વંઝા પામે તન. દળીદ્ર દુઃખ વ્યાપે નહિ રોગ.સંપ સહોદરમાં ઘણું.મટે પુત્રમંત્ર વીજોગ.

એવું સાંભળી હેતથી, કરે પુન્ય મહાદાન; ફળ દરશન રેવા તણું, નાહે ગંગાસ્નાન.
નથી થયો અવની વીખે, સતવાદિ રાજન; એવા જે રાજા થશે, તે બેસે આસન.
સુખે બેસો રાયજી, દાતા એવા થાય; પરાક્રમ એવાં ન કરો તો નવ ધરશો પાય.
એમ કહીને પુતળી, આપે ગઇ આકાશ; એહ કથા પુરણ થઇ, કહે કવી શામળદાસ.
શ્રોતાવક્તા સમજતા, કહે કવીતા કરજોડ; શામળભટ કહે બોલજો, જયજય શ્રીરણછોડ.

ખુનીની ખોપરી ...	... ૦-૮-૦
વિષનો વરસાદ ...	... ૦-૮-૦
પાપનું પડીકું ...	... ૦-૮-૦
જગતનો જાદુગર ...	... ૦-૮-૦
સવારીરની શોધમાં ...	... ૦-૮-૦
ડાકટર કે દૈત્ય ...	... ૦-૮-૦
કપટસીંહ	... ૦-૬-૦
બેહી સુડદું	... ૦-૪-૦
સોળ વરસની સતી ...	... ૦-૮-૦
મેના શેઠાણી... ...	... ૦-૬-૦
સતિ તેજબા ...	... ૦-૬-૦
બરાસ કસ્તુરી ...	... ૦-૮-૦
ગજરામારૂ	... ૦-૮-૦
સદેવંત અને સાવલીંગા	... ૦-૮-૦
ગુલબંકાવલી ...	... ૦-૮-૦
બત્રીસ પુતળીઆંની વાતો ભાગ ૧ થી દશ ભાગ દરેકના ...	૦-૮-૦
ભયંકર ભુતાવળી ...	... ૦-૬-૦
ડીટેકટીવ કે દેવ ? ...	... ૦-૮-૦
ભજનસાગર... ...	... ૦-૮-૦
ભજન ભંડાર ...	... ૦-૮-૦
કૃષ્ણ સુદામા સચિત્ર...	... ૦-૧૦-૦

રાજભાષા (ઇંગ્રેજી સહેલાઇથી શીખવાનું સાધન	કી. ૦-૮-૦
સચિત્ર કોકશાસ્ત્ર	કી. ૧-૮-૦
હુન્નર પ્રકાશ	કી. ૨-૦-૦
રસીક ધોળ પદ	કી. ૧-૪-૦
સુડા બહોતેરી	કી. ૨-૦-૦
શુદ્ધ કાવ્યદોહન ૨ થી ૫ ભાગ	કી. ૨-૦-૦
ગીરધર કૃત રામાયણ ...	કી. ૩-૦-૦
તુલસી કૃત રામાયણ ...	કી. ૬-૦-૦
પૈસા કેમ કમાવા? (વ્યાપારી તાલીમ શીખવનારૂ સર્વોત્તમ પુસ્તક)	કી. ૧-૮-૦
સ્વામી દયાનંદનું જીવન ચરિત્ર	કી. ૨-૦-૦
નઝીર	કી. ૧-૦-૦
પંચીકરણ	કી. ૨-૦-૦
મોટી ગાયનમાળા બાર ભાગ	કી. ૦-૧૨-૦
,, ,, આઠ ભાગ	કી. ૦-૮-૦
,, ,, છ ભાગ	કી. ૦-૪-૦
મહાભારથ વલ્લભ વ્યાસનું	કી. ૬-૦-૦
વિવેકાનંદનું જીવન ચરિત્ર સચીત્ર	કી. ૨-૪-૦
સ્વામી રામતીર્થનું જીવનચરિત્ર	૨-૮-૦

પુસ્તકો વેચનાર વ્યાપારીઓને સુચના.

હાલમાં અમોએ સારાં, સસ્તાં અને સચિત્ર પુસ્તકો બહાર પાડયાં છે. નવાં નવાં સચિત્ર તેજદાર પુસ્તકો બહાર પડતાં જાય છે. આપ આપનું નામ નોંધાવશો તો છપાતાં નવાં પુસ્તકો જણાવતાં રહીશું.

ગામેગામ એજન્ટ જોઇએ છે.

તમો બીજો વ્યાપાર કરતા હો તેની સાથે વીસ પચીસ રૂપીયાના અમારાં સારાં સસ્તાં ને સચિત્ર પુસ્તકો રાખશો તો ટુંકી મુડીમાં ઘણો સારો નફો મેળવી શકશો.

ઉપરનાં તમામ પુસ્તકો તથા બીજા દરેક પુસ્તક મળવાનું સ્થળ.

બુકસેલર રણછોડલાલ મોતીલાલ શાહ.

રીચીરોડ—**અમદાવાદ.**

वांचो सचित्र **સતી સીતા.** ક્રી. ૦—૧૦—૦

(વાંચો) સચિત્ર રૂપવતી ચુડેલ ક્રી. ૦—૮—૦



(વાંચો) સચિત્ર દયાની દેવી ક્રી. ૦—૬—૦

(વાંચો) સચીત્ર કોણ ચાલાક ? ૦—૧૦—૦

બુકસેલર રણછોડલાલ મોતીલાલ, રીચીરોડ—અમદાવાદ.

આ બુક સુર્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં મુળચંદ ત્રીકમલાલે છાપી છે. કાળપુર ટંકશાળ—અમદાવાદ.